આદ્યાદ્યાદી

૧૯૩૪

લેખક

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

પ્રકાશક

મૂળશંકર સોમનાથ ભટ્ટ · વડોદરા

5/6-0

આ નાટકમાં આલેખેલાં બધાં પાત્રો કલ્પિત છે. કોઈ પોતાને
માથે પાઘડી પહેરી લે તેને માટે લેખક જવાબદાર નથી.

પ્રકાશનના તેમજ ભજવવાના સર્વ હક્ક લેખકને સ્વાધીન.
કર્તાની રજા વિના આખો નાટક કે એમાંનો ભાગ કોઇએ
ભજવવો નહિ.

પહેલી આવૃત્તિ

34052

મુદ્રક • બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી ૧૪૫૪ રાયપુર અમદાવાદ
પ્રકાશક • મૂળશંકર સોમનાથ ભટ્ટ, રાવપુરા વડોદરા

જરી વરાળ

ઇચ્છું છું કે સૌકોઈ આ આખું વાંચે. મારી પ્રાર્થના છે કે જરૂર વાંચે. આ નાટકમાં જે વસ્તુ છે એના કરતાં એની વાસ્તવિક સૃષ્ટિ અનેકગણી મોટી છે; એનો કંઈક નિર્દેશ આ લખાણ દ્વારા કરવા યત્ન કર્યો છે, એટલે આ વાંચવું આવશ્યક છે. નૅચરાલિઝમ, એક્સપ્રેશનિઝમ, રીઅલિઝમ, એક્સેન્ટ્રીસિઝમ; આયરૉનિક, કૉમિક, ઇરૉટિક કે મોરાલિસ્ટિક વગેરે ભાવોથી ભરપૂર રોમાન્ટિસિઝમ, સેન્ટિમેન્ટાલિઝમ અથવા તો એમાંના એક કરતાં વધારેના મિશ્રિત 'ઈઝમ'ના ભાગ–પેટા વિભાગની ચૂંથણી મને નથી આવડતી. બી.એ., એમ.એ.ના કોઈ અંગ્રેજી પાઠ્ય પુસ્તકના પૂંછડા રૂપે ગોખવા પડતાં ટીકાપુસ્તકોમાં એ વિદ્વત્તાભરી ચર્ચા જોઈ શકાશે. અત્રે એના વિદ્વત્તાભર્યા પિષ્ટપેષણથી અજાણ હું અપંડિત તો એટલું જ કહેવાનું નમ્ર સાહસ કરું છું કે એ અંગ્રેજી લેખકોની રહેણીકરણી, અંગ્રેજી મનોભાવનાઓ, અંગ્રેજી સ્થળસમયોના અંગ્રેજી તત્ત્વા-પોપાક વગેરે ઉપરાંતની પણ નાટકની સૃષ્ટિ છે. એનો ઇશારો માત્ર આ કૃતિમાં રજૂ કરવાનો પ્રયાસ છે.

અને આ નાટકના વસ્તુ વિષે હું તો એટલું જાણું છું કે એની વાસ્તવિક સૃષ્ટિ સંપૂર્ણ રીતે રજુ કરતાં આંખ કરતાં હાથ નિર્બળ નીવડ્યો છે. આ પ્રયોગમાંની હકીકત અધૂરી છે, આછી છે; ભાષા નબળી છે, ચિત્રો લૂલાં છે. રેલવેના કારખાનામાં રોજના જે જે બનાવો બને છે તે વિચારતાં મીલમજૂરો કરતાં એન્જિન ચલાવતા આગવાળાઓની સ્થિતિ

કોઈપણ રીતે વધારે સારી નથી એમ હું માનું છું. એ માટે એક જ ખ્યાલ કરો. હિંદુસ્તાનના દરિયાકિનારાથી પૂર્વપશ્ચિમના પચ્ચાસ સો માઇલો બાદ કરતાં મધ્યપ્રદેશમાં અને ઉત્તરમાં આડીઅવળી દોડતી રેાજની આગગાડીઓનેા વિચાર કરો. રાતદિવસ સડસડાટ ચાલતા એન્જિન પર આગપેટીમાં કોલસેા નાખનાર આગવાળાઓની સ્થિતિનેા દરિયાફ કરો. અમદાવાદથી દિલ્હી, દિલ્હીથી રતલામ, રતલામથી ગેાધરા, મુંબાઈથી છેક ખડગપુર, પૂનાથી મદ્રાસ, કટકથી કવેટા અને એમ હેકઠેકાણે બપેારના બારથી પાંચના ગાળામાં દોડતેા આગવાળેા; ગાડીઓ થંભી જાય એવી રજપૂતાનાની ધૂળ-આંધીઓ ચાલતી હેાય, ૧૦૦ ડિગ્રી ઉપરનેા તાપ જળસૂનાં મેદાનેામાં ધીકતેા હેાય, પવનનાં તોફાનેા વાવંટોળિયાઓ ફડફડી રહ્યા હેાય ત્યારે કઈ છાતીએ આગપેટી ખેાલી એમાં એ કોલસા નાખ્યે જતેા હશે ? તેમજ ચેામાસામાં અને કકડતી ઠંડીમાં અરધા ઉપરના ઉઘાડા એન્જિન પર મધરાતે, સામે પવને, ધુમ્મસ, ઝાકળ કે બારે મેઘ તૂટતા પાણીમાંથી સિગ્નલ જેનાર, કુટુંબકબીલેા તજી નેાકરીએ નીકળેલેા આગવાળેા કયા મનેાબળથી એ વેહ ઉઠાવતેા હશે ? આગપેટીના ઢાંકણા પાસે ગરમ રાખવા બાંધેલેા ચાનેા મેાટેા શીશેા, અને બે દિવસના ભાથા પેટે સાથે રાખેલા મેલાઘાણ ચીંથરે બાંધેલા રેાટલા, અને કોલસાઢગે ધૂળખાતું એનું બિસ્તર,—એટલું લઈ ઊપડનાર આગવાળેા હેાય છે તેા કોક કયાંક ગામડાનેા—ધારેા વડેાદરા પાસે ગેારવાનેા. મેાટું કારખાનું અમદાવાદ એટલે નેાકરીએ ચઢેલેા ત્યાં, આંટાફેરા મારતેા હેાય અજમેર ને સાબરમતી વચ્ચે, કારખાનામાં મુકાદમને કે ફેારમૅનને પૂરતી સલામી ને દર માસની ચેરીમની ન મળી તેા 'બદલી પડે' રતલામમાં, ને બેંચે કોટા રતલામ વચ્ચે ભારગાડી; એમ દેશ તેા બિચારાનેા કયાંય રહી જાય દૂર ને દૂર ! અને એને માથે ધણી પણ અનેક, પણ સૌથી નિકટનેા ધણી

તો દરાવર. એ એનાથી દશગણો પગાર ખાય એટલે હોય દારૂનો શોખી. ઢીંચીને એ જે દિવસે નીકળ્યો તે દિવસે જુઓ આગવાળાના હાલ! એ દરાવર સા'બ એને મારે, ગાળો દે. દર બેચાર મિનિટે કોલસાના પોવડાની આહુતિ અગ્નિદેવને ચઢે નહિ તો પૂરતી વરાળ નહિ થતાં ગાડી ટાઇમસર દોડે નહિ; અથવા તો ચાલતી ગાડીએ એન્જિનમોળે અગાડી એક હાથમાં બત્તી અને તેલની કુપ્પી લઈ સંચાસાંધણુમાં બરાબર તેલ પુરાય નહિ તો ગાડી બરાબર ચાલે નહિ; અને ગાડી ટાઇમસર કે બરાબર દોડે નહિ તે વખતે દરાવર સા'બના ઊછળતા પિત્તાનો, ચાલતી ગાડીએ આગવાળા ઉપર પડતા ત્રાસનો—એની મુસીબતોનો, હાડમારીનો, જીવ-જોખમનો ચિતાર આ આટલા નાટકમાં શી રીતે અપાય? રેલવેમાં ચાલતા દારૂના સામ્રાજ્યનો—પડતે વરસાદે ટોપલા ભરી એન્જિનની કોલસાટાંકી ભરવાનો અને બીજી અનેક નાની જીવલેણ જોહુકમીઓનો ખ્યાલ આટલા નાના નાટકમાં શી રીતે આપી શકું?

અને એ આગવાળાનો પગાર! વર્ણાંતરના ઝગડામાં પડનારાઓને માલૂમ થાય જે રેલવેની સૃષ્ટિમાં આગવાળાઓ અને ડ્રાઇવરોમાં અ, બ અને ક વર્ગનું ચામડીધોરણ છે. ગોરો એ તો સૌથી ઊંચો, શ્રેષ્ઠ બ્રાહ્મણ—એ ક્લાસ. એનો પગાર સૌથી વધારે. બ–તે બી ક્લાસ; તેમાં નહિ પૂરો ગોરો, નહિ પૂરો હિંદી એવાનો સમાવેશ થાય છે. તે ઉપરાંત 'ક' માંનો જરા ધોળી ચામડીવાળો વર્ગ બૂબ જ મરકા મારી તેમજ ધનકોથળીને પ્રતાપે કે સોની લીલી નોટને પ્રતાપે બ વર્ગ સાધી શકે છે. અને ક તે કાળો વર્ગ—સી ક્લાસ. એના પગાર પણ ઓછા; હક્ક પણ ઓછા. અને વળી એ ક્લાસના ગોરાદેવોની વારેઘડીએ 'કાલે આદમી—બ્લડી સ્વાઈન' એવી પ્રસાદ લ્હાણી લીધા કરે એ તો નફામાં. ચામડી

ધોરણ તો કંઈ રેલવેમાં જ ઓછું છે ? બધે છે. સુશિક્ષિત અને સુધરેલી ગણાતી આવી સુવિખ્યાત મુંબાઈ યુનિવર્સિટીમાં પણ છે એ તો '૩૩ની જૂનમાં એક સેનેટ મીટિંગમાં એક સભ્યે પોતાના ભાષણમાં આબાદ સાબિત કર્યું હતું. પણ છાપેલા દફતરે એ ભેદનાં એ બી અને સી એમ વર્ગનામ પાડવાની પ્રથા વધારે પ્રસરેલી તો રેલવેના વહીવટમાં જ છે. તે ઉપરાંત બીજા પણ જાતજાતના ગ્રેડભેદ પણ છે, એ તો રેલવેનો વહીવટ તપાસતાં કોઇને પણ જણાઈ આવશે. એને અંગે નીચા ક્લાસના માણસને વધારેમાં વધારે મજૂરી અને ઓછામાં ઓછો પગાર તો યાવચ્ચંદ્ર-દિવાકરૌ સુધીનો નિર્માણ.

રનિંગ શેડ એટલે કારખાનું. પરેલ, વલસાડ, વડોદરા, અમદાવાદ, સાબરમતી, અજમેર, બાંદીકુઈ, ગોધરા, દાહોદ, રતલામ, શામગઢ, કોટા, ગંગાપુર, મથુરા, દિલ્હી, આગ્રા, પૂના, કલ્યાણ, ભૂસાવળ, સોલાપુર, રાયચુર, રાજકોટ વગેરે અનેક સ્થળે આવેલા 'રનિંગ શેડ'—એન્જિનોનાં કારખાનામાં ચાલતી અનેકવિધ પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવા જાહેર જનતાને વિનતિ કરું છું. તાજ સાંચી કે અજન્તા, જયપુર ભોપાળ કે ઉદેપુર, ડાકોર દ્વારકા કે વૃંદાવનમથુરા; બોલપુર, બનારસ કે હરદ્વાર વગેરે કલા-યાત્રા કે વિદ્યાધામો જોવા જનારા શોખીનો આ કારખાનાંઓના કાળા અગ્નિમંદિરમાંની દેશી મહેનતમૂર્તિના વાગાસાજનું તથા એના પ્રસાદપીણાનું તથા એની વહીવટવ્યવસ્થાનું અવલોકન, એક ખાસ અભ્યાસનો વિષય માનીને કરે, એવો તેઓને નમ્ર આગ્રહ કરું છું.

તેમજ ટ્રાફિકમાં સ્ટેશન, સ્ટેશન માસ્તરો, ટિકિટ કલેક્ટરો, કૅબિન, ગુડ્સક્લાર્ક, સાંધાવાળાઓ, સાફ કરનારાઓ, ચહાના સ્ટૉલવાળાઓ—વળી એમની સાથે સીધા વહીવટમાં આવનારા લોકોખાતામાંના કૅરેજ એક્ઝામીનરો, શંટરો વગેરે અનેકની વ્યવહાર ખટપટો પણ રસભરી છે.

તેમાં મુસાફરોને કનડવામાં ટૂંકા પગારને લીધે પૈસા કઢાવનારા ટિકિટ કલેકટરોની અને કામના બોજાથી લદાઈને મુડદાલ બનેલ સ્ટેશનમાસ્તરોની તુંડાઈ, તુમાખી અને બેદરકારીના દાખલા તો ઠેરઠેર મળી આવશે. એ વાતાવરણ જ જુદું છે, દુનિયા જ જુદી છે, વ્યવહાર જ અનોખો છે. એ સઘળું ઝીણી આંખે તપાસવા રસિક વિદ્યાર્થીઓને હું વિનતિ કરું છું.

મુંબાઈ યુનિવર્સિટીમાં બી.એ. ની પરીક્ષા પસાર કર્યા પછી વધુ-લાતના અભ્યાસ માટે ઘસતા ટોળામાંથી બકાત રહેલો ભાગ બેમ.એ. ના અભ્યાસ માટે નજર દોડાવે છે. એમાં એક બાતામાં વાણિયા, બ્રાહ્મણ, નાગર, કોળી, દુબળા, ચોધરા વગેરે ન્યાતજાતની પંચાત ઉપર તેમજ તેના જૂના ઇતિહાસ ઉપર પાંચ પચ્ચીસ અંગ્રેજી લેખકોના મતવજનના ટેકા સાથે કરેલા સંશોધન લખાણો માટે પણ બે ડિગ્રી આપવામાં આવે છે. એ અભ્યાસને સમાજશાસ્ત્રનો અભ્યાસ કહેવામાં આવે છે. દાખલા તરીકે વાણિયા તે શ્રીમાળી કેમ?—શ્રીમાળ કયાં? આવ્યું કયાં? હતું કેવું? ભાંગ્યું કેમ? ત્યાં વસનારા ગયા કયાં? કીધું શું? પહેર્યું શું? વિચાર્યું શું? વેપાર શાનો? વગેરે અનેક માહિતીઓ બેકઠી કરનાર 'વિદ્વાન' કહેવાય છે. એવા સમાજશાસ્ત્રીઓને આથી વિનતિ કરું છું કે ભૂતનું જ્ઞાન આપનું બહુ સરસ; પરંતુ આગગાડી રેલવે બે જ બેક આખી વર્તમાન સમાજસૃષ્ટિ છે તે તરફ; તેમાં આ નાટકમાં આવતા બેક જોડ્સ સાથના જાતભાઇઓની જે બેક જુદી જ ન્યાતિ રેલવેમાં પોતાનું પંચ જમાવી રહી છે એમનો નથી કોઈ દેશ, નથી પૂરી ભાષા, નથી પૂરો પાધરો પહેરવેશ, શિક્ષણ તો એવું કે જેના આચારવિચારના ભોગ બીજા બનેક બને છે, એ કોમના રચાતા બંધાતા ઇતિહાસ તરફ, એમના સંમિશ્રણ તરફ એના સદ્‌શિક્ષણ તરફ તમારી વિદ્યાનાં કિરણો ફેંકશો તો બેક વર્ગના પગ નીચે ચગદાતા બીજા વર્ગને કંઈક રાહત મળશે અને સાચી

34052

જ્ઞાન સેવા થશે એવો નમ્ર દાવો અહીં અસ્થાને નહિ ગણાય.

પણ ભલા! એ ક જાતમાં યે 'અ' જાત એટલે ઊંચી ગણાતી જાતમાંથી —અને ખાસ કરીને ઑક્સફર્ડ તથા કૅમ્બ્રિજ જેવા કહેવાતા વિદ્યાધામોમાંથી—દર સાલ જે જુવાન અમલદારો અહીંની રેલવેની વ્યવસ્થા કરવા મોટી ખુરશીએ આવી બેસે છે, એમના ખુદ હસ્તાક્ષરોનાં થોકડાબંધ લખાણો વ્યાકરણના નિયમોને તો રજભાર સ્વીકારતા જ નથી, તો પછી વાર્તાલાપમાં તો જે.સી. નેસફીલ્ડ કે પી.સી.રેનને ઠોકરે મારે એ તો દેખીતું છે. તેમાંના એ ક. જાતના સદ્‌ગૃહસ્થો વાર્તાવ્યવહારમાં જે ભાષા વાપરે છે એનો ખ્યાલ આ નાટકમાં શી રીતે આપી શકું? બોચોબીચ ગાળાગાળીથી ભરેલી એમની અપશબ્દોથી અલંકૃત સરસ્વતીની અંગછટા—બ્લડી, ફૂલ, ડૅમ, નીગર વગેરે જૂજ અતિજૂજ પ્રમાણ સિવાય આ નાટકમાં યથાસ્થિત નથી ઉતારી શક્યો એટલા પ્રમાણમાં આ લખાણની ભાષા નબળી લૂલી અને નીરસ છે. ~~એમના~~-સાહેબે વાપરેલી ભાષા તો સાગરમાં બિન્દુનું પ્રમાણ.

નાટકમાં સ્ટેશન માસ્તરો બે છે. એક સારો, બીજો ખરાબ. રેલવેમાં જાતજાતના સ્ટેશન માસ્તરો—પારસી, બનાવલા, વાણિયા, ગોવાનીઝ, દેસાઈ, પાટીદાર, બ્રાહ્મણ, મુસલમાન, હિંદુસ્તાની વગેરે હોય છે. કોઈ કશું પોતાને માથે વહોરી ન લે એટલે એમને બનાવો જ રાખ્યા છે. એકને ડેપ્યુટી તરીકે ઓળખાવ્યા છે, બીજાને આસિસ્ટન્ટથી ઓળખાવ્યા છે. ડેપ્યુટી તે સારો. આસિસ્ટન્ટ તે ખરાબ.

ગુલામમહમ્મદ અને અબ્દુલ કરીમ મૂસા એ બે મુસલમાન પાત્રો પણ આવે છે. બંને સારું ગુજરાતી બોલે છે, એટલું જ નહિ પણ એકાદ વખત તો એમના મોંમાંથી ભગવાન બોલ પણ નીકળી જાય છે. એ સંબંધી એટલું જ જણાવવાનું કે મજૂરની જાતિમાં હિંદુ મુસલમાનના ભેદભાવ

નથી. ઘણાં કારખાનાંઓમાં ગુલામમહમ્મદ જેવી અનેક વ્યક્તિઓ હજી હયાત છે. સાથે બેસી સૂકા રોટલો મુખમંતોષથી ખાય છે. દોડતે એન્જિને, લોખંડની બાજઠે, કોલસાના ઢગ પર, એન્જિનની પાછલી ટાંકી પર સાથે ખાતાપીતા હિન્દુ મુસલમાન જિજ્ઞાસુ આંખને ઓછાં નજરે નહિ પડે. ઢોરની લાવ લઈ જા કરનારા મૂસા જેવા મુસલમાન કમારીઓની પશુભક્તિ રેલવેના અનેક હિન્દુ નોકરોની પાશવવૃત્તિ કરતાં અનેકગણી અધિયાતી ઉઘાડી આંખને લાગ્યા વિના નહિ રહે. ગાયભેંસ, અને ઘોડાબકરાંના રેલવેની સૃષ્ટિમાં ગણાતા 'લાઇવસ્ટૉક' કરતાં ભોટરોના 'ડેડસ્ટૉક' ઘણી ઉતાવળે અને સુરક્ષિત રીતે લઈ જવામાં આવે છે. એવી સૃષ્ટિમાં આ બે ગરીબ મુસલમાનોને તો બધામાં એકસરખો જીવ લાગે એ સ્વાભાવિક છે.

એવી વૈવિધ્યવાળી છે રેલવેની સૃષ્ટિ. પણ એમાં સૌથી વધારે કરુણ દૃશ્ય મને આગવાળાનું લાગ્યું છે. ગિરમિટિયા મજૂરો, ચાના બગીચામાં કામ કરનારા મજૂરો, કે સોના હીરા કે કોલસાની ખાણોમાં કામ કરનારા મજૂરો કરતાં તે વધારે દુઃખી નથી એ હું કબૂલ કરું છું. દુઃખીમાં દુઃખી એ નથી એ ચોક્કસ, છતાં આગવાળા તરફ આપણું ધ્યાન જોઈએ તેટલું ગયું નથી એમ મને લાગવાથી આ પ્રયત્ન કર્યો છે. બીજા વર્ગમાં એક જ રાતની મુસાફરીમાં સંજોગવશાત ઉપરનો અર્થ મળતાં શેખી કરનારા કે 'મારાથી રાતની મુસાફરી તો થાય જ નહિ', 'મને ગાડીમાં તો ઊંઘ આવે જ નહિ' વગેરે પતરાજી કરનારા બળદ, ઘોડાં કરતાં યે બેહાલ થતા એમના જેવા માણસો જ એમને ખેંચી રહ્યા છે એટલો વિચાર કરે તો જરૂર એમને નિરાંતે ઊંઘ આવે એટલા માટે પણ આ કૃતિ યોજી છે.

એમાં મુસાફરોની નપાર અગવડો અને હાડમારીનાં ચિત્રો તો રહી જ

જાય છે. તેમાં યે બાપુની સુદ્ધિયાની અને અલાયદી બાપબુદ્ધીવાળી તથા બટપટિયણ ગાડી ઉપર તો એક અનોખું જ પ્રકરણ થાય. એવી એવી અનેક વસ્તુઓ બાકી રહી જાય છે. એ સૃષ્ટિના એ લાંબા પરવિસ્તારમાંની બબ્બર વસ્તુઓકમાંથી બે ત્રણ કલાકના નાટકમાં કયો વિભાગ સંપૂર્ણ બતાવી શકું? એટલે જ કહું છું કે આ નાટકની વસ્તુ કરતાં વાસ્તવિક સૃષ્ટિ અનેકગણી મોટી છે; એ તો વ્યાસ કે વાલ્મીકિની કલમે જ સુંદર દરણુરસ પ્રધાન એક રસિક આખ્યિય પુરાણ લખી શકાય; હું ક્યાં?

વળી કોઈને આ નાટકમાં અતિશયોક્તિ નહિ જ લાગે એમ માનું છું. ગાય, બૅસ અને અકબરના 'રનગ્રોવર'ના એટલે ટ્રેન નીચે કપાઈ જવાના કેટલા યે તારો ડી.ટી.એસ.ને ડી.એલ.ઓ.ની ઑફીસમાં નજરોનજર વાંચ્યા છે. પંદરેક રનિંગ શેડોમાં મહિનાના મહિના ભટકયો છું. સો દોઢસો માઈલ એકી વખતે ખરે બપોરે ને ટાઢમાં એન્જિન ગાડીઓ દોડાવવાનો લહાવો લીધો છે. મેલ ટ્રેનને સ્ટાર્ટ કરવાને રેગ્યુલેટર નમાવવાની બેહુંદી પણ કરી છે. કોલસાના પાવડા તો હું મુડદાલ ઉપાડી જ કેમ શકું? છતાં એક વખત એ પ્રયોગ કરીને પણ બાવડાં દુખ્યાં છે. દરાવરખાનાં જોયાં છે; એમાં સૂતો છું. રેલવેના કહેવાતા મોટા ઓફિસરોના કડવામીઠા અનુભવો લીધા છે, જાણ્યા છે. કૅબિનોમાં સાંધા ખેંચ્યા છે. સિગ્નલો પાડ્યા છે, ઉપાડ્યા છે. કૅન્ટ્રોલ ઑફિસોમાં દોડતી આગગાડીઓનાં આદ્યચિત્રાંકણો નિહાળ્યાં છે. ગુડઝયાર્ડમાં નંબરટેકરોની અવદશા, કૅરેજ સ્ટાફમાં 'મીનીઅલો'ની મુસીબતો, કારખાનાંઓમાં કોલસાવાળાઓની 'કલીનરો' કલીનરોની લાડમારી આંખે ધરાઈધરાઈને જોઈ છે. નવાબી, જેહુકમી, વેઠ ને બટપટો બૂબબૂબ જોઈ છે. કેકડેકાણેની—અનેકની કેફિયતો સાંભળી છે. રેલવેની સાધારણ લાંચરૂશ્વતો તો છચ્ચોક જાણીતી વાત છે, પણ નોકરું મેળવતાં કે ગુનો થતાં નોકરું કાયમ રાખવા અને એક

પાયરીથી બીજી પાયરી પર ચડતાં મોટા સાહેબોનાં ગજવામાં સરતી રૂમઝમાંચો કઈ અને કેવી રીતે, તેમજ કયાં સરી છે અને સરે છે તે પણ જણાવ્યું છે. એન્જિનીઅરીંગખાતું, બ્રિજ કંટ્રાક્ટરો, રેલિગ્રાફ ઇન્સ્પેક્ટરો વગેરેની પેટાસૃષ્ટિ વણી લીધી છે. મુસાફરોની ગંદકી, નારંગીનાં છોતરાં એટલા ત્યાં જ નાખવાં, થૂકવું, ઓકવું, પાણી ઢોળી આખી જગ્યા અગવડવી, મોટા તાવદાન જેવા સામાનના દાગીના બનાવી બીજાઓને અગવડ કરવી, એ તો ત્રીજા વર્ગની સાધારણ વાત છે. એક બર્થ પર મૂઠને ત્રણ ખાલી છતાં રાતના ઈસ્ટિાપરી ચડાવી મૂઢ રહેવું, રેલવેના નોકરોની જગ્યા પરની મૉનોપલી, બીજાને અગવડ પડે તો યે દીવો ઝગઝગતો રાખી ઊંઘમાં ડખલ કરી ગાળાગાળીભરી વાતો કયાં જ કરવી, એ બીજા વર્ગની પણ સાધારણ વાત છે. તેમજ ગોરા કે કાળાની-પરદેશી કે દેશીની આરંભાનમાં ચઢી બેસવાની તુમાખી, મોઢા પર તરવરતો પૈસાનો છાક, મોટાઇના સર્ટિફીકેટરૂપ પોતે સંપાદન કરેલી ગાદીની બેઠકનું ગુમાન, બીજા કે ત્રીજાવર્ગના અણઘડ ઉતારુને હાથે ભૂલેચૂકે ઉતાવળમાં ઉદ્ધામવર્ગનું બારણું ઉઘાડતાં મુખારવિંદથી પ્રગટ થતાં તિરસ્કાર અને તોછડાઇ, એ પણ ઘણે ભાગે પહેલા વર્ગની સાધારણ વાત છે. એ બધી અવનવી સૃષ્ટિ જોયા પછી ઉત્તર હિન્દમાં ટાઢથી થથરી રેલવેના નોકરોને કૂવાઇને મરી જતાં જોયા પછી, અને તાપમાંથી આવી લૂ લાગીને કારખાનામાં પહોંચતાં મરી જતા આગવાળાઓ જોયા પછી—અને એવા અનેક દાખલાઓનો આલેં સરવાળો કયાં કરવા બેસું?—એવી અનેક કંપારી ચઢે એવી વસ્તુઓ જોયા પછી આ નાટકમાંની વસ્તુ મને તો નજીવી જ લાગે એ સ્વાભાવિક છે; એટલે આ કૃતિમાં કોઇને વધારે-પડતું નહિ લાગે એવું મારું દૃઢ માનવું છે.

વળી આ નાટકના વસ્તુ માટે ઉપર જણાવેલી રખડપટ્ટી ઉપરાંત

કેટલાક સ્ટેશન માસ્તરો, ડેપ્યુટીઓ, કૅરેજ એકઝામિનરો, તેમના સ્ટાફનાં માણસો, ડ્રાઇવરો, આગવાળાઓ, ગાર્ડો, લીવરમેનો, નંબરટેકરો જુદી-ઑફિસોના કલાર્કો, તેમાં ખાસ કરીને રેકૉર્ડ કલાર્કો, સ્ટોરકીપરો, કેબિનવાળાઓ, કૉન્ટ્રોલરો એ સૌએ વારંવાર વાતચિતો દરમિયાન જે હકીકતો પૂરી પાડી છે એ માટે એ બધાનો અત્યંત ઋણી છું. એમાંના કેટલાક તો મારા ખાસ સ્નેહી છે, કેટલાક તો મુરબ્બી પણ છે. એ બધાનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. એમના નામની ટીપ અહીં મારે મૂકવી જ જોઇએ, પણ વ્યવહારૂ ડહાપણ ના સૂચવે છે. એ નામો મૂકું ને એમની નોકરીને જ ધોકો પહોંચે તો? રેલવેનો વહીવટ ચાડી-ચુગલીથી પૂરો ભરેલો; રજનું ગજ કરતાં વાર નહિ; ઉપરી અમલદારોના કાચા કાનનો લાભ લઈ નાહકનો ગરદન મરાવવામાં પણ ખાંચકો નહિ ખાય એવા પણ બહુ; ત્યાં એ નામો નજરે ચઢતાં જ એમના પર અમલદારોની ધતરાજ વધારવા માટે નીકળી પડે એવી રીતે એ ભાઈ-ઓનો રોટલો જોખમમાં આણવા જેવું મારે હાથે જ કરું તો મારા જેવો કૃતઘ્ની બીજો કોણ? એટલે ચાટલેથી જ સંતોષ માનું છું.

અને હવે છેલ્લી વાત. આ નાટક લખ્યું છે ભજવવા માટે જ. એમાં પાત્રો ઘણાં છે, દૃશ્યો કંઈક અર્વાળ છે. દૃશ્યોમાં ક્યાંકક્યાંક ખાસ પ્રકારના અવાજ ઉત્પન્ન કરવાનાં સાધનોની મુશ્કીબતો જાણું છું, પરંતુ દર સાલ સ્નેહસંમેલનોમાં તખ્તો બાંધવા પાછળ કૉલેજના વિદ્યાર્થીઓ જે ખર્ચ કરે છે એવી બેત્રણ રકમોનો સરવાળો કરે તો મોંઘું નહિ પડે. પહેલું દૃશ્ય જરા પણ મોંઘું નથી. ઝાંપો બનાવી શકાય, કૂવો બતાવી શકાય, કોટડી રચી શકાય. બીજું, પાંચમું અને સાતમું તો સહેલાં છે. ત્રીજું ચોથું કંઈ અઘરું નથી. ફક્ત દીવા ગોઠવવાની આવડત જોઇએ.

એક કાળો પડદો જોઇએ. દૃશ્ય બદલવા માટે ત્રણ નાનાં દૃશ્યો પૂરતા વખતનાં રાખેલાં છે. રેલવેની ખાસ સાધનસામગ્રી, બત્તી, કપડાં, વાવટા, ફર્નિચર, ટેલિફોન વગેરે બાલુ નાટકોમાંના ભભકાદાર રાજાના જામા કરતાં ભોંઘાં નહિ પડે. ધ્વનિપ્રયોગ જોકે અઘરો છે. આગગાડી આવવાજવાના અવાજ પણ કેળવાએલો કાન એ ક્રમમાં રજૂ કરી શકે. છતાં કોઇ ઉત્સાહી ટોળીને જો કાંઇ મુશ્કેલી નડે એનો બનતો તોડ કાઢી આપવાને હું તત્પર રહીશ. પાત્રો ઘણાં છે એ ખરું, પણ એક જ વ્યક્તિ હોશિયારીથી બેત્રણ પાઠ કરી શકે એમ છે. કલીનશેવ, મુસાકરેલ અને બિમ્મારીઓ તો તેના તે જ થઈ શકે. પાત્રોની ભાષા પૂરતા પ્રમાણમાં તળપદી નથી કરી, પરંતુ ભજવતી વખતે યોગ્ય ઉચ્ચારના ભાર સાથે કરી લેવી એવો મારો નમ્ર આગ્રહ છે. ગુલામમહમદ તો લગભગ શુદ્ધ ગુજરાતી ઉચ્ચાર જ બોલે. કારખાનામાં જાતજાતની પ્રજા-પચરંગી ખીચડો-એટલે ભાષાના ઉચ્ચારનું વૈવિધ્ય બતાવવાના પ્રસંગાનુસાર રાખવામાં વાંધો નથી. તેમજ આ નાટકમાંના સ્ટેશનને ગુજરાતનું કે બીજા પ્રાંતનું અમુક જ સ્ટેશન માની લેવાની પણ જરૂર નથી.

અને દર નાટકમાં જે કહું છું તે આજી પણ ફરીને કહું છું કે સ્ત્રીઓનો પાઠ સ્ત્રીઓ જ ભજવે.

ગુજરાતમાં એક સુંદર અને ભવ્ય નાટ્યમંદિર બાંધવાની મારી હોંશ મેં ક્યારની જાહેર કરી દીધી છે. એ સપોરમો દિન ક્યારે આવશે—કોણ જાણે! પણ જો મારું મનમાન્યું નાટ્યગૃહ હોય તો આ નાટક ભજવતી વખતે શરૂઆતમાં બાલુ નાટકશાળાઓમાં ત્રણ ઘંટડીઓ વગાડવામાં આવે છે તે ન વગાડતાં રેલવેમાં વાપરવામાં આવતા સ્ટેશન-ઘંટ જ વગડાવું;

મારા મનમાં જીત થયેલું પુસ્તક પ્રાપ્તિસ્થાન અમારે આનાવાળાનાં મેસા

પ્રથમ પહેલાંનિ ૪ એમને હાથે વેચાણું; દરબાસ પર ટ્રિપિટ કોમાદા-
ઓને દેશમ ઉપર બોલામાં આવતા ટ્રિપિટકોપરનો પહેલોમેસ પુરોણું:
કોમના દાયમાં ચોદમેદ આનુની-પંચ આપું; અને બાદની ટ્રિપિટા વેચવે
ટ્રિપિટો કોની ન બદિ બનાવું? કોમવરસ્યુ બોલો દોસદ મારે ગાય ગાડે
તો ઘરબોનિયમને તો નિરાંતજિવ આપું. મારું પોતાનું બાદસ્યુદ્ધ હોય તો.
હો—કું કું નહિ કું?

ચરકવદન મહેતા.

શબ્દસૃષ્ટિ

[શબ્દકોષ ફક્ત સાહિત્યની દુનિયાનો જ હોતો નથી. સાહિત્યની સૃષ્ટિમાં પણ કેટલીક સાહિત્યની કૃતિઓમાં પાછળ એમાં લેખકે વાપરેલા ભારે શબ્દોના અર્થ આપવામાં આવે છે. અને ઘણીવાર તો એ અર્થમાં અપાતા સહેલા શબ્દો મૂળ કૃતિમાં વાપરવામાં આવે તો કૃતિ વધારે સારી થાય. પરંતુ અહીં એથી ઊલટો ક્રમ છે. સાહિત્યની દુનિયામાં તેમ જેલ દુનિયામાં, મીલ દુનિયામાં, આગગાડીની દુનિયામાં સૌસૌનો ખાસ શબ્દકોષ હોય છે. એમાંના કેટલાક શબ્દોનો ઉપયોગ નાટકના વાતાવરણ માટે આવશ્યક હોઈ ખાસ કર્યો છે; અને તેથી તેમની સમજૂતી અહીં આપવી જરૂરની લાગી છે.]

ડ્રાવર: ડ્રાઈવર, એન્જિન ચલાવનાર.

લાઇટ એંજીનઃ ભાર વગર એકલું દોડતું એન્જિન.

ડ્રાવરખાનાઃ ડ્રાઇવરોને રાતવાસો કરવા બાંધેલું મકાન.

ડૉલણૉયઃ ડ્રાઈવર વગેરેને કોને કઈ ગાડી લઇ જવાની છે તે કહેવા જાય એમને બોલાવવા જાય, રાત્રે જગાડવા જાય, વગેરે કામો કરનારો ડ્રાવરખાનાનો નોકર.

ટરનેબલઃ ટર્નેબલ. એન્જિનનું મોઢું એક દિશામાંથી બીજી દિશામાં ફેરવવાનું, ગોળ ખાડામાં પાટા નાખી તે પર ચેડાંવાળું ફરતું ટેબલ.

લોકોઃ Loco. આગગાડીની સૃષ્ટિમાં મુખ્યત્વે બે ભાગ હોય છે. લોકો અને ટ્રાફિક. પછી એન્જિનીઅરિંગ, મેકિનકલ વગેરે. ટ્રાફિક તે સ્ટેશન અને તેને લગતો વહીવટ કરનારું ખાતું. લોકો–તે એન્જિનની

સાફસૂફ, મરામત કરનારું ખાતું. ડ્રાઇવરો, આગવાળાઓ, સફાઈ-વાળાઓ એ બધા એ ખાતાના જંતુઓ છે.

ડી. એલ. ઓ.: તે ડિસ્ટ્રિક્ટ લોકો સુપરિન્ટેન્ડેન્ટનું ટૂંકું નામ. અમુક ભાગના લોકો ખાતાનો ઉપરી.

ડી. ટી. ઓસ.: ડિસ્ટ્રિક્ટ ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટ. ટ્રાફિક ખાતાનો ઉપરી. કેટલેક ઠેકાણે આ બંને ખાતાં એક જ ઉપરી હેઠળ પણ હોય છે. ત્યાં ટ્રાન્સપોર્ટ સુપરિન્ટેન્ડેન્ટ કહેવાય છે.

એક્ષ. ઈ. એન.: એક્ઝામીનીઅરિંગ ખાતાનો તેનો ઉપરી એક્ઝિક્યૂટિવ એન્જિનીઅર.

ટી. આઈ.: મુસાફરી કરતાં જે ટિકિટ તપાસવા નીકળે છે તે સાહેબ ટિકિટ ઇન્સ્પેક્ટર.

બી. આઈ.: પૂલનો તપાસનાર બ્રિજ ઈન્સ્પેક્ટર.

સુપર હીટર: એક જાતનું સારી ચાલવાળું અને વધારે શક્તિવાળું એન્જિન.

કપ્લિંગ: બે ડબ્બાઓને જોડે છે તે સાંકળ.

બફર: ડબ્બાની આગળપાછળ જે ગોળ ધક્કા લગાવેલા હોય છે તે.

રેડ ઓન્ડ: પાટાને છેડે આગળ નહિ જવા માટે ઊંચો બાંધેલો ધક્કો.

ક્રૅણિન: બૂટ પૂછો તો આગગાડીની સૃષ્ટિનું હૃદય, જ્યાં પાટાના સિગ્નલના સાંધા ગોઠવેલા હોય છે. એ લીવરની ખેંચાખેંચમાં ભૂલ, તો ગાડીનું સત્યાનાશ! ગાડીને એક પાટા પરથી બીજા પાટા પર લઇ જવી, ઊભી રાખવી—બધું એ નાના મકાનમાં કામ કરનાર ક્રૅણિનમૅનના હાથમાં.

ટ્રેક સરકીટ: ટ્રૅક સરકીટ. ક્રૅણિનમાં વીજળીની એવી કરામત કે એક પાટા પર દૂર એન્જિન કે ગાડી ઊભી હોય તો તેની સામે જવાને બીજી

ગાડી માટે કોઇપણ જાતના સિગ્નલ પડી જ નહિ શકે–એ સાંધો
ચસી જ નહિ શકે, તે. સલામતી માટેનો એક સુંદર ઉપાય.

કન્ટ્રોલ: કૉન્ટ્રોલ. એક મુખ્ય ઑફિસમાં ગામેગામના સ્ટેશન માસ્તરો સાથે
ટેલીફૉન ગોઠવેલા હોય છે, જ્યાંથી અમુક ગાડી ક્યાં અને કેમ
દોડશે એની આખી દેખરેખ અને જુમ્મેદારી રાખવામાં આવે છે.

રનિંગ શેડ: એન્જિનો રાખવાનો મોટો તબેલો, કારખાનું.

લુપ લેન: લૂપ લાઇન બાજુ પરનો પાટો.

મેનલેન: મેઇન લાઇન—મુખ્ય પાટો.

પાઇલોટ: સ્પેશિયલ દોડવા અગાઉ પાટા સલામત છે કે નહિ તે તપાસવા
આગળ દોડે તે એન્જિન. એ સાથે એકાદ અમલદારનું સલુન હોય છે.

ફોરમેન: રનિંગ શેડનો ઉપરી.

સંટર: શન્ટર સ્ટેશન ઉપરના ગુડઝના ડબ્બા આઘીપાછી તળી ઘસડી મૂકનાર
એન્જિનવાળો. ફાયરમૅન, પછી શંટર, પછી ડ્રાઇવર એમ ચડતી
પાયરીએ જઇ શકાય છે.

શૉપ: વર્કશૉપ. જ્યાં એન્જિનોને સમારવામાં આવે તે.

ટ્રેચર: સ્ટ્રેચર, માંદા કે જખમીને લઈ જવાની પાયા વિનાના પાટલા
જેવી ઝોળી.

ચક્કો: ડેડ એન્ડ.

કોપરેટી: કોઓપેરેટીવ સોસાએટી.

૨.થળ—સમય

નાતાલની રજાના ત્રણ લાગટ દિવસો • શનિની સાંજથી સોમની સવાર સુધી

અંક ૧

શનિવાર

પ્રવેશ ૧ • આગવાળાની કોટડી	સાંજ
પ્રવેશ ૨ • કારખાનાનો ભાગ	રાત
પ્રવેશ ૩ • વેઇટિંગરૂમ	મધરાત

અંક ૨

રવિવાર

પ્રવેશ ૧ • સ્ટેશન માસ્તરની ઑફિસ	બપોર
પ્રવેશ ૨ • રસ્તો	સાંજ
પ્રવેશ ૩ • પ્લૅટફૉર્મ	રાત

અંક ૩

સોમવાર

પ્રવેશ ૧ • પ્લૅટફૉર્મ	પાછલી રાત
પ્રવેશ ૨ • રસ્તો	પરોઢ
પ્રવેશ ૩ • આગવાળાની કોટડી	સવાર

અંક ૧ . . . પ્રવેશ ૧

પાત્રો

આર્યદેશ, કૃષ્ણી, નારણ, રામચરણ ક્ષેત્યાણ, કનૈયા
ચાંદેમ, દૌલતરૉય, કે. કેશવન આસ્તિક, કોરણીયા

આંખનો પ્રણત. આમે, કૃષ્ણને કૃષ્ણ માટે કોય છે એવા બે બંધ કરવાલ
કરાયા છે; એમાં એક કુપર લાલ પત્તી દેખાય છે. એક બાજુ કૃષ્ણની પાળ
કુપરથી એક આડી નળી કરાયા છે, એમાંથી કૃષ્ણકૃષ્ણ ધુમાડો પણ
કૃષ્ણ નીકળતો દેખાય છે. બીજી બાજુ બે કોરણીઓ, આમી નહિ, પણ કૃષ્ણ
તરફનાં બારણાં પરે એવી રીતની, આવેલી છે. કોરણીઓની બાજુમાં પાછળ
આંકણો માટે ટેનિસકોર્ટ છે એ કૃષ્ણી દેખાતું છે.



[‘ગોલી, છોકરા–ગોલી ! ગોલી ! એએઈ બ્લડી, જલ્દી જલ્દી’-
ના અંદરથી અવાજ આવ્યા કરે છે, ને તખ્તા પર ટ્રેનિસનો
દડો આવે છે તે છોકરો લેવા આવે છે ને લઈ જાય છે. એક
દડો પાસેના કૂવામાં આવીને પડે છે ને છોકરો નિરાશ થઈ જોયા
કરે છે. અંદરથી ટ્રેનિસની રમતની ધૂમો સંભળાયા જ કરે છે.
રૂખી પાણી ભરીને આવે છે ને ખાલી ઘડે પાછી જાય છે.
એ એમ ફેરા ફર્યા જ કરે છે. હાથમાં ટ્રેનિસ રૅકેટ લાવે
જોન્સ સાહેબ પ્રવેશ કરે છે.]

જોન્સઃ હુમ દેખા કાયકુ નહિ? હું! યુ બ્લડી—

નારણઃ સા’બ, ઈસમે ગિર ગયા.

જોન્સઃ બટ હુમ દેખા કાયકુ નહિ? કમ, જાઓ અંદર કૂવે મે,
ઔર લેકર આઓ, બદમાશ!

[રૂખી આવે છે, સાંભળે છે.]

રૂખીઃ અલ્યા શું છે નારણીઆ?

નારણઃ કંઈ નહિ બા! એ તો સા’બની દડી કૂવામાં પડી ગઈ છે તેથી.

રૂખીઃ તે તેં કેંદી’તી અંદર?

નારણુઃ ના બા! હું કેંક કંઈ? ઓ તો સા'બને ફટકે જ ચઢી આવી ને હું લઉં તે પહેલાં તો ફડાકા પડી.

જેન્સઃ ઓ જૂઠ બોલતા હોય, બદમાશ! ગદ્ધા.

નારણુઃ ના, બા, ઓ—

જેન્સઃ ચૂપ રહો, યૂ નીગર! ગિરા દો દેખા કાયકુ નહિ, જંગલી! (પકડીને કેટથી બેચાર ફટકા લગાવી દે છે.) અબી અવાજ કરતા હૈ? (રૂખી જોઈ રહે છે.) કયાં, તુમારા છોકરા હોય? (જરા રૂખીની નજીક જાય છે.) હુંચાં, બોલટા નહિ કાયકુ? અબી જાને દેટા હોય, નહિ તો કાઈનિ કરટા અમ. (નારણુને) જાઓ તુમ. (રૂખી પણ ચાલી જાય છે.) બ્લડી કાઈનિ વૂમન! (આંખ મારતો જોઈ રહે છે અને સીસોટી વગાડતો ચાલ્યો જાય છે.)

[બાધર આવે છે. ખાંધે કંડીઓ છે. તદ્દન મેલાં, ફાટેલાં, કાળાં કપડાં, થાકીને લોથપોથ.]

બાધરઃ રૂખી! ઓ રૂખલી!

રૂખીઃ (પાછળથી આવી) એ હ્યો, આજે તમારા નારણુને પેલા સાયબે માર્યો.

બાધરઃ કોણે, કયા સાયબે?

રૂખીઃ એણે રસ્તે. એ આમ જુઓ, પણે બેઠો તે. હુમણાં રમતા'તા તે ત્યાંથી દડો ઊછળી અહીં આયો, ને ફૂવામાં ગ્યો તેમાં બચારા નારણુને ઝપેટી નાખ્યો

બાધરઃ એ તો અમારો જેન્સ સાયબ!

રૂખીઃ એ જેન્સ કે બોન્સ, વગર વાંકે મારછ શેનો?

બાધરઃ ચલ હવે, હશે; રોટલો લાય. એનું શું થાય? ઓ રામ! ટોપલા નાખતાં નાખતાં આજ તો બાવડાં રહી ગયાં છે, રૂખી! જાણે

છ? એ બેન્સ તો અમારો દરાવર.

રૂખીઃ દરાવર રહ્યો એને ઘર. એથી, એમ છોકરા મારવાના? આજની વખત ઠીક છે, હવે એ નહિ વેહાય. આ કંડીઆમાં શું લાયા છ?

બાધરઃ એ તો ફ્રૂટ છે. ઉઘાડીશ મા!

રૂખીઃ કાં? છોકરાંઓ માટે?

[ઉઘાડવા જાય છે.]

બાધરઃ હા તો! છોકરાંઓ માટે!! બોલીશ નહિ, એ તો હમણાં મોકલી આપવાનું છે.

રૂખીઃ કોને તે?

બાધરઃ હવે તું મને રોટલો દઈશ, કે માથાં ઝીકયા કરશે? બાર કલાકનું નોકરૂં કરી આવીએ તો યે અહીં આ રકઝક. મેલ રોટલો, હું કૂવે નાહી આવ છ. અને કંડીઆને અડીશ નહિ, સાહેબને મોકલવાનું છે. આ નાતાલ કની, તે જાણતી નથી?

રૂખીઃ કિયા સાહેબને? દિવાળી જેવી દિવાળી ગઈ, તો ય છોકરાંઓએ બાંડ્યનો કડકો જીભે નથી ચાખ્યો, કે નથી એક ફૂલકણ દીઠું; ને આ મૂઆ સા'બને આવડો કંડીઓ! એમની દિવાળી ને આપણી હોળી!

બાધરઃ બસ હવે; તું ન સમજે, મૂરખ! કંડીઓ જશે તો બે પૈસા વધારેની આશા. પૂછ રામભૈયાને.

[પડોશી રામચરણ આવે છે.]

રામચરણઃ કયા હે બાઈ ઈ?

બાધરઃ કુછ નહિ ભાઈ, એ તો આ આપણી ફ્રૂટની વાત. બારબાર કલાક એંજિનમાં કોલસા નાખ્યા કરીએ તો માંડ આઠ આના રોજ મળે છે. તેમાં સા'બની મેરબાની થાય તો વળી દશ આના થાય, તેનો આ કંડીઓ આણ્યો છ. છોકરાંઓને માટે જ ને? શું કરીએ? આટલું

પણ ઓછું પડશે. હજી તો બીજી એ બાટલી પણ આણવી છે, પણ એટલા પૈસા ક્યાં છે? અને રૂખી ધૂમો પાડે છ;—લે હું નાહી આવું.

રામચરણઃ એ તો બાઈ! રેલવઈ કી બોલબાલા હૈ. હમેરે ડીપાટ મેં ભી ઐસા હિ ચલતા. ઉસકી નાતાલ આઈ તો દસબીસ બાટલ ભેજના હી પડતા. સબ રેલવઈ બાટલ સે હી ચલતા.

રૂખીઃ પણ ભૈયાજી! આ તમારૂં તો હજી દેવું પત્યું નહિ, ત્યાં તો આ બીજું કરીને લાવ્યા હશે.

રામચરણઃ અરે બાઈ! હમારા દેવા તો ઠીક હૈ. ઉસકી પરવા મત કરો, સબ રેલવઈ ઐસી. એ નાતાલ મેં દેખો તો એ સબ ડી.ટી એસ, ડી એલ ઓ, એકસીએન સાબ ઔર ઓ બડા ડાકટર સબ નાચરંગ કરેંગે, બોટલ પીએંગે ઔર જુગાર ભી ખેલેંગે. સબ દરાવર લોક ઔર મડમ-સા'બ સબ ધૂમ મચાયેંગે. કૌન કિસકી ઔરત વો બી ભૂલ જાએંગે. ઔર એ સબ મઝા સારી લેન પર અપના પગાર મેં સે નીકલેગી. તુમ જાઓ બાઈ, બાધર કુ રોટલા દો. અચ્છા, જે રામજી કી; મેં ભી થોડા પકા લેતા હું. રાત કુ આજ ઈસ્પીસલ જાને વાલે હૈ. ઈસ્ટેસન માસ્તર સા'બ આજ નહિ આયા અભી?

રૂખીઃ ના, દેખ્યા નથી હજી. બાકી અત્યારે તો રોજ આવી જાય છે.

રામચરણઃ આજ નારણ ભી નહિ આયા ક્યા? રાત હો ગઈ ને?

રૂખીઃ એ...તાં, ટેનસની જાળી લપેટે. જોન્સ સા'બે આજ નાતાલ-ની બોણી આલી દીધી.

રામચરણઃ ક્યા કિયા બાઈ?

રૂખીઃ પડખા પર બેચાર ફટકા દઈ દીધા બાપજી!

રામચરણઃ અરે રામ રામ! વો સાલા જનાવર જોન્સ ઐસા હી કુમબખ્ત હૈ. (બંને અંદર જાય છે.)

[નારણ આવે છે, કંડીઓ જોઈ ઉઘાડે છે ને એકાદ નારંગી કહાડી ખાવા માંડે છે. ખાતોખાતો અંદર જાય છે.]

રૂખી: (બહાર ધસી આવતી) એ નાં ખા, નારણીઆ! નાં ખા! તારા બાપા જોશે તો ધૂમ પાડશે.

નારણ: કેમ મા, આ આપણું નહોય?

રૂખી: આપણું હોય બેટા? એ તો લૉંચ, તારા બાપા કહેતા હતા, સા'બને મોકલવાની. અડીશ નહિ એ ઝેરને.

નારણ: કિયા સા'બને?

રૂખી: હશે કોઈ કાળમુખો.

[કંડીઓ બરાબર વચે ઢાંકતી રૂખી ઓટલે બેસે છે.]

નારણ: ખાઇને મા, મારે હમણાં પાછા જવાનું છે.

રૂખી: રાત પડી ને હજી શું છે? બંધારે હજી સા'બડા દડા રમવાના'તા?

નારણ: આજે એમની દિવાળી શરૂ થાય છે, તે મજ્યાની છે.

રૂખી: હા, હા; આ કંડીઓ એની જ ભોંકાણ છે તો. લે, તારા બાપા નહાઈ આવે ને તું બેસી જજે; ને ભૂખો ન રહેતો. ને રાતે એ કાળમુખા લોકના વધેલા બેંહા ટુકડા ખાતો નહિ. જા, તું યે ટાંકીએ નહાઈ આવ બેટા!

[નારણ જાય છે.]

એ મૂઆ સા'બડા તે કેટલુંક ખાશે? ને આવો તે કંઈ એક કંડીઓ જશે? બચારા નારણે છ મહિનાથી એક કોહ્યું કેળું પણ નથી જોયું. લાવ થોડું સંતાડી દઉં, બચારાને કાલે કામ લાગશે.

[કંડીઓ ઉઘાડે છે, થોડાંક ફળ ઘરમાં મૂકી આવે છે. ત્યાં રામચરણ લૈયો બહાર આવી—]

લૈયો: નારણ આયા કયા?

રૂખી: એવે; એ ... ટાંકીએ ના'વા જાય.

ભૈયોઃ ઐ—દેખો એ ઇસ્ટેસન માસ્તર સાહબ ભી આ રહા, બાઈ! ઐસા કભી ચૂકનેવાલા નહિ. આખી રેલવઈ મેં ઐસા ચતુર આદમી કોઈ નહિ. સીધિયા ચલનેવાલા. કલબ બલબ કુચ નહિ. યાંહી કલબ ઇસકી. નહિ લાયબરી, નહિ ઇનસ્ટીટૂટ.

રૂખીઃ અરે હા રે; બહુ ભલા. ભગવાન એનું ભલું કરો!

ભૈયોઃ ભગવાન ક્યા ભલા કરે ઇસકા? ભલાઈ હી ઐસી ઇસકી કે ઇસકુ પગાર મેં બઢતી ભી કભી નહિ મિલતી.

રૂખીઃ કેમ જી?

ભૈયોઃ ઐસા સીધી લાઈન કા આદમી. નહિ કીસીકી સલામ કરનેવાલે, નહિ બાટલ ભેજનેવાલે. ઈસસે તો અભી રીટાર હોને કી ઉમર હુઈ તો ભી ડીપોટી મેં પડા રહા.

[ડે. સ્ટેશન માસ્તર આવે છે.]

ભૈયોઃ આઇયે, જે રામજી કી માસ્તર સાહબ!

ડે. માસ્તરઃ કયું? બાબરજી નથી કે?

[કૂવાની પાળે બેસે છે.]

રૂખીઃ એ હુમણાં જ આયા ને ના'વા ગ્યા.

ડે. માસ્તરઃ ને નારણ?

રૂખીઃ એ યે ગયેા એના બાપ સંગાથે ના'વા.

[દરમ્યાન ભૈયેા અંદર જઈ પાણીનેા લેાટેા ભરી લાવી આપે છે]

ભૈયોઃ લેા સાહબ.

માસ્તરઃ લાવ ભાઈ! (પાણી પીએ છે) આજ તો રાતના ધમાલ થવાની. અને દિવસના તો જરા પણ ઊંઘ આવી નથી.

ભૈયોઃ હાં સાહબ! અભી ટ્રાફિક ઐસા હી ચલતા.

ડે. માસ્તરઃ અરે ભાઈ એક સ્પેશિયલની ધમાલ છે આજે. આખી

રાત હૈરાન થવાનું છે. આજે અહીં જ એસવું છે. લાંબે દૂરવા નથી જવું.

રૂખી: અરે માબાપ! એલ્યો તો તમારૂં ઘર છે. આ તમે આટલા આવો છો, તો એવડી વાતો થાય છે ને મન મોકળું થાય છે; બાકી આ રેલવે તો જીવ લેવા જેવી છે.

ડે. માસ્તર: અરે, જીવ લે તો તો સારૂ રહે. પણ આ તો જીવતાં મારે છે.

ભેયો: મૈ જરા રોટી પકા લઉં સાહેબ?

ડે. માસ્તર: હા ભાઈ હા, તારૂં કામ આટલી લે. રેલવે કંઈ તારે માટે થોભવાની નથી. હમણાં ડ્યુટીનો ટાઈમ થશે. [અંદર જાય છે.]

રૂખી: તે માસ્તર સા'બ! આ રેલવેમાં બધે આવું જ? ગોરા બારબાર ને ચૌદચૌદ કલાક નોકરૂં કરાવે તે વધારે માણસો શા સારૂં નહિ રાખતા હોય?

ડે. માસ્તર: એ તો છે રહે; વધારે માણસ રાખે તો નોકરોને ઓછા કલાક કામ કરવું પડે. પણ વધારે માણસોનો પગાર કોણ આપે?

રૂખી: કેમ કોણ આપે? કંપની સરકાર આપે—

ડે. માસ્તર: હા, તો પછી સાહેબોનાં ગજવાં કેમ ભરાય? એમને કંઈ ઓછો પગાર આપે?

રૂખી: બોય રામ! તે સાહેબના વિના બીજા કોણ એ કામ ના કરી શકે?

ડે. માસ્તર: અરે ગેન! એ વાતમાં જ કાંઈ માલ નથી. કરવું હોય તો બધું ય થાય. આપણા હિંદીઓને ઑફિસરો બનાવે તો એ બિચારા તો એમના કરતાં અરધા પગારે રાજી થઈને કામ કરે. કંપનીને નફો પણ સારો થાય વધારે માણસો પણ રોકી શકાય અને આ બારબાર કલાક-ના ધૂંસરામાંથી પણ નીકળાય. પણ એને તો કંઈ કરવું જ નથી.

રૂખી: પણ એનું કારણ, બાપજી?

ડે. માસ્તર: કારણ શું વળી . . . વિલાયતમાં એના મામામાશીના છોકરાઓ હોય કની? તેને પછી કયાં નાખવા? અમારે માથે જ્યાં એક સાહેબ જનેટ'એ ત્યાં અગિયાર સાહેબ છે આજે.

રૂખી: સત્યાનાશ જાય એમનું. આ બાધરજીના હાલ તો જુઓ છો ને? જ્યારે એંજિન પરથી આવે છે ત્યારે ઢગલો.

ડે. માસ્તર: અરે આગવાળાની નોકરી એ કંઈ મસ્કરી છે? કામના પ્રમાણમાં પગાર જુઓ તો કોડીનો.

રૂખી: બાપજી; એનો કાંઈ ઉપાય જ નહિ એમ?

ડે. માસ્તર: અરે થાય તો બહુ યે, પણ આપણામાં સંપ જોઇએને? આજે તો હું તમારા ગળા પર છરી ફેરવું ને તમે મારા ગળા પર ફેરવો એવા હાલ છે. જ્યાંત્યાં ચાડી ને ચુગલી. કોઈ પોતાનો સ્વાર્થ પણ સમજતું નથી. એમાં આપણા ખૂરા હાલ થતા જાય છે. બાકી મગદૂર શી છે કે આવી સ્થિતિ રહે. બ્હેન! એમાં આપણા લોકનો પણ કંઈ ઓછો વાંક નથી તો.

[બાધર આવે છે, રૂખી અંદર જાય છે.]

ડે. માસ્તર: કેમ બાધર! શું આવ્યો?

બાધર: ફોરટી વન ડાઉન સા'બ! આ હમણાં આયો ને નાઇને ચાલ્યો આવું છ. બહુ દા'ડે ભેગા થયા!

ડે. માસ્તર: હા, હું તો રોજ આવું છું. પણ તારી નોકરી ખરાબ. રાતપાળી પરવડે, પણ આમાં તો શરીર તૂટી જાય.

બાધર: સા'બ, આવા વખતમાં બીજું શું થાય? જીવીએ છીએ એ જ ભગવાનની મહેરબાની. આ તમે છો ને આટલી માયા રાખો છો એ જ બસ છે.

માસ્તર: અરે ભાઈ, શાની મહેરબાની? શું લાઈ જવાના હતા આપે? આ રેલવેની નોકરી કરતાં ત્રીસ વરસ થયાં, અને આ પગ્યા કીજીએ ત્યાંથી આપણને કોઈ ખસેડવાનું નથી. તેમ આપણે કાંઈ વધારેનો મોહ હવે છે પણ નહિ. આપડભેર ઘર ભજીએ એટલે બસ.

આંધર: હા સા'બ, એ જ બસ. તમારા જેવા સારા માણસની કંપનીને કાં ખરી છે? બાકી તમારી મહીકના તો કંઈક રેસનમાસ્તર થઈ ગયા, ને તમે હજી ડેપ્યુટીમાં જ; એ કંઈ ઓછો જલમ છે? કીધ છે બધું સા'બ!

કે. માસ્તર: હા ભાઈ, હા! આ કાજળની કોટડીમાંથી અણીશુદ્ધ બહાર આવીએ એટલે ગંગા નહાયા. બાકી રેલવેમાં આપણે; ન્યાય ને સચ્ચાઈ હવે રહ્યાં નથી. તું હવે નીરાંતે રોટલો ખા ભાઈ. હું જઉં. મને યે આજે કીધ નથી. કલાં ગયે બૈયાજી, જે રામજી કી!

બૈયાજી: (બહાર આવી) હાં સાહેબ, જે રામજીકી, જે રામજીકી.

આંધર: સાહેબજી સાહેબ, આવજો.

[માસ્તર જાય છે.]

આંધર: બહુ ભલા માણસ જો. કોઈનું પણ કામ કરી છૂટે. લાઈન પર આવા પરગજુ બહુ થોડા, કે.

બૈયાજી: બડે ખાનદાન આદમી હૈ. નહિ કીસીકી અટપટ. આપ ભલા અપના કામ ભલા. વો દુસરા આસિટંટ હૈ, વો તો કુત્તા કા અવતાર જૈસા હૈ. ઔર યે દેખો, કયસા ભલા આદમી!

આંધર: હાં, હવે ચાલો રોટલો ખાઈ લઈએ. (નજર કંદીલ પર જતાં) એ આ કોણે બોલ્યો, કંદીલ?

કંદીલ: (બહાર આવી) કંઈ નહિ—કોઈએ નથી બોલ્યો. હવે બાંધી આપું હવે, બૂમો ના પાડો.

બાધર: અરે પણ મૂરખી! અડધો ખાલી જોશે તો સા'ભડો ખીજશે. તું સમજે નહિ.

રૂખી: હવે થયું શું? બે નારંગી આ નારણીઆ માટે રાખી લીધી તો? ક્યારે કહી છોતરું યે જોવા પામ્યો છે બચ્ચારો? ને સા'ભડાને શી ખબર પડવાની હતી જે? આવા તો કેટલા યે કંડીઆ જતા હશે.

બાધર: અરે જાય તો ઘણા યે, એટલે જ તો એને ખબર પડે ને?

રૂખી: કેમ?

બાધર: એ મૂઆ તો ગણે, ને પછી વેચી ખાય!

રૂખી: હાય બાપ!

બાધર: બાટલી હોય તો બે જેગા મળી પીએ ને વધારે હોય તે એના ઉપરીને મોકલાવે. એ કંઈ એળા જ દુકાળમાંથી આવેલા, તે બધું ખાય?

રૂખી: લ્યો ચાલો, હમણાં બેસો છો, કે નારણીઓ આવે ત્યારે?

બાધર: હજી નથી આવ્યો?

રૂખી: એ યે આવીને તમારી પાછળ જ ના'વા ગયો ને? ને પાછો જવાનો છે. નાતાલ છે, એમ કહેતો હતો.

બાધર: વાટ આવવા દે; ચાર દા'ડે ભેગાં મળીને ખાઈશું. વળી પાછા લેન પર ગયા તો કોણ જાણે. એ બચારાને જેન્સ સા'બે ખૂબ માર્યો.

[દરવાજા તરફથી હાથમાં બત્તી લઈ ડૉલબૉય આવે છે.]

ડૉલબૉય: એ બાધરજી ... જવાનું છે.

બાધર: કોણ, ડૉલબૉય? વળી શું છે?

ડૉલબૉય: તમારે જવાનું છે રાતની ગાડીએ.

બાધર: કાં, જનમમાં? નથી જવું!

ડૉલબૉય: પણ નહિ ચાલે; ઈસપીસલ છે લાટ સા'બની. ગોરા આગવાળા કોઈ નથી આજે. જેનિંગ, સ્મિથ, ડીમેલો, સ્નેઇન બધા નાચવા

ગયા. વિલ્સ્ટીને અત્તારે ચઢાવેલો છે. દરાવરખાનું આખું ખાલી! પહેલા આગવાળામાં તમે ને બીજામાં કોઇને તૈયાર કરવાનો. મુકાદમ શોધવા ગયા છે.

બાધર: અલ્યા પણ આ હું હમણાં તો ગાડી છોડીને આવેલો આવું છ ને આ અંગ પરથી મેશ ઉતારીને બેઠો ને તું આવ્યો! હું નહિ જાઉં!

કૉલબૉય: મુકાદમ બીજાશે બાધરજી! ને દા'ડો કાપશે તે જુદ્દો.

બાધર: પણ અંડરેસ્ટ કેમ જાઉં? આ બાવોડા તો રહી ગયા છે. અને બીજો આગવાળો કોલ્યા જેવો. આખી રાત કોલસા ભાગીભાગીને લાથ દુખ્યા છે ને શગનલ જોઇજોઇને આંખો દુઃખી. ના, ભાઈ ના—

કૉલબૉય: તે કાંઈ છૂટકો છે? ગાડી તમારે લીધે કાંઈ અટકી રહેશે? આડર છે તે જવું જ પડશે. લ્યો સહી કરો.

[રૂખી બહાર આવી ઊભી રહી સાંભળે છે.]

બાધર: ના બાપજી ના, નેમ પરમાણે તો મને ચોવીસ કલાકનો રેસ્ટ જોઇએ ના? બે આખી રાતના ઉજાગરા, બાધાનાં કેકાણાં નહિ. આકે દા'ડો એક રાત તો ઘરભેગો રહેવા દો!

કૉલબૉય: બાધરજી! લાંકું થશે, હોં! મુકાદમ જાતે આવશે તો ભારે થશે. આજે કોઇના મગજનું કેકાણું નથી; બે બી પાછો છોટો! ચાલીને બેઠો છે.

રૂખી: તો શું થયું? બે નહિ આવે. જરા જંપવા તો દો. ઊભા રહેવાની તો ગત નથી બૈમનામાં. કંપની શું ચાલીને ભારો બંધાવી દેવાની હતી જ! અરે, કાલે મારો નારણ ટૂંકિયું લાકડું લેવા કારખાને ગયો તેમાં તો તમે બધા બેને ખાઈ ગયા; ને આ સા'બડાબોને ત્યાં ટોપલેટોપલા કોલસા ને બલતણ જાય બેનું કંઈ નહિ?

કૉલબૉય: લ્યે રૂખીબેન, બે બધી આડી વાતો અહીં ના કરો. આ તો રેલવે છે, લૂંટે તેનો માલ, ને પકડાયો બે ચોર. નારણને ના

કહેવામાં હું નહોતો ત્યાં.

રૂખીઃ તું નહિ હોય, ભાઈ, તો બીજો, પણ ફ્રોક તારા જેવો જ ફારબાનાવાળો. ઠૂંઠિયે લાકડે કંપની ભીખ નહોતી માગવાની. ખરે બપોરે આજે એક ઘાસલેટનો ડબો ઢીલો સા'બને બંગલે જતો મેં દેખ્યો અને અહીં તો પૂમડું પલાળવાને ય તેલ નથી! ભાઈ, મને વધારે ના બોલાવ.

ફૅાલબૅાયઃ હશે રૂખીબેન, બસ હવે, એ વાત પડતી મૂકો; હજી મારે બાર બંગલે રખડવાનું છે. બાધરજી, સહી કરો. બે વાગે ફેર હુવેન્ટી ટુ માં આગ નંખાશે. ઇસપીસલનો ટેમ થ્રી બરાબર. અડધી રાત એક ઊંઘ કાઢી નાંખજો.

બાધરઃ ના, ભાઈ ના, મને ના સતાવ; હું નહિ જાઉં.

ફૅાલબૅાયઃ જવું પડશે, બાધરજી! અંહં, કંઈ આ ફરટના કંડીઆ આણ્યા છે? પૈસા ક્યાંથી લાવશો? હજી તો કોપરેટીનું તમારું કંપનીને ભરણું બાકી છે. ને નોકરું ગુમાવશો તો આજને દા'ડે કોણ તમને આલવાનું છે! લ્યો, કરો સહી; કે કરી દઉં હું? ચંજન પણ સરસ છે. એય કલાસ, ફેર હુવેન્ટી ટુ! લ્યો ચલો.

બાધરઃ દરાવર કોણ છે?

ફૅાલબૅાયઃ હજી નક્કી નથી. અહીંથી પછી ત્યાં જ લીંડ્યો. ઘણે ભાગે તો જોન્સ સા'બનો ટન આવશે.

બાધરઃ જોન્સ સા'બ! નહિ નહિ, ફૅાલબૅાય પાછો જા; હું નહિ આવું. ઓ ભગવાન! નોકરું નથી કરવું મારે. આખી લેન જોતાં ડોળા ફાટી જાય, કોલસો નાખવાનો તે જૂદ્દો. અને લેન ક્લીઅર લેતાં દમ નીકળી જાય છ ભાઈ! હજી છાતીમાં દુખાવો તો પૂરો બેઠો ય નથી. પવનની સામે છાતી દુખી જાય છ. ના ભાઈ, ના!

ફૅાલબૅાયઃ પણ ઇસિપતાલમાં જઈ આવીએને, ભલા માણસ!

રૂખી: કાં ઈસપતાલ જાય? હજી આવ્યાને તો વાર નથી થઈ. અને જોઈ તમારી ઈસિપતાલ! આખી સવાર બે કલાક તડકે તપવું પડે ત્યારે દાક્તરને પુરસદ મળે છે ને તપાસે ના તપાસે ને કાગળીયું ઘસડી આલે. રોગ શું છે એ તો પૂછતો પણ નથી.

[રામચરણ બહાર આવે છે.]

રામચરણ: યે ક્યા ખિટપિટ લગાઈ હૈ, ઓર?

રૂખી: લ્યો જુઓ, પૂછો ભૈયાજીને ઈસિપતાલની વાત. બે દિવસથી બે પણ ત્યાં આંટા મારે છે.

રામચરણ: અરે અસ્પતાલ કા નામ મત લો. ઓ તો દવાઈખાના હૈ યા કસાઈખાના? ઉધર જાતે વો કભી અચ્છા હોતા નહિ, ઓર સફાઈખાને મેં સોતા વો કભી બહાર આતા નહિ. બહાદર કી દવાઈ લેને કુ રૂખીબાઈ ગઈ, તો રૂખીબાઈ કા નામસે હી દવાઈ દે દિયા! ઓર ઇસમે દેખો તો બિલાયતી નમક. નહિ પૂછતા કે નહિ દેખતા કે ક્યા દરદ હૈ! બડા દાક્તર તો બડા અંધા હૈ ભાઈ!

કૉલબૉય: ઠીક ઠીક હવે; લ્યો બાધરજી મને મોડું થાય છે. લ્યો જુઓ, આ બેકડો કરું છું તમારા નામનો. બે વાગે આવી રહેજો. લ્યો જે રામજીકી, ભૈયાજી! (જાય છે.)

રામચરણ: અરે! યે ક્યા? ડ્યુટી આઈ ક્યા? અરે અભી તો આયા, ઔર યે ક્યા તમાશા ભાઈ? એ કોઇ સા'બ કી ઈસિપીસલ કી મૈયત! સારે દિન વો હેરાન હેરાન કર રહે હૈ.

રૂખી: જુઓને રામભૈયા! શો જુલમ છે? આવ્યા તેવા તો ઢગલો થઇને પડ્યા છે. રેલવઈ તો જીવ લેવા બેઠી છે! લ્યો ઊઠો; નથી જવાનું. રોટલો તો ખાઈ લ્યો. આ નારણ પણ આયો.

[નારણ આવે છે; બધાં અંદર જાય છે.]

રામચરણ: હાં હાં, આ લો ભાઈ! હમને ભી આ લીયા. ઔર થોડી દેર મેં હમકો ભી જના હે, ઐસા ઈસિપીસલને તો બડી મુસીબત લગાયા. જાઓ ભાઈ, જાઓ! હમ ભી તો જરા ગાના લગાતે.

[ભૈયો અંદર જાય છે, ઢોલક અથવા ભાંગેલી હારમોનિયમની પેટી લાવે છે; એકતારો પણ લાવે છે. ને ત્યાં જ ઓસરી પર બેસે છે.]

(ભૈરવી)

તૂને અજબ બનાયા રેલ! રામા,
તુંને અજબ બનાયા રેલ!
જહર અગ્નિ ઔર સાસ ધુવા કા, યે માયા કા ફેલ;
તન કા ઈંજન ધુક ધુક ચાલે, બડા બનાયા મ્હેલ: તૂને૦
સંસાર સડક પર ચલતે ચલતે, ખૂબ ઉડાયા રહેલ;
નસીબ ઘંટા હરદમ બજતા, ગહૉત લગાયા ટે'લ: તૂને૦
કફ કી બખરી ચલી રહેગી, કાલસીટી સે પહેલ;
અરે મુસાફિર, ચપટી મેં સબ બતમ હોયગા ખેલ: તૂને૦

[ગાઈ રહે છે, ને બાધર તથા નારણ આવે છે. નારણ જાય છે. જતાં જતાં]

બાધર: હા ભૈયાજી, ખેલ ચપટીમાં જ બતમ થવાનો છે.

રામચરણ: રામચન્દ્ર કી જે, ભાઈ!

નારણ: મા જાઉં છું, મોડો આવીસ. ટેનસ પરથી સીધો ઇસ્ટેસન જઇસ; વેટંગરૂમમાં પંખો ખેંચવા.

રૂખી: હા બેટા!

[નારણ જાય છે.]

બાધર: એ નારણ આમ આવ. લે, આમાંથી એક નારંગી ખા.

નારણુ: ના બાપા, હવે ભૂખ નથી. ને એ તો બંગલે મોકલવાનું છે ને?

બાંધર: કંઈ નહિ, મોકલશું બાકીનું. બા, બેટા!

નારણુ: (એક કળા લે છે) બસ.

બાંધર: લીક જા, જો; આ વખતનો તારો પગાર તારી માને ન બાલતો!

નારણુ: તો?

બાંધર: તું જા રાબજો, કેટલા? પંચાવાળાના પાંચ ને કલબના બે સાત મળશે ને? બોડાકનાં લુગડાં સીવડાવજો.

નારણુ: ના બાપા, છ મળશે. એક દહી કૂવે પડી એનો એક રૂપિયો દંડ થશે ને?

[રડવા જેવો થઈ જાય છે.]

બાંધર: વાહ જા બેટા! એક રૂપિયો હું તને બાલીશ, જા.

રામચરણુ: બહોત અચ્છા બચ્ચા હૈ. સારા દિન બરોબર ઉઠાતા.

બાંધર: લૈયાજી, મારે એકનો એક છે, આ બાટલો . . .

[બત્તી સાથે કૉલબૉય પાછો આવતો દેખાય છે.]

રામચરણુ: એ ક્યા સિતમ હુય ભાઈ!

બાંધર: કૉલબૉય લાગ છ, લૈયાજી!

રામચરણુ: યહી હુય, અબી ફિર ક્યોં આયા? ઔર બત્તી ભી લાલ-લીલી ક્યોં કરતા હુય?

બાંધર: ભગવાનને માલમ.

[કૉલબૉય પાસે આવે છે.]

બાંધર: લૈયાજી! હું નહોતો કહેતો કે એ કૉલબૉય જ છે.

રામચરણુ: તુમ ભી બડે અચ્છે હો ભાઈ! ક્યા એ લાલલીલા તમાશા કરતે હો? બોલો, અબી કિસકે મોત કા પેગામ લાયે હો?

કૉલબૉય: કુછ નહિ, લૈયાજી! તુમ તો ભજન ગાયા કરો. બાંધર!

ચલો, મુકાદમ બોલાવે છે.

બાધરઃ પણ કેમ અત્યારે?

કૅાલબૅાયઃ બેસ્તો. આજ રાતે કાંઈ નવાજૂની થશે. દિવાળી બેઠી છે ને ગોરા લોકની? થ્રી ટુવેન્ટી વન ડાઉન ક્રેન્સલ થઈ. વીલીઅમ્સ લાઇટ ઇંજીન જવાનો. તમારી બુકિંગ હમણાંની આવી; પહેલો મેલ.

બાધરઃ પણ ઇસપીસલ—

કૅાલબૅાયઃ ઈસિપીસલ બીસપીસલ કંઈ નહિ. મારે ક્રેડેજ ફૅારમેન કારખાને આયેા ને બધી બુકીંગ બદલી કહાડી.

બાધરઃ કેાણ કુગી સા'બ! જાતે.

કૅાલબૅાયઃ હા હા. ઇસપીસલમાં તેા ગોરા દરાવર ને ગોરા આગવાળા અને એ કલાસના જવાના. રૂસ્તમજીને ફાસ આપી, ને પીરમહમદને સવારની લોકલ. અને આખી રાત ફૅારમેન કારખાનામાં બેસવાનેા. ઓડર છે કે ઇસપીસલ જાય તે પહેલાં છ કલાક ને ગયા પછી બે કલાક દરેક કારખાને ચોકી! અને ઇસ્પેર અંજિન તૈયાર રાખવાનું. લેા ચાલેા, તમારે હજી ગાડી પણ સળગાવવી પડવાનીઃ ટુ સેવન નૅાટ.

બાધરઃ ટુ સેવન નૅાટ? એ તેા સેાપમાં મેાકલવાનું છે ને?

કૅાલબૅાયઃ તે બે ટરીપ મેાડું જશે. એથી જ તેા વહેલા બેાલાવે છે. ઇસ્ટીમ પાઇપ વગેરે જોઇ લેા. તેલ વાયર બધું માગી લેા. દિનમણિશંકરે ઇસ્ટેાર ખેાલ્યેા છે. લ્યેા ચાલેા જલદી, હું જાઉં છું.

[જાય છે.]

બાધરઃ ભૈયાજી! જે રામજીકી!

ભૈયાઃ હા ભાઇ, દુસરા ક્યા હેા સકે? હમ ભી જાતે હય અભી. દેખા? 'નસીબ ઘંટા હરદમ બજતા . . .'

રૂખીઃ (બહાર આવીને) ક્યાં જઓ છેા?

માધરઃ જોયો નહિ, ટૉલસ્ટૉય આવી ગયો તે? ફોરમેનનો આડર છે, જવું જ પડશે.

રૂખીઃ અરે પણ બે વાગે જવાનું હતું ને? વળી તમે તો નહોતા જવાના ને?

માધરઃ રૂખડી! તું તો ગાંડી છું. થાકેલો આવેલો તે બોલી નાખેલું. ટૉલસ્ટૉય કહી ગયો તે ના સાંભળ્યું? તારો સાલ્લો જો, નારણનું શરીર જો, બોરડીમાં અનાજ જો! ને ઘેર બિચારી ડોસી એકલી ટોપલીઓ ભરતી હશે ને લોકનાં છાણમૂતર કરતી હશે. ન જઉં તો કેમ ચાલે? કાયા ચાલશે ત્યાં સુધી કીડ છે; નહિ તો રામનામ.

રૂખીઃ મારી સોગન! ભલા થઈને આજે તો તમે ના જાઓ!

માધરઃ ઘેલી થા મા! કુટંબનો વચાર કર, માથે ચઢેલા દેવાનો વચાર કર. આ રામભૈયાના યે હવે....

રામચરણઃ અરે ભાઈ! હમારા તો નામ છોડો! જરા છુટ હોવે તબ દેના. ઉસકા ફિક્ર મત કરો.

માધરઃ એ તમારો પાડ, ભાઇ! પણ હાથ મોકળો કરી મૂક્યો હોય તો સારું ને? 'કાલ કી સીટી બજે' ત્યારે ફકર ચિંતા તો નહિ! લાય મારાં કપડાં.

[અંદર જાય છે.]

રામચરણઃ અરે વાહ જી! ભજન તો તુમને બડા યાદ કર લિયા!

રૂખીઃ પણ રોટલાનું શું? ક્યારે થશે ને ક્યારે લઇ જશો! હજી તો વાસણે પૂરાં નથી ધોયાં. રામભૈયાજી! આ વૈતરું તે કેવું? છાતીમાં તો એમને દુખાવો ચાલે છે. આણીગમ થંડા ગાડીના પવન, ને આણીગમ આગની ઝાળ. ને પાવડા ભર બે ભર! થાપોટા રહી ના જાય! આગવાળાના તે કંઇ અવતાર છે! આઠ દિમાં એક રાત ઘર નહિ; પૂરું

પાધરૂં ખાવાનું નહિ; સૂવાનું તો નામ જ ક્યાં! ઓ ભગવાન!

રામચરણઃ સચ હૈ બાઇ! પાસીન્જર જનત કે દો રૂપયે કા કિરાયા દીયા ઔર ગાડી મેં બૈઠા કે ચલા ગામ. લેકિન નહિ જનત કે બલ ઘોડે સે ભી આદમી બેહાલ હોતે હૈ. આગવાલે કે પસીને સે તો સારે એંજિન કી આગ બુઝ જાય.

બાધરઃ (મેલાં કપડાં પહેરી બહાર આવી) ઓ ભગવાન! રૂખી, છાતી દુઃખે છે આજ તો! સાલું નહિ જ જવાય!

રૂખીઃ તો હું તો કકળું છું જ ને! ના જઓ—મારા હમ! ફોરમેન ગયો જહન્નમમાં. તમે છો તો બધું ય છે.

બાધરઃ રૂખી! રૂખી! પેટ કાંઇ મેલશે? (બેસી જાય છે.)

રામચરણઃ અરે બાધરજી, હિંમત રખ્ખો! રામ કા નામ લો. સબ અચ્છા હો જાયગા. છાતી દુખતી હો તો સિક રપોટ દે દો. રેલવઇ કે લિયે કયા જાન દેંગે!

[મેલા પાટલૂન ને બ્રીચીસ સાથે બત્તી ને કાગળ લઈ બીજો માણસ આવે છે.]

રામચરણઃ યે કૌન હયવાન આયા અભી?

બાધરઃ (જોઈને) કોણ; ઓ, એ તો ઇસ્ટોરકીપર દેખાય છે.

રામચરણઃ યહી રાસ્તા મિલા ઇસકો!

સ્ટોરકીપરઃ એ બાધર કા ઘર કૌનસા!

રૂખીઃ કેમ શું છે?

સ્ટોરકીપરઃ ફીધર હય બાધર?—ઓ એઇ! ચલોચલો, કૉલગૅાય બોલા કે નહિ? એકદમ ચલો.

બાધરઃ હમ નહિ આ સકતા; હમ સિક મેં જાતા.

સ્ટોરકીપરઃ અરે ચલો! સિક મેં જાનેવાલા નહિ દેખા તો! કયા

હો ગયા ઈતને મે ! દિખતા હય તો પકડા જૈસા. ચલો ફોરમેન ચિલ્લાતા હે.

રૂખી: ચિલ્લાતા તો છે ચીલ્લાય; આજે એ નહિ આવે.

સ્ટોરકીપર: તુમ હમારી સાથ જાસ્તી બાત મત કરો. ચલો એઈ, હમ તુમકુ ધસડ કર લે જાયગા.

બાધર: અરે બાપા, મારી છાતીમાં દુખે છે; જરા જોર નથી; ભાઈસા'બ હું ઢોંગ નથી કરતો.

સ્ટોરકીપર: બખત જાતા, આતા કે નહિ ! નહિ તો ડિસમિસ કરાતા હય, બોલો !

રામચરણ: અરે ઇસકી હાલત તો દેખો ! દુસરા કોઇ આગવાલા મિલતા કે નહિ ! બસ યે હી બાધરજી હી દિખતા. અભી તો આયા; અન્ડરરેસ્ટ કૈસા જા સકે બિચારા !

સ્ટોરકીપર: (હાથ પકડીને) ચલો, કાયદા બતાતા હે હમકુ. અંડર-રેસ્ટવાલે આયે ! બૌત દેખા ઐસા.

બાધર: ભાઇ, આવું છું. રૂખી ! હું જઉં છું. નોકરી કરવી ને બાદશાહી ભોગવીએ એ કેમ બને ! હશે, આટલો નારણીઓ મોટો થાય ત્યાં સુધી કાયા ઘસીશું. લે હુંભાળ રાખજે. રામભૈયા જે રામજીકી.

રામચરણ: કુયેાં, જાતે હો, બાધરજી !

બાધર: હા, આ જોતા રહેજો ભાઇ ! પેટ પડ્યું તે શું કરીએ ! અત્યારે નોકરી ગુમાવીએ તો બીજે કોણ ઊભું રાખવાનું હતું જે !

રામચરણ: જે રામજીકી !

[બંને જાય છે.]

બાધર: (જતાંજતાં) રૂખી ! ધીરજ રાખજે.

રૂખી: (રડતાં) એ હંભાળજો. રામભૈયા ! આવું કેટલા દા'ડા વેઠાય. એવું થાય છે ! એ ભગવાન ! એ રે, બળ્યો ભગવાને કાં સંતાઇ બેઠો છે!

રામચરણઃ રામ કા નામ લો ભાઇ, સબ અચ્છા હોગા.

[રામચરણ ભજનની એક લીટી ગાઈ રહે છે. તે પૂરું થતાં]

રૂખીઃ આ કંઈ ઓછો જુલમ છે, રામભૈયા ! આગવાળો બે કલાક વહેલો જાય, એન્જિનમાં આગ નાખે, તેલ પૂરે, તપાસે ને દરાવર સૌથી છેલ્લો રાજા જેવો જાય; અને પગારમાં એને આઠ રૂપિયા રોજ, દશ રૂપિયા રોજ; ને આગવાળાને દશ આના પણ નહિ માંડમાંડ. અને વૈતરામાં કોલસા ભાંગવાના, આગ પૂરવાની, રેંગલ જોવાના, લેનકલીઅર લેવાની ને ગાડી બગડે કરે તે જોવાનું તે જુદું; એકલો માણસ તે કેમનું કરે, મરે!

રામચરણઃ રેલવેકી કુછ બાત મત કહો, ઓ તો સબ જૂઠા. સબ પોલ, બડા ઘોટાલા. ટરાફીકમેં દેખો, લોકોમેં દેખો, એંજીનરીમેં દેખો, ઔર એકેટરીમેં દેખો, સબ લાંચરુશ્વતસે સડે હુય. ઔર ગરીબકી તો પૂછો મત. કીસીકી દાદ ન ફરિયાદ. પીલા ટંગા ઔર ટોપસ લગાયા કે સાબ–અફસર બન ગયા. ચલતી હે! રામરામજી! રોટી તૈયાર કરો, બાઈ.

રૂખીઃ હા ભાઈ હા. રડ્યું ઘાસલેટ પણ થઇ રહ્યું છે.

રામચરણઃ યે રખ્ખો હમારા ફાનસ. હમકો જરૂરત નહિ.

રૂખીઃ ભૈયાજી, તમારો પાડોશ છે તો આટલી ઓથ છે.

રામચરણઃ અરે રામકા નામ દો.

[બંને અંદર જાય છે. બે સાહેબ હાથમાં ટેનિસ રૅકેટ સાથે બાંપા તરફ જતા દેખાય છે. વળી એકાદ બે પીઘેલ સાહેબ અને મડમ જતાં દેખાય છે. રૂખીના નળ પર જવાના ને પાણી લાવવાના ફેરા આંટા ચાલુ જ છે. એનું ને જોન્સનું આવવું સાથે જ થાય છે. જોન્સને થોડોઘણો ચડેલો છે.]

જોન્સઃ એઈ! એઈ! યુ ગર્લ, સુનટા નહિ ગ્લડીસ્વાઇન !

[રૂખી અંદર ચાલી જાય છે.]

એઈ કીધર ગયા. એઈ હોકરા કી મા! બ્લડી કાઉર્ડ! કમિંગ આવ. (કૂવાની પાળ પર બેસે છે.) હેં, એ બોલ કમિંગે ગયા હેં. હોકરા! હોકરા! હોકરા આ..... સબ મર ગયા હેં! (એકાએક કોઈ લશ્કરિયાં આતો કૂબીની કોરકી નરફ નય છે.) હુરાલાલાલાલા . . . . હેં! આમેરી આય બોલો, બાર કેવા, હેં! કમિંગ આવ. (કૂબી બારણામાં આવી ઊભી રહે છે.) હેં કીયર! (બાજવા નય છે.)

કૂબી: આવો ના મૂવા પીવેલ!

જોન્સ: હે આમ બેસા કેવા, હેં!

કૂબી: તારૂં સત્યાનાશ નય, ના નીકળ બારીથી.

[બારણું કેવા નય છે; જોન્સ તરત જંદર પસવા નય છે-પણ કે ને પહલવારમાં બેકા આઈ બારણાર પકેલાનો જોન્સ બોલતી પર આવી બે છે. રામચરણ પાસુ તરત બહાર આવે છે.]

રામચરણ: યે કયા નયા ટિકટિક આયા—યે કૌન જોન્સસાબ! અરે ભઈયો કયાંસે, એ કયાવરખાના નદિ.

કૂબી: અરે મારો એને, રામક્રિયા! ઓરડીમાં ઘૂસી આવે છે, ને કાકરાંકાકરાં બોલે છે.

રામચરણ: યે નઈ બલા, રામરામ! યે રાત કયસી કી બયગી. એઈ જોન્સ સાંબ! યહે ભઈયો કયાંસે! કયસા ગંધાતા! કૂબિકા રંગોટ બી કેસા કરે! કૌન સુનેગા! (પકડીને કોબો કરી બકકેસે છે.) ભઈયો ઇંધરસે! નદિ ભયગા તો રામદંડ કિરાડિગા.

જોન્સ: યુ બ્લડી સ્વાઈન! યૂપ રહો! તુમ કૌન હેં.

રામચરણ: અરે તેરા બાપ બૈરવ હેં. જતા હેં યા નદિ! સીધા-સીધા યહે ભઈયો.

જોન્સ: હેમ યુ, બ્લડી બદમાશ. હુમ મારેગા હુમકો.

રામગરણુઃ ગેધ મું સમાલકે બોલો, ગાલી મત દો. મારનેવાલા નહિ દેખા તા. (અંદરથી રામગરણ લાવી બતાવે છે.) બોલો અબી કયા લિયાવ હૈ! બના હૈ યા નહિ રીબારીબા! નહિતો જમીન સાથ સપાટ કર દૂંગા.

ગૈનરાઃ (ડરતાંડરતાં) યુ હૈમ! હમ મારિગા તુમકો બલડી રોગ.

[ગાડયો બય છે.]

રામગરણુઃ મારેંગા! અબી ગોલાદ બાતમ કર દૂંગા, બદમાશ. બનગો કામ કરો, બાદ. મેં અંગલીસ દિવાલી તો હોગો! સા'બ બના હૈ! કલાંકે સાબ. બાપ હૌન, મા હૌન—રામ જાને. ગૉટપિટ કિયા તો કયા કર ગૈં? બનાબર જૈસા, બાબી રેલવરકી બરાબરી કરતે વો લોક!

[કણી અંદર બય છે. ફૉલબૅાય પાછો ફરતો બણાય છે.]

ફૉલબૅાયઃ અરે રામબૅાયા! તબારી ગાય આજે કેમ રબડતી મૂકી છે. પેલા ફોકસન સાહેબના બંગલાનાં ઝાડવાં બગાડી નાબ્યાં છે તે બીજાયો છે ને ગાયને મારી તે બુદ્ધી. એ બૂરે બાંધતે, નહિ તો બાધરજીનો દંડ કરશે.

રામગરણુઃ અબે ચલ બે, દંડવાલી! બાધરજીકા દંડ કિસ લિયે?

[કણી બણાર આવે છે.]

ફૉલબૅાયઃ તે જાણે આમને બબર નહિ હોય કે એ બાધરજીની ગાય છે, ને પાળો છો તમે તે.

રામગરણુઃ તો કયા હુબા, ગુનહા કિયા?—કયા બો ફોકસને ઉસકુ મારા. મારકુ મારા? દીઠ લગ, અબી દેખતા હું.

કણીઃ બૈયાજી! આબારે લીધે તબે પંચાત ન બધારશો?

ફૉલબૅાયઃ અરે હાં, બાધરજી ગયા કે? બો હું કહેવું ભૂલી ગયો. રાતની દબાખાનેલને જતાં આવતાં રસ્તે મશાલચી ઊભા રાખબાના છે. આ બોગાં નારબૂચિબાનું નામ નોંધાયું છે. આડ બાના બણશે.

રામચરણઃ કાયકા નામ ?

કૉલબૉયઃ એ આ ઇસપીસલ વખતે આખી લેન પર મશાલ ઝાલીને માણસો ઊભા રહેશે એમાં; આ તો જણ્યું તે કીધું. ટેશન પરથી ફોનમાં દીધેલ છે.

રૂખીઃ ભૈયાજી ! શું છે એ !

રામચરણઃ અરે કુચ નહિ, જાઓ; સારા દિનભર તો વો નૌકરી કરતા, રાતકુ ભી નૌકરી કરતા, ઔર યે ઠંડીમેં કીધર ખડે રહેવે ઔર કયસા ખડે રહેવે ? જાઓ તુમ.

કૉલબૉયઃ મારે શું—એ કંઈ ચાલવાનું હતું ! નહિ જશે તો દંડ થશે. એકલો નારણીઓ ઓછો જ જવાનો છે ! કંઈકનાં નામ નોંધાયાં છે.

રૂખીઃ અરે પણ શાનાં નામ ?

કૉલબૉયઃ એ તો રામભૈયો કહેશે તમને, રૂખીબેન ! ટેશન પર વહેલો મોકલજો. (કૂવા તરફ જાય છે ને ત્યાં ફરે છે.)

રૂખીઃ ભૈયાજી, આ બધું શું થવા બેઠું છે ? આજે એ ગાડીએ ગયા તે રોટલા વિના ગયા. તે હજી રોટલા પણ કરવાના—ને તે ક્યારે લઈ જશે ! નારણીઓ તો વટંગરૂમમાં પંખો ખેંચવા ગયો. મુઆઓને આ શિયાળે પણ તાપ લાગે છે.

કૉલબૉયઃ ઓટલું છે તો એ રૂપિયા મળે છે; એમ કેમ બોલો છો !

રૂખીઃ ભૈયાજી ! કહો, રોટલાનો ટેમ રહેશે ! હું કરી નાંખુ—ને ગાડી પર પોંકશે વહેલા !

રામચરણઃ હાં, સબ હો જાયગા. નહિ તો મેં લે જાઉંગા. અભી તો ગાડી નીકલનેકુ દેર હે.

કૉલબૉયઃ (જતાંજતાં) રામરામ ભૈયાજી !—જુઓ તમારી કે બાંધરજીની ગાયને ટેકાણે બાંધજો, નહિ તો કમતની ગુમાવશો. (જાય છે.)

ગોપાલ : (બારણામાં ઊભો રહી) કોણ કોણ ઘરમાં છે ? બધાં બહાર આવો, બધાં બહાર આવો, બુનો ! આજ આનંદના દહાડે તમે બધાં બહાર આવ્યાં—આખી દિવસ તમે બધાં બહાર આવ્યા તો બે ઘડીમાં ગામનાં બધાં ઘર તમે જોઈને આવી જશો.

કૈલાસચંદ્ર : ૧-૧-૧૯૧૧, (વહેમ છે) અંધારું, બંધ બારણે—બધાં બંધ.

રાજારાણી : આજે ઉઘાડા કેમ બોલ્યા ! બે ઘડીમાં કેટલું થશે ?

[કૈલાસચંદ્ર બારણાની ફ્રેમમાં દેખાતો ઊભો છે, રામચરણ બીજો ગુસ્સા-માં કરેલો લીલો રહ્યે છે ને પડદો પડે છે.]

અંક ૧ . . . પ્રવેશ ૨

પાત્રો

લલ્લુ, ડાભાઈ, જીવી, ઝંખી, મેલભાઈ (મેલીઓ)

ગુલામમહમદ, કૉલર્બાય.

રાતનો વખત. કારખાનાની બહારની ભીંતની બાજુમાંનો નાનો પૅસેજ. પડદો કાળો. (શાથી જે અંદરના પહેલા પ્રવેશનું દૃશ્ય, આ દૃશ્ય દરમિયાન બદલી શકાય છે.) મેલીઓ, લલ્લુ, ડાભઈ, ગુલામમહમદ વગેરે 'દલીનરો' મેલાં કાળાં કપડાંમાં બેઠા છે, આવે છે; બે બત્તી સામસામી અને એક તેડિયું બાજુ પર બળે છે. બત્તીનો પ્રકાશ એ જ પ્રકાશ.

[સૌ બેઠા છે, ને બે બાઈઓ ટોપલો ઊંચકી પ્રવેશે છે. આખો વખત એન્જિનના સુસવાટા, વિ'સલ, ખડખડાટ વગેરેના અવાજ અંતરે અંતરે આવ્યા જ કરે.]

લલ્લુ: મેલભઈ નઈ આયા ?

ડાભઇ: આયા'તા, જરા મોડા; મકાદમે હાજરી ના પૂરી તે કિરપા-શંકર પાહે પૂરાવા ગ્યા છે.

લલ્લુ: એ મકાદમ કંઈ મેલભઈ પર બળતો હહે. મેલભઈ બચારો બથાગનો ભલેો માણહ, ના કોઈનું નામ દે.

ડાભઇ: તો એ જ તો દુઃખ સે. રેલવઇને ભલા માણહની નોકરી ના પાલવે. ઓલા ફોરમેન અગાડી મેલભઈએ જરા મકાદમનું કાયું કાપ્યું, તે દા'ડાની મુકાદમની આવી આ દાઝ. કઈ જણે મુકાદમનો દિલનો મેલ ! જણેા છેા ? લલ્લુશંગ !

લલ્લુ: હું ?

ડાભઇ: બાયડીઓને પણ હતાવં છ. એલા ગુલામમહમદનેા હહણાટેા ના હેાય તેા એ ઝાલ્યેા ના રે.

લલ્લુ: ઑવે ઑવે, ગુલામમહમદથી તેા એ ભારેનેા બીવે છે. ગયે મહિને પગાર થતાં તદ્દણ પગારનાં પડીકાં આવાં એણે એાળવેલાં, તે એવા એ ગુલામને બબ્બર પડતાંક ને એ તેા હીધેા પેાક્યેા એની પાહે ને જે દમ દીધેા ના...

ડાભઇ: કેાનાં પડીકાં એ ?

લલ્લુ: એક તેા આપણા બાધરજીનું, બીજું રતનીઆનું ને ત્રીજું રધલીનું: કુલ્લે પાંહઠ રૂપિયા !

ડાભઈ: ગુલામમહમદ છે કેવેા બાઈલિર જેવેા ? ને વળી નક્કર!

એક દે તો બીજી ના માગે.

લલ્લુ: ને પાછો ભગવાનનો માણહ. જબરો ગરીબનો બેલી.

[બે ભાઈ નીકળે છે.]

જીવી: એ કોણ બેહા સે, લલ્લુશંગ કે ? ને ડાભઈ? લે ઝંખી ! મેલ જરા ટોપલો હેઠે. તાપતા જઇએ શગડીએ.

લલ્લુ: બેહો બેહો, જીવીબેન! જરા ઊના થાઓ. અત્તારે કઈ ગાડી ભરવાની બાકી છે હજી ?

જીવી: અરે ડોકી રહી ચાલી ને ભઇ! એવી એ ઈસ્પીસલની જ મેા'ક્કાણ તો! ઐંહી ટોપલા તો મુમ્મઇવાળી ગાડીએ ખાધા; ને થોડા એવા એ કુમકુલાસમાં નોંધ્યા. અને હજી મેલગાડી ભરવાની એ જુદી. એક ટોપલે માંડ માંડ બે દોઢીઆ, અને ઇમાંથી યે મકાદમ કાપશે એ ઓછા.

ઝંખી: સત્યાનાશ જાય એ મુઆ મકાદમનું!

જીવી: હા, પાછેા. હમણાં આ ઝંખીની પાછળ પડ્યો છે. કૂહેસે કે પાંચ રૂપિયા આલે તો રખલીને કામ પર ચડવા નામ નોંધાવે. હવે એ તે બચારી પાંચ રૂપિયા ચ્યાંથી કાઢે ?

ડાભઈ: એને નથી બાયડી કે નથી કોઇ પાછળ ખાનારું. કોને માટે થમણી એકઠી કરતેા હશે ?

જીવી: બાયડી નથી એટલે જ તો ગામની બાયડીઓ શોધતો ફરંછ.

ઝંખી: ઑવે, તો ! બાયડી છેસ્તો ! પણ કાઢી મેલી સે. હંગાથે રે એ ચમ પાલવે ?

લલ્લુ: એનાં કરમ એ ભરહે! એવા તો કંઇકના નિહાહા ખાતો હહે.

ઝંખી: કૂતરાને મોતે મરશે, જોજો મારા બોલ, મડદા પર લોટો પાણી પણ કોઇ નહિ નાખે !

જીવી: લે ચાલ બા, ઊઠ. એ કપાતરનું પા'થણું આપણે કાં માંડીએ ?

હજી તો કાળમખી ગાડીઓ ભરવાની સે, ને રાત તો ચાલી.

ડાભાઈઃ લા, એ તો હુમણાંક ને વીસલ મારશે.

ઝંખીઃ લે માડી!

લલ્લુઃ એ આવજો, જીવીબેન!

જીવીઃ એ આવે, ભઇ!

ડાભાઈઃ લલ્લુશંગ! આ ટાઢમાં બાયડીઓને રાતપાલી એ તો દઇનો જલમ બાપજી!

લલ્લુઃ હું કરે બચ્ચારાં! હોને પેટની લાગેલી હોય ને?

મેલભાઈઃ ઓ રામ!

[મેલીઓ ને ગુલામમહમદ આવે છે.]

ડાભાઈઃ કેમ મેલભાઈ થાકીને પડ્યા.

મેલભાઈઃ ટનરેણલ પર ગાડી ફેરવી; ને પછીનું પૂછો ગુલામભાઇને.

ગુલામમહમદઃ સું પૂછે! આ મુકાદમને એક રોજ નદી પર લઇ જવો પડવાનો છે.

લલ્લુઃ કેમ, વળી કંઇ નવી ભાંજગડ ઊભી થઇ છે હું?

ગુલામઃ ભાંજગડ સું? એના દિવસ બગડેલા છે. હરામખોરે હુમણાં બાધરજીને માર્યો. હું હતે નહિ તો તો સું બી થતે. અન્ડરરેસ્ટ કેમ જાય એ? સાલી ઇસ્પેસલ જાય જહન્નમમાં. ગિયારાએ જરા જાસ્તી તેલ માંગ્યું. સાલી ગાડી તદ્દન કોપરણરાસ. ઇસ્ટીમ લીક થાય. વાકયુમ ટુએ બરાબર નહિ. સું કરે? તો બી ગિયારો જવા તૈયાર થયો, તો તેને માર્યો!

મેલભાઈઃ છાંટોપાણી પીને તૈયાર. આંખો તો જોવા જેવી.

ગુલામઃ આંખો સું? મોંને જીભનું પણ ક્યાં ઠેકાણું? હું તો આંખથી જ પરખી ગએલો.

મેલભાઈઃ ગુલામભાઇને જોયા કે ને થંડો!

ગુલામઃ ઘંડો નહિ થતે તો આજે તો એક ખીલાવી દેતે. (હસીને) સાલ્લો....સાલો, (ઊભો થઇ અભિનય કરતો) હું જરા આમ જાઉં કે આમ પાછો હઠું. અરે ગાડીકા ચક્કા જેવા તો મગજ ફિરતા ઉસકા! (બેસીને) લે ભાઇ, નિકાલ તેરા પોટકા; પેટને થી જરા સંભાલસે કે નહિ હજી?

ડાભાઇઃ હજી તમે લોકે રોટલા નહિ ખાધા?

ગુલામઃ સું ખાય! આહ વાગાથી તો આ ચાલ્યું છે. બે તો ગાડી ફેરથી. ટનટેણલ જતા ને આવતા.

લલ્લુઃ બીજી કઈ ગાડી? એક તો દહે ફેરવી.

ગુલામઃ હમણાં ઈન્ડિપેંડીઅલની મો'કાણુ છે ને? દુ દુવેન્દીનાઈનિ. ને સાલું ટનટેણલ બી હમણાં એનું જામ થઇ ગયું છે! એકદમ બસતું જ નહિ.

[બાવા માંડે છે.]

મેલભાઇઃ લ્યો બથાયું ગુલામભાઇ!

ગુલામઃ બસ ભાઇ! બણુ પીરસ નહિ મને. મગજ તપી જસેતી તો મુફાદમનો મુકાબલો થઇ જવાનો છે. (બધા હસે છે.)

લલ્લુઃ આજે રાતે કંઈ ઝોકું બાવાની આશા નહોય.

ડાભાઇઃ આજ રાતે ને, રોજ રાતે! કંઈ નવાજૂની તો બરી જ. આજ તો ફેરમેને પણ ટેચર અહીં નંખાવ્યો છે.

લલ્લુઃ હા, સાલ ચાર વાગા સુધી અહીં હુવાનો છે.

ગુલામઃ સાલા ડરતા બી કયસા! સાથમેં બંદુક રકબી હોય. જો એક પડે ને તો એની પાંસળીનો આ ફ્રેલશીના જેવો ભુક્કો થઇ જાય!

મેલભાઇઃ રોટલો બાગ્યો રોટલો, ગુલામમહમદ! વચ્ચે એનું નામ દઈ સવાદ ના બગાડો.

ડાભાઇઃ આ તે કંઈ કારખાનું છે?

ગુલામઃ અરે ભાઈ! બધા જ એવા. એ મારો ભાઈ પીરમહમ્મદ

દરાવરમાં ફરે છે, તે પણ એની એ જ વાત કરે છે. એણે તો આખી લાઈનનાં દરાવરખાનાં ને કારખાનાં જોયાં છે. છ છ મહિને એની બદલી. એથી તો એ આખી લાઈનનો ઉસ્તાદ બની ગયો છે. એકેએક ઈસ્ટેસન, ગ્રેડીએન, ગંધાણું, બ્રિજ, સીગનલ બધું જાણે. અને નોકરીમાં કોઈ દિવસ એક કાળી ચોકડી કે ટાંપ નહિ. બધી ગાડી રેટ ટેમ. ટ્રાફિક ચાલે ત્યારે ગુડ્સ ઑવરલોડ આવે તો યે ટાઇમ લુસ નહિ. પણ ગ્રેડ 'બી' કલાસ. હમણાં પેલા ફસ્તમજીને 'એ' કલાસ આપવાની વાતો ચાલતી હતી.

લલ્લુઃ કોણ, ફસ્તમ કોદ્દીએ ?

ગુલામઃ નહિ; પેલો ફસ્તમજી ધુળ્ળરો. નાગજી, ફસ્તમ ધુળ્ળરો ને મારો ભાઈ એકસાથે નોકરીએ ચઢેલા, ને નાગજી હજી બચારો સંટરમાં આંટા માર્યા કરે છે.

ડાભઈઃ નાગજીનો તો ઍકસીડન્ટ થએલો ને?

ગુલામઃ સું ઍક્સીડન્ટ થએલો? મને ખબર છે હવે. સાલા દરાવરનો વાંક. બત્તી જોઈ છતાં આગળ ધપી ગયો. ને આંધળો હતો તે 'ધક્કો' જોઇલો નહિ! અરે આખો કેસ બધો બનાવટી. દરાવરને બચાવતાં નાગજીને સસપેન્ડ કરેલો. ગરીબ બચારાનું સાંભળે પણ કોણ ?

[અંદરથી અવાજ]

અવાજઃ એ કલીમેનો ઓ . . . ઓ . . . ! ગાડી ફિરાવવાની છે.

ગુલામઃ (ટોળમાં સામે) એ . . . મૈયત લઇ જવાની છે? બેસો, જવાય છે. વળી કઈ ગાડી બાકી રહી હજી? જરા મન વાળીને બેહા નથી, ત્યાં તો ધૂમાધૂમ.

ડાભઈઃ હું નોતો કેતો, કે આ જ રાતે ધમાધમ ચાલવાની.

[ફરીથી ધૂમ]

અવાજઃ એ કલીમેન... લોકોઓઓ . . . . ! !

બધા: એ ઓહો....

લલ્લુ: ચાલો ભાઈ ચાલો, નઈ તો ટનટેબલ પોંકતાં અડધો માઈલ જોગવો પડહે. આ તો અંજીન ભેગા ખેંચાઇએ.

ગુલામ: હા ભાઈ હા, એ બી ખરૂં. ચાલો આજે તો ગાડીમો ફેરવીને જ રાત કાઢવાની છે.

કૉલઍાય: કોણ બોહા છો? સાંભળતા નથી? ગાડી ફેરવવાની છે.

ગુલામ: સુના, અબ સુના! ધૂમ મત લગાઓ. ગાડી ફિરાનેકા હૈ વો તો ફિરાઇંગે, મગર ટનટેબલમેં જરાસા તેલ ડાલનેકા બોલો. એકદમ જામ હો ગયા હૈ.

કૉલઍાય: વો ઇસ્ટોરવાલેકો બોલો, અમકો મત બોલો.

ગુલામ: અબે લલ્લુકા પકડા! કેમ કંઈ મગજમાં વધારે ચરબી આવી ગઇ છે કે સું?

[પકડવા જાય છે પણ કૉલઍાય નાસી જાય છે—ને બધા જાય છે. એટલે અંધારૂં થતાં કાળો પડદો ઉપાડી લેવામાં આવે છે.]



અંક ૧ . . . પ્રવેશ ૩

પાત્રો

લોન્સ, ટૅનબી, નારણ, મુસાફર, આસિસ્ટન્ટ
સ્ટેશન માસ્તર, ડેવિડ, નોકર, કૅદેજ સાહેબ
ભવાનસિંગ, ચા વાળો, કૂબી, નારણીઓ.

પ્રભાત મધરાતનો. સ્થાન વેઇટિંગરૂમ. એના કરનિચરમાં: ટેબલ, ખુરશી,
બત્તી, ઘડિયાળ, બાંધ એક જ જાતનાં. કંડાકટરીઆ માલ.

[એક મુસાફર સામાન સાથે આવે છે. મન્નૂર સામાન મૂકી ચાલ્યો જાય છે. નારણ એક ખૂણામાં ઝોકતો બેઠો છે. શિયાળો છે, એટલે પંખો બંધ છે. પીળા ટંગીઆ ને ખમીસમાં એક આરામ કુરશી ઉપર એક દેશી સાહેબ પડ્યા છે. ધીમે ધીમે બધા સોડા ભરાઈ જાય છે. એવામાં જોન્સ આવે છે. એનો વેશ એન્જિન પર જવાનો છે.]

જોન્સઃ (પ્રવેશતાં) ગ્લડી કોલ્ડ! ઢેમ! અલ્લો સ્ટૅનલી!

સ્ટૅનલીઃ અલ્લો જોન્સ! યુ ગોઇંગ લાઇન?

જોન્સઃ યસ! ગ્લડી ગુડ્ઝ, વૉટ યુ ડૂઇંગ?

સ્ટૅનલીઃ ગોઇંગ હોમ, ઑન લીવ, મૅન!

[બીજા સૂતેલા મુસાફરોને ખલેલ થતાં તેઓ રોકકાં ઘણાં કરે છે, ને પાછા ઓઢી સૂઇ જાય છે.]

જોન્સઃ ઓ! એ છોકરા! યુ'લ હૅવ ટી? ચાં, જલ્દી હો કુપ યા બોલો. યસ સ્ટૅનલી! કૅયં, દેસ જાતા, હું? હુમારા એક કામ કરના; બોલો, તુમ કાયકુ જાતા?

સ્ટૅનલીઃ યસ જરૂર, અમ જાતા એ ગ્રાઉન્ડ ટ્રબલ, ગ્લડી નેબર!

જોન્સઃ કહાં, અપના ગામમેં? યસ, કોન ઓ લક્સમન?

સ્ટૅનલીઃ યસ લક્સમન. કોર્ટમેં કેસ લગાયા હે હસને. યુ નો અવર હાઉસ. વૅટ ગ્લડી પૅસેન્જ—મિડલ વન. માઇ ઍન્ડ લિઝ હાઉસ. વો જે રસ્તા હે ને?—

જોન્સઃ યસ યસ, પીટી—

સ્ટૅનલીઃ હી સેઝ વૅટ ગ્લડી પૅસેજ ઇઝ હિઝ.

જોન્સઃ ઓ ગ્લડી નીગર! યુ ગો ઓમ્બે ફર્સ્ટ-પેહે.—

સ્ટૅનલીઃ યસ, મન.

જોન્સઃ હુમારા એક વર્ક હે. બ્રાઉનકો બોલો હુમારા ટીપોઇ હજી ક્યોં નહિ ભેજા. યુ સી, મૅન! વો હુમારી ટીપોઈ–તો ડી.એલ.ઓને જોયા, બસ ખલાસ. બ્લડી! સેઝ આઈ વૉન્ટ ધટ. બસ ખલાસ, તો શૉપ કા કારપેન્ટરકી પાસ ભેજા; અબી પીછે નહિ આયા.

સ્ટૅનલીઃ ધિસ ડી.એલ.ઓ–નાઈસ મૅન–હું–

જોન્સઃ વૉટ નાઈસ! બ્લડી સ્ટ્રૉંગ, ટેન મિનિટ લૂઝ ટાઈમ, બ્લડી રીપોર્ટ, બસ ખલાસ. ફોરમેન સેઝ હી હુ નથિંગ. બસ ખલાસ. હૅવ સ્મૉક, મેન?

સ્ટૅનલીઃ થૅંક્સ મૅન! એઈ છોકરા!–યુ ઑર્ડર ટી? બોલો ચા જલ્દી લાવો. બસ, જાઓ. (નારણીઓ જાય છે) બ્લડી ટી મૅન!

જોન્સઃ કમૅલૅંગ સ્ટૅનલી! યુ નો, એ છોકરાકા મધર અચ્છા હે–બ્લડી ફાઈન.

[એક મુસાફર દેશી પોષાકમાં સામાન ઊંચકાવી આવે છે. જગ્યા નથી એટલે જોન્સો ઊભો રહે છે.]

સ્ટૅનલીઃ આઇ સી, રીઅલી?

જોન્સઃ યસ; બ્લડી ગુડ વન. આજ ઈધિર ઝગડા હો ગયા.–બ્લડી હીહી હીહી..... ...

[ખડખડાટ હસે છે, ફરી બધાને ખલેલ થાય છે. દેશી મુસાફર આવીને જોન્સની સામે પડેલી ખુરશી જે પર એણે પગ નાખ્યા છે તે આપવા કહે છે.]

સૉરી! હમ સોતા હે–જાઓ, ખુરશી નહિ મિલેગા—

મુસાફરઃ પણ બીજે જગ્યા નથી ને?

સ્ટૅનલીઃ ગો ટુ બ્લડી હેલ! હમ ક્યા કરે? યે સેકન્ડ કલાસ વેઇટિંગરૂમ હય—

મુસાફરઃ હવે હા હા—મારી પાસે પણ સેકન્ડ ક્લાસની જ ટિકિટ છે. બુરશી નહિ આપશો તો હું સ્ટેશન માસ્તરને કહીશ.

જેન્સઃ છઃ છઃ ગો ટુ હેલ આઈ સે! યસ, છોકરા! ઑ યા ફ્રીધર હે—બ્લડી?

[ચાવાળો ચા લઇને આવે છે. મુસાફર કંઈ તો બહાર જાય છે.]

બ્લડી ઇન્ડીઅન! નો મૅનર્સ ઑટૉલ. કમૅલૉંગ સ્ટૅનલી, સ્યુગર? ટુ, થ્રી.

સ્ટૅનલીઃ બૉય, બૉય! (ચા પીએ છે) ગ્રેઈ! (બોટેથી) ફ્રેક્સ ફ્રીધર હૈ—ૅમ! ફ્રેક્સ કે લિયે બોલો, જાઓ, ભાગો!

[આસિ. સ્ટેશન માસ્તર અને મુસાફર આવે છે.]

આ૦ સ્ટે૦ માઃ (બિજાજમાં) શું છે ભાઈ? વળી શો ઝગડો? સાલા સ્ટેશન માસ્તરો તે મરે—

મુસાફરઃ ક્યાં સૂઇએ, કહો હવે. આ એક બુરશી.

જેન્સઃ ઑલૉ સ્ટેશન માસ્તર! યુ ઑન ડ્યૂટી! કૅયેં કૅયસા હય?

આ૦ સ્ટે૦ માઃ યસ, અચ્છા હે—ઑલૉ સ્ટૅનલી. ઑન ટ્યૂટી ટિલ થ્રી, તીન બજે ઘરકો જાયેંગે. સાલી રાત નહિ અહીંની કે સાંની.

મુસાફરઃ પણ અમે ક્યાં બેસીએ–ક્યાં સૂઇએ?

આ૦ સ્ટે૦ માઃ મારા બોળામાં! જગ્યા નથી ત્યાં હું શું કરું? તમારે માટે બાટલા ઘડવા બેસું?

મુસાફરઃ પણ આ સાહેબો અમસ્થા બે બુરશી બગાડતા બેઠા છે, તે બેક આપે તો શું?

બેક ઉંચ્ચેસ સાહેબઃ (ઊઠીને) યુ ડૅમ! ફ્રીતના અવાજ કરતા હે–સોને દો! હમકો.

સ્ટૅનલીઃ અલ્લો ડેવિડ! યુ હીઅર!

ડેવીડઃ ડ્યૂટી, બ્લડી ડ્યૂટી! ગોઇંગ લાઈન.

આ૦ સ્ટે૦ મા: અરે મિ. ડેવીડ, તમારો વાયર હતો ! હોમ લાઈન ટેલિફોન પણ બગડેલો છે.

ડેવીડ: બી બ્લોન બ્લડી ફોન ઍન્ડ હોમ લાઈન ! અચ્છા—ટ્રેનકા ટાઇમ પર જગાએો.

મુસાફર: પણ માસ્તર સાહેબ ! આ બધા રેલવેના નોકરોથી જ આખો વેઇટિંગરૂમ ભર્યો છે, તો મુસાફરો કયાં જાય ?

આ૦ સ્ટે૦ મા: જાગરણ કરે મુસાફરો, બીજુ શું ? કંઈ સૂતેલા હોય તેમને ધસડી બહાર નાખું ?

મુસાફર: પણ કાયદો શું કહે છે ?

આ૦ સ્ટે૦ મા: અરે કાયદો ? રેલવેમાં વળી કાયદો ?

[નોકર આવે છે.]

નોકર: માસ્તર સાહેબ ! ફોન પર બોલાવે છે.

આ૦ સ્ટે૦ મા: લો જુઓ માસ્તરના અવતાર ! તમને સુથાડે કે પણે લોથને જવાબ દે. (ઉતાવળે ચાલ્યો જાય છે.)

મુસાફર: રેલવેમાં પૈસા બરચતાં પણ સગવડ નથી મળતી.

[બહારથી ઘંટા સંભળાય છે.]

સ્ટૅનલી: બ્લડી લાઈન કલીઅર.

જોન્સ: યસ, યુ લીવ ઍટ—સ્ટૅનલી ?

સ્ટૅનલી: ટુ ફિફ્ટીન.

જોન્સ: ઓહ ! હમ એક ઘંટા સોએેગા—એ છોકરા ! યે સબ લે જાઓ, બોલો.

[ટ્રેમાં બે ચાના નાખે છે. એક કૅરેજ સ્ટાફનો નોકર હાથમાં હથોડો લઈને આવીને એક સૂતેલા સાહેબને જગાડે છે.]

નોકરઃ ફૅરેજસાબ ! ફૅરેજસાબ !

ફૅરેજસાબઃ ક્યા હુય—સાલા કૌન હુય ?

નોકરઃ સાબ ! સા'બકા સલૂન સિફ હો ગયા હૈ—વો દેખનેકા હૈ.

ફૅરેજસાબઃ સાલે ખડેમેં ગયા ઓ સલૂન. (આંખો ચોળતો બેઠો થાય છે.) ઓ કૌન, જેન્સસાબ ! ગુડનાઈટ. કીધર જાતા ?

જેન્સઃ ઓ ભવાનસિંગ ! ક્યા તુમ નાઇટમેં હો. અમ ગુડ્સ જાતા.

ભવાનસિંગઃ હા, નાઇટમેં હું. યે દો ગાડી નિકાલ કે જરા નીંદ. નેકો ઈધર આયા તો નયા ઝગડા આયા.

જેન્સઃ અરે અબી તુમ વૅક્યુમ બરાબર નહિ દેખતા—ઔર રસ્તેમેં હુમલોક બૉત હૈરાન હોતા—

ભવાનસિંગઃ હુમ ક્યા કરે—દેખતા તો બરાબર—મગર (બોલતાં ફૅટો—ડગલો—પહેરતો રહે છે.) હોસપાઈપ લીકિંગ રહેતી. અચ્છા—આતા હું યે સલૂન દેખ કર; ગુડ નાઇટ !

[મુસાફર ભવાનસિંગની ખાલી પડેલી જગ્યા પર આસ્તેથી બેસે છે. અને એના ગયા પછી એનું બિસ્તર લપેટી પોતાનું પાથરી સૂએ છે.]

સ્ટૅનલીઃ અભી તુમકો જગા મિલી.

જેન્સઃ વો કૅરેજ એકઝામિનર હુય—અભી આયગા તો તુમકો ઉઠાયેગા.

મુસાફરઃ ઉઠાયેગા ક્યા—રાતની નોકરી કરે છે કે મસ્કરી. વેઇટિંગ રૂમ કંઇ રેલવેના નોકરોને રાતે સૂવા માટે નથી.

સ્ટૅનલીઃ ડોન્ટ બૉધર ! બ્લડી ઇડીઅટ !

[ચાવાળો આવે છે.]

ચાવાળોઃ સા'બ દુસરા દો આના દો.

જેન્સઃ ક્યા ?

ચાવાળોઃ ઈસિપીસલ ચા ફા. દો ટ્રોપ ફા ચાર આના–

જોન્સઃ ચલે જાવ, ગ્લડી ફૂલ! ટ્રેકસ ભેજા નહિ, ચર્બી જાસ્તી પેસા માંગતા? યે લોક બૉત બદમાશ હય.

ચાવાળોઃ પણ સા'બ બે ટ્રોપના ચાર આના તો ખરાને?

જોન્સઃ જાઓ ગ્લડી! પૅસેન્જરકુ અયસા સતાતા હે?

ચાવાળોઃ સા'બ કાયદો છે.

જોન્સઃ ડૅમ યુ ગ્લડી, કાયદા બતાતા? એઇ! ટ્રેટરિંગ ઇન્સ્પેકટર કૉન હે?

સ્ટૅનલીઃ યસ, કૉલ હીમ.

ચાવાળોઃ સા'બ!

જોન્સઃ ગ્લડી સ્વા...ઈ...ન!

[ધક્કો મારી બહાર કાઢે છે. ચા-વાળો બબડતો ચાલ્યો જાય છે.]

ધીઝ ગ્લડી ઇન્ડીઅન્સ! યસ સ્ટૅનલી, તો યે લક્ષ્મણ કા કયા ઝગડા હે? એ પૅસેજ કા ઓર દુસરા કુછ હે?

સ્ટૅનલીઃ નહિ માલૂમ તુમ કો? લક્ષ્મણ રીલેટિવ કૃષ્ણમ કરતા હય. વો બોલતા ઈસિકા બાપ કા બાપ ઓર અપના ફાધર કા કુછ રિલેશન હે–તો જૉઇન્ટ પ્રૉપર્ટી બોલતા.

જોન્સઃ ગ્લડી ફની! ઉસકુ વકીલકી નોટીસ દો.

[બહાર સ્ટેશન પર ઘંટ વાગે છે. ને ધીમે ધીમે દૂરથી આગગાડી આવવાનો અવાજ સંભળાય છે.]

સ્ટૅનલીઃ ઓ ગ્લડી ટ્રેન! ઓલરાઇટ, ગુડ નાઇટ. યૉર ગુડ્સ આફ્ટર વન આવર.

જોન્સઃ ગુડ નાઇટ! સ્ટૅનલી, ગુડ નાઇટ!

સ્ટૅનલી: ચીયર યૂ!

[બહાર જાય છે; બીજા બેત્રણ જણ પણ ઊઠીને બહાર જાય છે. ધીમે ધીમે ગાડી નજીક આવતી જાય છે અને બારણામાંથી ગાડીના દીવા દેખાય છે; બહારની દોડધામનો આભાસ આવે છે.]

જોન્સ: (સૂતેલા મુસાફરને) એઇ પૅસેન્જર! તુમ નહિ જાને વાલા?—

મુસાફર: નહિ; હમ આ બાજુ નહિ. પેલી બાજુની ગાડીમાં મળસ્કે જવાના.

જોન્સ: ઓ! (સૂવાની તૈયારી કરે છે. પાસેની પેટીમાંથી વ્હિસ્કીની ભરેલી નાની બાટલી કાઢે છે. પછી નારણીઆને) એઇ છોકરા! જાઓ, એક ગ્લાસ સોડા લે આઓ. લો યે પૈસા. (નારણ જાય છે.)

[થોડીવારે રૂખી ડોકિયું કરે છે.]

રૂખી: (બીમેથી) નારણીઆ! નારણીઆ!

જોન્સ: હે—ઇન—તુમ? ઇધર કયું આયા?

રૂખી: હાય રે મૂઓ જોન્સ! (ચીસ પાડી બહાર ચાલી જાય છે.)

જોન્સ: એઇ! એઇ!

[—કરતો બાટલી સંતાડવા પ્રયત્ન કરે છે; પછી બહાર જાય છે,—કંઈક વારે નારણીઓ સોડા લઇને દાખલ થાય છે, તરત જ પાછળ રૂખી પણ દાખલ થાય છે.]

રૂખી: નારણીઆ! ક્યાં છે તારા બાપા!

નારણીઓ: એ આ ગાડીએ નઈ જવાના બા.

રૂખી: તો?

નારણીઓ: કલાક પછી, ગુડ્સમાં.

રૂખી: લે તો આ રોટલાનું પોટલું, આલી દેજે. હું.

નારણીઓઃ વારૂ, બા!

રૂખીઃ હારે દરાવર કોણ જા છ, તને બબર છે કે?

નારણીઓઃ આ જ્નેન્સ સાબ, બા.

રૂખીઃ સત્યાનાશ! એ રોયેા કાં પાને પડયેા, મૂએા દારૂડીએા! આ એનું જ ગલાસ છે કે?

નારણીઓઃ હા, બા–ને તું એહજ્જે, એ મારેા જીવ લેવાનેા આજે.

રૂખીઃ એ ચેલા નળની બાજુમાં એેડી છું, બેટા! ગે જાય કેડે આવજે. હુંગાથે ઘર જઇશું.

નારણીઓઃ પાંચ વાગ્યા વના નહિ નેકરાય, બા!

રૂખીઃ તોયે હું એેડીછ બેટા, આવજે.

[જ્નેન્સ હાબલ થાય છે.]

જ્નેન્સઃ એેઈ, વેઇટિંગ રૂમમેં ક્યા બટપટ કરતા હે, યુ બ્લડી નીગર! અંદર કાયકુ આતા? બહાર જાઓ.

[રૂખી તરત મૂબીથી ચાલી જાય છે. ગ્લાસમાંનેા સેાડા લીધા પછી, નારણને]

તુમ બી બહાર જાઓ, ક્વૅમ!

[બાટલીમાંથી ઘેાડેા સેાડા દારૂ કાઢી નાખે છે ને પીએ છે.]

છેાકરા! છેાકરા! (નારણ આવે છે) દેખેા હમકેા તીન બજે જગાઓ. ઔર માસ્તરકેા ભી બેાલેા. નયા ડીપેાટી આયગા–ડ્યૂટી ચેંજ હેાગી, ઇસકેા ભી બેાલેા. ઔર હમકેા સતાઓ મત.

નારણઃ અચ્છા સાબ!

જ્નેન્સઃ વેા તુમ્હારી મા કીધર ગઈ? (સૂઈ જતાં જતાં) ટ્રરાલાલા લા લા લા . . . . લા લા લા લા. . . . . યૂબૉની લાસી ઈઇ. . . . એઇ

છોકરા! બત્તી મુઝાએો.

[નારણ આવી બત્તી મુઝાવે છે.]

ટ્રરાલા લા લા....

[બહારથી ગાડી ઊપડી જાય છે—ધીમે ધીમે. ને ટ્રેન્સ ઊઘી જાય છે. પછી કંઈક વારે અંદર રૂમમાં કોઈક આવતું જણાય છે.]

ભવાનસિંગઃ (બારીથી) હમારા બિસ્તર પર યે કૌન સોતા-ઊઠો.

મુસાફરઃ કયા હૈ-શું છે-ગાડી આવી?

ટ્રેન્સઃ (અમલી) છોકરા-છોકરા-બત્તી લગાએો-બત્તી લગાએો! એન્જિન ફેલ હો ગયા!

[નારણીએો દોડતો આવી બત્તી કરે છે. ભવાનસિંગ મુસાફરને પકડીને ઉઠાડતો દેખાય છે.]

મુસાફરઃ છે શું? જીવ કેમ લેવા બેઠા છો? રેલવેના નોકર છો ને મુસાફરો પર આટલો જુલમ? આટલી જગ્યા પડી છે તો યે અહીં જ સૂવાનું સૂઝે છે?

ટ્રેન્સઃ ફૅમ ધિસ નૉઇઝ. છોકરા! સ્ટેશન માસ્તર કો પૂછો કિતના ટાઇમ હુઆ.

ભવાનસિંગઃ સારા બંડમેં અંધારા કર દીયા—તો મેં—

મુસાફરઃ પણ તો દીવો કરી જોવો હતો?

ટ્રેન્સઃ (મૂળ જ જોરથી મોટેથી ત્રાડ નાખતો) શટ અપ! યૂ ફૂ.....લ.

[ને પડદો]

અંક ૨ . . . પ્રવેશ ૧

પાત્રો

આસિસ્ટન્ટ સ્ટેશન માસ્તર, ૧ લોક, ૨ લોક, રામલો, રૂખી, ગોરો સાહેબ, હરગોવન, દયાળજી, અબદુલ-કરીમ, હરજીવન, પુરુષોત્તમ દીપર, માણેકશા, લોટો.

પ્રથમ બબોરનો. સ્થળ સ્ટેશન માસ્તરની ઑફિસ. 'લોક' શબ્દમાં મુસાફર, પૈયત, પ્રજાજન, ગ્રાહક, શહેરી, ગ્રામજન, એમ જનતાના કોઇપણ વર્ગના વ્યક્તિઓ સમજવા. આસિ૦ સ્ટેશન માસ્તર તે પહેલા પ્રવેશમાં આવે છે તે નહિ, પણ બીજા જ છે.



[સ્ટેશન માસ્તરની ઑફિસ.વચ્ચે અને બાજુ પર ટેબલ.સ્ટૂલ, ખુરશી, ટેબલ વગેરે રેલવેમાં હોય છે એવાં જડાં, નકશા. સામાં બારણાંની બહાર પ્લૅટફૉર્મ કહ્યી લેવું. બાજુની બે બારી ખુલ્લી પણ હોય, બંધ પણ હોય. એક બાજુ ટિકિટબારી ને બીજી બાજુ કંટ્રોલના કૅાન છે. બધું ઉપરના નકશામાં બતાવ્યા પ્રમાણે ગોઠવેલું છે.

આ૦ સ્ટે૦ માસ્તરઃ (બહુ કામમાં) શું છે ભાઇ તમારૂં? કેમ જીવ બાગ્યો છો?

૧ લોકઃ સાહેબ! અમારો કંડીગ્યો નથી આવ્યો, રસીદ તો ગઈ કાલની આવી ગઈ છે.

આ૦ સ્ટે૦ માસ્તરઃ તે હું શું જાણું? હું ઉંચકી લાવવાનો હતો તમારો કંડીગ્યો! મને પૂછો છો તે; અહીં નોકરી કરીગ્યે કે તમારા કંડીગ્યા તપાસતા બેસીગ્યે? આજે નથી આવ્યો તો કાલે આવશે. લે એ કોણ છે? ઈસરીગ્યા! કાં હરી ગયેા. લે આ કાગળ કૅરેજવાળાને આપ!

૧ લોકઃ પણ સાહેબ! એમાં કરટ છે અને ઘરમાં માંદા માણસ માટે મંગાવ્યું—

આ૦ સ્ટે૦ માસ્તરઃ તે રેલવે કંઈ તમારા માંદા માણસો માટે ચાલે

છે? ફરૂટ છે તો બે દિવસ મોડું આવશે, બાઈ ગયા હશે ક્રોઇડ રસ્તે. બરાબર પૅક નહિ કર્યું હોય. પૈસા બચાવવા ગયા હશે, ભાઈ.

૨ લોકઃ (આવે છે) સાહેબ!

આ૦ સ્ટે૦ માસ્તરઃ તમને વળી શું છે?

૨ લોકઃ રાતની ગાડીમાં રીઝર્વ્ડ જોઇએ.

આ૦ સ્ટે૦ માસ્તરઃ જીવ લેવા આવો છો, જીવ. જાણે તમારા બાપના નોકર.

૨ લોકઃ કોને કહો છો, માસ્તર!

આ૦ સ્ટે૦ માસ્તરઃ અરે તમને નથી કહેતો ભાઇ, તપી ના જાઓ; બોલો શું છે?

૨ લોકઃ બે સેકન્ડ ને એક થર્ડ રીઝર્વ્ડ જોઇએ, રાતે.

આ૦ સ્ટે૦ માસ્તરઃ એમ રીઝર્વ્ડ નહિ મળે. ૨૪ કલાક પહેલાં કહેવું જોઇએ. અત્યારે આવો તે કંઈ ચાલે? થર્ડ રીઝર્વ્ડ એટલે? કેટલી ટિકિટ છે?

૨ લોકઃ આઠ.

આ૦ સ્ટે૦ માસ્તરઃ તે નહિ ચાલે. દશ થર્ડની ટિકિટ હોય તો મળે, ભાઈ; કાયદો જાણ્યા વિના શા માટે હેરાન કરો છો?

[સિપાઈ કંઈ તાર લાવે છે.]

વળી શું મોકાણ છે? (વાંચે છેઃ)

૨ લોકઃ માસ્તર! અમે શું ખોટી થઇએ?

આ૦ સ્ટે૦ માસ્તરઃ તો શું થાય? આ નોકરી કરીએ કે તમારી સાથે ગપ્પાં માર્યા કરીએ? જુઓ છ તમે, કે હું નવરો બેઠો છું? એઈ! ઇસરીઆ! રામલા! કોઈ નથી? ક્યાં મરી ગયા એટલામાં.

[એક નોકર આવે છે.]

જા! ફ્રેરજવાળાને કહે કે સલૂન નંબર બેંતાળીસ શ્રી ફોર્ટી નાઇન ડાઉન જશે.

જો! એ મૂરખા! ફૅરેજવાળાને કહે કે લાઈટ બાઇટ પંખો બરાબર થયું બરાબર રાખે! નહિ હશે તો વળી પાછી મોકાણ! સાલાઓની ચાપચીપ ઓછી છે? આ સાહેબ તો તીખો છે; સાંભળ્યું કે?

[ફોનની ઘંટડી વાગે છે.]

કેમ હવે તને સનેપાત થયો? જુઓ, તમે જુઓ! મને પુરસદ કેટલી છે તે! (જાય છે) અલાવ! યસ! ફોર ટુવેન્ટી ટુ નીકળી! વાહ, આવવા દો, હા, તગેલા ખુલ્લા છે. કોણ? રનિંગ લેટ? મરશે સાલો, આપણે શું? વાહ.

[પાછો આવીને બેસે છે.]

૨ લોકઃ વાહ દશ ટિકિટ લઇશું, બે વધારાની ખરીદશું, રીઝર્વ આપશો કે નહિ?

આ૦ સ્ટે૦ માસ્તરઃ એમ? બે ટિકિટ રેલવેને ખટાવશો તે રેલવે શું તમને ભારા બાંધી આપવાની છે, આપણા લોક જ એવા!

૨ લોકઃ તમે કંઈ રસ્તો બતાવોને? આજે રીઝર્વ તો જોઇએ જ.

આ૦ સ્ટે૦ માસ્તરઃ ભાઈ, જરા ઊભા રહો, કહું છું; બેસો. એ રામલા! ખુરશી આપ શેહને. શું જન જવાની છે, કે વહુવર?

૨ લોકઃ વહુવર.

આ૦ સ્ટે૦ માસ્તરઃ એમ પરણી ચાલ્યા; અમારા ગામની છોકરી લઈ ચાલ્યા; બોલો ભાઈ શું છે તમારું? તમારો કંડીઓ નથી આવ્યો. બુકિંગ ઑફિસમાં જોયું?

૧ લોકઃ ત્યાં નથી તેથી તો અહીં આવ્યો.

આ૦ સ્ટે૦ માસ્તરઃ ત્યાં નથી, તો નથી. હું કંડીઓ કંઈ નવો પેદા કરવાનો હતો? સાંજે બપોર કાઢજો.

૧ લોકઃ અરે સાહેબ! બપોર કાઢવી એટલે બીજા બાર આના ગાડીના.

આ૦ સ્ટે૦ માસ્તરઃ પણ ત્યારે હું આવીને તમારે ત્યાં મૂકી જઉં

બોલો ભાઇ! જુઓ ભાઈ! એમનો કંડીઓ નથી આવ્યો તેમાં હું શું કરું? એન્જિન લઈને જાઉં ને લઈ આવું? (૧ લોક જાય છે.)

આ૦ સ્ટે૦ માસ્તરઃ બોલો શેઠ! જુઓ, દશનું લેબલ મારી આપશું; એક ટિકિટના—

૨ લોકઃ હા, હા, તેમ કરો; તો એમ કહોની?

આ૦ સ્ટે૦ માસ્તરઃ હવે તમે સમજો છો, ને ક્યાં બોલાવો છો? એ તો આ તમે આટલા સમજો છો. નહિ તો વળી કોઈ પબ્લિક આવશે, તે 'એઈ! માસ્તર! કાયદો જુઓ!' ભાઇ કાયદો બતાવશે. અરે હા ભાઇ, કાયદો! સાલો રેલવેનો કાયદો! અહીં તો પોલંપોલ છે. જાય તો હાથી નહિ તો ટાંકણી માટે ઝેર ખાવા નીકળે. પણ હીક હવે—રાતના બારની ગાડી કની? ઑલરાઇટ! શું નામ, બોલો.

૨ લોકઃ રસિકલાલ માણેકલાલ શેઠ. (એક નોટ આપે છે.)

આ૦ સ્ટે૦ માસ્તરઃ 'અરે શેઠ ઍન્ડ પાર્ટી', ચાલોની, એ તો નક્કી.

[ઝડપબંધ ગજવામાં મૂકી દે છે.]

સાહેબ! અમારી આખી રેલવે ચાડીઆથી ભરી છે.

૨ લોકઃ તેની તમે ફિકર નહિ કરતા.

આ૦ સ્ટે૦ માસ્તરઃ ના, ના, તમારી વાત નથી કરતો.

[રૂખી બારણા આગળ આવી મૂંગો પાડે છે.]

રૂખીઃ માસ્તર સાહેબ! ઓ માસ્તર સાહેબ!

આ૦ સ્ટે૦ માસ્તરઃ કોણ છે? ઊભી રહે બહાર. સાલાં, ક્યાંનાં રખડતાં અહીં આવે છે?

૨ લોકઃ ભાઈ, હું રજા લઉં છું.

આ૦ સ્ટે૦ માસ્તરઃ ઓ યસ! થૅંક્યુ, બે સેકન્ડ (નોંધતાં) અને દશ થઈ. તમે છ ટિકિટ લેજોની, હું બેસાડી આપીશ.

૨ લોક: પછી આગળ ઉપર કંઇ તકરાર નહિ થાય ને ?

આ૦ સ્ટે૦ માસ્તર: એ તો હું ગાર્ડને કહી દઇશ; ઊભા રહો, જોવા દો કોણ ગાર્ડ છે; (જુએ છે) ઓ ભંચેરશા ગોટલો ! બસ, બસ, તમે બેફિકર રહો. સાહેબજી ભાઈ, સાહેબજી ! જુઓ, ગાર્ડના હાથમાં એક બે બોળાભાઇ સરકાવી દેજો.

૨ લોક: વાહ, સાહેબજી. (જાય છે.)

રામલો: છા'બ ! બહાર પેલી રૂખલી કંઈ પૂછવા માંગતી છે.

આ૦ સ્ટે૦ માસ્તર: કેમ બચ્ચા ! તારી કંઇ સગી બગી થાય છે, કે કંઇ છે તારે ને એને ? સા—

રામલો: (હસતો) અરે નારે છાબ, હું તો બુઢ્ઢો થઇ ગ્યો ને હવે હું ? આ તો પેલા કોક આગવાળાની બાયડી સે.

આ૦ સ્ટે૦ માસ્તર: પૂછ એને શું છે ? માથાં શાની ખાય છે ? આગવાળાની બાયડીને અહીં શું લેવું છે ? જાય લોકોના કારખાનામાં (રામલો બહાર જાય છે) ટ્રાફિકમાં શું કામ આવી ? સાલા રૂખડેલ ! ભંગીઆણ હશે કોઈ; નાતાલની બોણી લેવા આવી હશે. તે કહે એને કે અહીં શું છે, જાય ડી.એલ.ઓ.ને બંગલે !

રામલો: છાબ ! એ તો નારણીઆને માટે કે'તી છે; જે એને નોકરી પરથી કેમ કાઢ્યો.

આ૦ સ્ટે૦ માસ્તર: કોને ? નારણીઆને ? કેમ કાઢ્યો તે જઇને પૂછ ડી.ટી.એસ. સાહેબને.

રૂખી: (બારણામાં ઊભી) માસ્તર સાયેબ ! આટલી આ પંખાવાળાની નોકરીમાં પાંચ રૂપિયા મળતા'તા, તેમાં યે ગરીબના પેટ પર કાં પગ મૂકો !

આ૦ સ્ટે૦ માસ્તર: અરે પણ ઉલ્લુ ! મારા ઘરની વાત છે, કંઈ ? અને શિયાળામાં તો બધા પંખાવાળાને રજા જ આપવાની છે.

રૂખીઃ પણ સાયેબ! એને વટંગરૂમના ચારજ બૉંયમાં તો રાખો, આજ દી સુધી તીંયા રાખેલો તે—

આ૦ સ્ટે૦ માસ્તરઃ હા, પણ હમણાં કાપકુપ ચાલી છે, તે નથી ખબર? રેલવે કરકસર કરવા નીકળી છે, તે બધા પંખાવાળાને ઓછા કર્યા!

રૂખીઃ ઓય બાપ! પાંચ રૂપિયામાં રેલવે ભૂખે મરતી'તી!

આ૦ સ્ટે૦ માસ્તરઃ ચલ હવે માથું ના ખા! રામલા, એને કહે કે તારૂં કંઇ વળવાનું નથી. અરે લાગ આવશે તો રેલવે અમને પણ લાત મારી કાઢશે, જાણે છ'.

રૂખીઃ વારૂ માસ્તર સાયેબ! બીજી કોઇ જગો ખાલી પડે તો જરા નારણીઆનું જોજો, માબાપ! એટલું જરા ધ્યાનમાં રાખો તો મહેરબાની.

આ૦ સ્ટે૦ માસ્તરઃ વારૂ વારૂ, જોઇશું. નોકરી એમ રસ્તામાં પડી છે ને?

રૂખીઃ માબાપ! તમારા હાથની વાત છે. અને માસ્તર સાયેબ એ હજી આયા નથી, તે પાછા કઈ ગાડીએ ફરશે.

આ૦ સ્ટે૦ માસ્તરઃ કોણ એ, તે તારો બાપ?

રૂખીઃ એ-બાધરજી!

રામલોઃ છાપ, એનો ધણી આગવાળામાં ગએલોની એ.

આ૦ સ્ટે૦ માસ્તરઃ તે મને શું ખબર, જા કારખાનામાં જઇને પૂછ.

રૂખીઃ અરે સાહેબ! હારી હવારથી ત્યાં જઈ ઊભી, પણ કોઇ એટલું યે નીં કેતા કે કયારે આવશે. કઇ ગાડીમાં પાછા ફરવાના છે એટલું જરા ખબર કઢાવી આપોને; બે દીમાં પાછા ફરી જાય, નહિ તો.

[ઈસરીઓ આવે છે]

ઇસરીઓઃ ડી.ટી.એસ. પલાટ પર આવેલો જો.

આ૦ સ્ટે૦ માસ્તરઃ જા, જા, ભાગી જા, પછી આવજે; મોટો સાહેબ આવ્યો છે—

રૂખી: બાપાજી! મારા નારણીઆનું બને તો કહેજો—

આ૦ સ્ટે૦ માસ્તર: અરે જા ડફોળ, નહિ તો તને ને મને બંનેને ખાઈ જશે. કુસરીઆ! લાવ પેલી ટોપી; એ આકૃત અત્યારે ક્યાંથી આવી? રામલા! જો જરા ધ્યાન રાખ, કોથ ક્યાંક્યાં જાય તે.

[રામલો જાય છે. એ તૈયાર થઈ કાગળિયાં લઈ-લાવતો બેસે છે. ગોરો સાહેબ ટેનીસો ને બગીસ પટેરી હાજર થાય છે. બારણામાં પેસતાં જ.]

ગોરો સાહેબ: ટૉમી! ટૉમી! એ; એઈ! કમસ્ટુ દેમો બદમાશ!

[એમ કહી કૂતરાની બહાર જ સુપરત કરે છે ને તરત કૂતરાના ભસ-વાનો અવાજ સંભળાય છે. દરમિયાન સાહેબ ફોન પર જાય છે.]

આ૦ સ્ટે૦ માસ્તર: (એકદમ ઊભો થઈ) ગુડ મૉર્નિંગ સર!

[સાહેબ કંઈ જોરથી બરાડી જવાબ આપે છે, ને ફોન પર ન સમજાય એવા અંગ્રેજીમાં વાત કરે છે. તે પાછો એટલા જ તાપમાં બારણા સુધી જઈ 'ટૉમી, ટૉમી' બૂમ મારતો ચાલ્યો જાય છે ને માસ્તર વગેરે કૂરકારાનો દમ ખેંચે છે.]

આ૦ સ્ટે૦ માસ્તર: હા...શ!

રામલો: એ કહેરીનો શું ધંધાર કરી ગીએલો?

આ૦ સ્ટે૦ માસ્તર: એના બાપને સાલમુબારક કરી ગયો. આજ દિવસ હવે ફોન પર 'હૅપી ન્યૂ ઈયર' જ ચાલ્યા કરવાનું.

રામલો: અરે, બાપ તો એનો મરી ગયેલો; એના બનેવીને કીધું એણે રે.

આ૦ સ્ટે૦ માસ્તર: હવે એના ગમે તે સગાને કીધું હશે, તારે શું? જો તો, વાદળ ક્યાં ક્યાં ભમે છે? (રામલો બહાર જાય છે) અરે બપોરે ક્યાંથી કૂદી નીકળ્યો? એ બી એક આકૃત છે.

રામલો: એ તો ગયલો, કંઈ બંગલા તરફ, મઝમ પાહે.

આ૦ સ્ટે૦ માસ્તર: ગંગા ન્હાયા!

[ગેલો જાડો હાફકોટ, તથા મેલું ધોતિયું ને ગળબલની ગોળ ટોપી પહેરીને એક જાડો માણસ પ્રવેશે છે. એનું નામ હરગોવન.]

હરગોવનઃ સાહેબજી, માસ્તર સાહેબ!

ચા૦ સ્ટે૦ માસ્તરઃ ઓહોહો, હરગોવન! અત્યારે? કેમ સાહેબોને કંડીઆ મોકલાવી ચૂકયો?

હરગોવનઃ અરે સાહેબ! એમ કંઈ એક કંડીએ એમનાં પેટ ભરાશે?

ચા૦ સ્ટે૦ માસ્તરઃ એમ એમ? બોલ હવે ગઈ મોસમમાં તો રડાવ્યા, આ મોસમમાં શો હિસાબ છે. એ! ઈસરીઆ! રામલા! ઈસ્ટોલવાળાને ચાનું કે' તો!

હરગોવનઃ નહિ નહિ, ચા તો હમણાં જ પીધી—

ચા૦ સ્ટે૦ માસ્તરઃ બેસ બેસ, હવે. દા'ડામાં દશ કોપ ચડાવવાવાળો તું પાછો મારી અગાડી સફાઈ કરે છે. જા ચલ્યા, ગયો કે? બોલ!

હરગોવનઃ તમારી મહેરબાની જોઇએ, બીજું શું.

ચા૦ સ્ટે૦ માસ્તરઃ અમારી મહેરબાની, એમ? તારી તો જીભ જન્યારી છે. કેમ આ વખત કેટલો માલ ધારે છે?

હરગોવનઃ ત્રીસેક વૅગન તો મારે હમણાં જોઇએ. પહેલા ફાળાનું ઘાસ હવે બંધાઈ રહેવાનું. ત્રીસ પાંત્રીસ વૅગન તો જોઈવાના.

ચા૦ સ્ટે૦ માસ્તરઃ અને વૅગન દીહ અમને શું ખટાવવાનો?

હરગોવનઃ આમ બોલો છો માસ્તર સાહેબ? કોઈ વરસ તમને ભૂલ્યા છીએ.

ચા૦ સ્ટે૦ માસ્તરઃ અરે ભાઈ! આ જમાનામાં સગા ભાઇનો ભરોસો નહિ. હરગોવન! જાણે છે, હમણાં શી કાપકુપ ચાલે છે તે? સાલા પચાસ રૂપિયાના માસ્તરો પર કાપકુપ અને બાર માસ્તર કાપશે! ને

હજાર હજારના એ એના મામામાશીના વિલાયતથી લાવી અમારે માથે ઑફિસરમાં બેસાડશે. પછી તે મસાણમાં ફરફસર થાય! (ચા આવે છે)

હરગોવનઃ એ જ છે તો, સાહેબ.

આ૦ સ્ટે૦ માસ્તરઃ લે ચા પી, ચા. (એવામાં દયાળજી સાહેબજી કરતા આવે છે) આવો દયાળજી! અલ્યા એક વધારે કપનું કહી આવ તો.

હરગોવનઃ અરે માસ્તર! આ તમારા ચા વાળાની જાહેર ખબર વાંચીને હું તો અજબ થઈ ગયો। સું ધતીંગ છે!

દયાળજીઃ અરે ભલા માણસ! એ તો રેલવેનું જાદુ છે. જો ભાઈ! આ ધસ્ટોલ પરથી હું હમણાં આઇવો. ને તાંથી આ ફરફરિયું લાઇવો. હહુરીના કેવીકેવી જાતનાં હૅન્ડબિલ છાપે છે તે તો જુઓ.

આ૦ સ્ટે૦ માસ્તરઃ એ શું દયાળજી! નવું કંઈ લાઈ આવ્યા? અમારા દયાળજીના ગજવામાંથી કંઈ નવાજૂની તો નીકળે જ. દવાની જાહેર ખબરો, નાટકનાં પ્રોગ્રામો, કોઈના લગનની કંકોતરી અથવા કંઈ નહિ તો કોઈ વાર્તાની ચોપડી, છાપું, ચોપાનિયું, કંઇનું કંઈ લાવવાના જ.

દયાળજીઃ અરે ભાઈ! રાત ને દિવસ નહિ તો જાય કેમ? સાલી ગાડીઓનો ટાઇમ એવો કે વચ્ચે નહિ એક ઝોકું ખવાય. બધી ગાડીના ચક્કા હોકવાના, એટલે ગાડી પર તો હાજર. આ તો વચમાં વાંચીએ.

હરગોવનઃ હા, હા. વાંચવાનો બી એક શોખ છે. પણ આ લાવેાની તમારૂં સું છે.

દયાળજીઃ ઊભા રહેો, ભાઈ! એમ ઉતાવળ કરેા તે નહિ ચાલે. આ લ્યેા, (છીંકણી કાઢે છે) ખેંચેા. હં; માસ્તર તમને ખબર નહિ? આ મારા દીકરા ઉપરવાળાઓએ આ નવું ધતીંગ લગાવ્યું છે. લાઈન પર જેટલા સ્ટૉલ તેને માટે એક ઇન્સ્પેક્ટર બનાવ્યેા છે. હવે આ ઇન્સ્પેક્ટર, એને મારા બેટાને ફર્સ્ટ કલાસનેા પાસ, ચારસેા રૂપિયા પગાર અને ટેશને

ટેશને ઝાપટે તે જુદું.

આ૦ સ્ટે૦ માસ્તરઃ પણ એ ટોચકાનું કામ શું?

દયાળજીઃ અરે કામ? યે ખુમચા પર જરા જાલી લગાઓ; યે જલેબી જૂની હૈ; યે શેરડીવાળીકો મત આને દો; યે કેલાવાલાકા કપડા અચ્છા નહિ. જ્યાં ત્યાંથી દોડિયાં કઢાવે ને આખવાને બહાને ડોઝરું ભરે એ જુદો.

આ૦ સ્ટે૦ માસ્તરઃ એની જાતને ડા'મ દે!

દયાળજીઃ અરે ડા'મ તો દે આપણને. જુઓ આ હૅન્ડબિલ! એમાં આના ગુણ લખેલા છે. (વાંચે છે) 'આથી શરદી મટે છે, અને ગરમીમાં ઠંડક આપે છે. આથી ન્યૂમોનીઆ, ટાઇફાઇડ અને મેલેરીઆ તાવ મટી જાય છે.' પછી આ આ ક્રેમ બનાવવી તેની સૂચના આપે છે. કહો સાહેબો! મારા દીકરાઓ આપણા વૈદ્ય ડાક્ટરની જાહેર બબરોથી પણ વધ્યા હું તો એમ પૂછું, કે સાલા લોક તે ભણેલા છે કે બેવકૂફ છે? આંધળાઓ રોજ ગાડીમાં જાય આવે, આમ જાહેર બબરો વંચે, પણ કોઈ દિવસ એને ઝપેટી નામે એવી વાંચી છાપામાં બે લીટી?

હરગોવનઃ એ તો એમ કે આવી નજીવી વાત પર ધ્યાન કોણ આપે?

દયાળજીઃ અરે નજીવી શું, હરગોવન! આપણું ગરીબ લોક! બચારા આ વાંચે ને ભોળવાઇને આ ઢીંચે. કે' કે લાવને, એક આનામાં ઝણઝણાટ આવશે ને તાવ મટશે.

આ૦ સ્ટે૦ માસ્તરઃ પણ આટલાં બધાં આનાં વખાણ કરવાનું કારણ?

દયાળજીઃ હાં, એ જ છે ને વાત! આ સાલી રેલવે છે ચોટ્ટી! બોઇલો એ ફાઇવો. આખી રેલવે પર બુકબૉન્ડનો કન્ટ્રાક્ટ. એ સિવાય ચા નહિ વપરાય. ઇંસ્ટૉલવાળાને બોલાવો, હમણાં આપણે પૂછીએ. તે યે કે'શે, કે બુકબૉન્ડ નહિ વાપરે તો એના ડબ્બા સાફ. હવે આ

ઈન્સ્પેક્ટર ને સુકર્મોન્દ્રવાળો એ મજેલા. એ લુકરીનો એના ઘરમાં ગયે ચાલતો કરે. માસ્તર સાહેબ તમે ને હું તો સાત પેઢીએ ચારસોનો પગાર જોઈશું, પણ આ અડવીગાને ચારસોનો સ્ટાર્ટ, ને લખ્યું પણ્ણું.

આ૦ રૂ૦ માસ્તરઃ કોણ છે એ ?

દયાળજીઃ અરે છે, કોઈ ત્રિભોવન. મદ્રાસ તરફનો કેડો માલો. હિંદુસ્તાન થઈ ગયેા ને ટંગીઓ રોપી પહેરેા કે સાહેબ! કંઈક ઊભરી આવ્યા છે, એવા તો અહીં.

આ૦ રૂ૦ માસ્તરઃ હોયે હોયે હવે ઘંડા થાઓ, હરગોવનને આ મોસમમાં તીસ વૅગન જોઈવાના.

દયાળજીઃ તે જોગવઈ કરવું કરતો, કંઈ એને ના પડાવાની છે.

[હાજી અબદુલકરીમ મુસા, મુસલમાન, મોટો, દાઢી સાથે, માથે ટપલ, હાથમાં લાકડી, કંતર ને લાંબું પહેરણ, મુસાફરીનો થાકેલો, પ્રવેશે છે.]

અબદુલકરીમઃ માસ્તર સાહેબ! ઓ કૅરેજવાળા સાહેબ! હવે કંઈ અમારું કરેા ને ?

દયાળજીઃ આવ મિયાં, તું યે આવ; તારી જ ખોટ હતી.

આ૦ રૂ૦ માસ્તરઃ કેમ તારું શું છે, વળી ? કંઈ દાગીના ખૂટે છે ?

દયાળજીઃ અરે ભાઈ? રાતનો ટપાલ છે, તે ડોબ્યુરીએ તો બતાવું કીધું. હવારનો મારું માથું ખાય છે. રાતની ગુડ્સ કૅન્સલ થઈ, તેમાં એનાં દશ વૅગન. બૅસ, ઘોડાં ને બારદાં ભરેલાં. પેલી મૂંડપીસલની મોંકાણમાં ગુડ્સ તો કૅન્સલ કરી. અને હવે હમણાં બીજી ગુડ્સ નથી. ઑફ ગઈ તે ઑવરલોડ ગઈ.

આ૦ રૂ૦ માસ્તરઃ તે એનું શું છે ? રાતે ભરશે !

અબદુલકરીમઃ અરે સાહેબ, રાતે શું બનશ ? મારી નહિ તો

બિચારાં જનવરની તો દયા કરો. બે માઇલ આવી સાઇડિંગમાં વૅગન નાખ્યાં છે. નથી ત્યાં પાણી. જનવર ભૂખ પાડીપાડીને થાકી ગયાં. ચારો તો ગરીબ માણસ કેટલો ને કયાંથી લાવું? ગામમાં મારા દીકરાને મોકલ્યો તે ચાર ભારા ઘાસ લાવ્યો. સાહેબ એક દિવસનો વધારાનો ખર્ચ કંઈ કંપની આપવાની હતી? અત્યારે કંઈ ગાડી જતી હોય તો માફ કરોની સાહેબ!

ચા૦ સ્ટે૦ માસ્તરઃ અરે હા ભાઈ! અમારા બાપની રેલવે છેને? તું અહીં બૂમો પાડે તે શું વળે?

અબદુલ૦: સાહેબ તે, જનવરને પણ જીવ છે કની? બચારાં વૅગનમાં ચૂંગળાઈ મરવાનાં. સાહેબ, ગરીબ માણસ છું.

દયાળજીઃ અરે ભલા માણસ! તું ગરીબ ને અમે સાહેબ? રમે ભૂલ કરતો! આ ટોપાં ને ડગલાં તો રેલવઈનાં ભાડૂતી. ઘરમાં તો તારા જેવાં જ કપડાં પહેરીએ અમે; પણ આ તો સાહેબડાની આંખો શરમાઈ જાય એટલે અમને આવા ફોકા પહેરાવે. જો, તું જા, ડી.ટી.એસ.ને બંગલે, ને કહે એને. બેહો હશે હમણાં મડમને ગોદમાં લઈને.

અબદુલ૦: સાહેબ! હું કયાં ત્યાં જાઉં; મહેરબાની કરો તો ઠીક.

દયાળજીઃ અબદુલ મિયાં! ગાડી મારા ઘરની હોય તો તને હમણાં એક એંજિન આપી દોડાવી મૂકું. પણ આ તો ભિખારચોટની રેલવે છે. દયા કે ન્યાય કે બાનદાની રેલવેમાં નથી. હમણાં મડમનું માથું દુખે કે ની, તો બાર ફોન થાય, ને બત્રીસ નોકર ને બાવન ગાડીઓ દોડે, ને બોતેર ગામના ડાક્ટા લઈ આવે. એને તારા ઢોરની શું પડી, બાપા? એને તો ઢોર તેવો તું, ને તું તેવા અમે; અને આપણે બધા યે આ લોખંડ ને લાકડા જેવા! જ્યારે જઈએ ત્યારે ટીપાયે ખરા, ને વહેરાયે ખરા!

આ૦ સ્ટે૦ માસ્તરઃ બરોબર છે, દયાળજી, બરોબર!

દયાળજીઃ જા ભાઈ! તું તારે પ્લૅટફૉર્મને એક બૂણે નમાઝ પઢ અને મુદ્દાનું નામ લે. જે ગાડી પહેલી જશે, તેમાં તને બેસાડશું.

અબદુલ્લઃ સાહેબ! મહેરબાની એટલી. ઓ મુદ્દા. (જાય છે.)

હરજીવનઃ લ્યો ત્યારે, હું પણ જઉં શું. બેસો, સાહેબજી!

આ૦ રે૦ માસ્તરઃ કેમ બસ? વાર આવશે. આ દયાળજીને તો સાહેબજી કર!

હરજીવનઃ દયાળજી ભાઈ! સાહેબજી, સાહેબજી.

દયાળજીઃ સાહેબજી! નહિ ભાઈ, તું તારે માસ્તરને જ કર. અમને તો પહોંચી રહેશે.

[બે તાર આવે છે.]

આ૦ રે૦ માસ્તરઃ (વાંચે છે) વન બહેલો રન ઓવર. ચાલો, ઓછી થઈ એક. આ લ્યો, કૅચિંગવાળાનો છે.

દયાળજીઃ લાવો ભાઈ! વરી કોઈ ગાલ્લું સિક પડ્યું ઓહે. (વાંચે છે) સલૂન નંબર નાઈન્ટી હુ વીલ બેરિંગ લૂસ.ડીપ ઑર્ડન્ટ રેડી;કૉપી ટી.એલ.ઓ. લોક્રો.. અરે માસ્તર! હું એમ પૂછું કે હરજીના સલૂનની વાત તેમાં અમારે કન્સર્ન, તેમાં આ લખ્ખણને કૉપી હું કામ આપતા ઓહે?

આ૦ રે૦ માસ્તરઃ અરે ભાઈ, આ બૅસ કપાઈ ગઈ તેની યે ઑલ કન્સર્ન મૅસેજ.

દયાળજીઃ એટલે આખી લાઇન કા'ણે જાય, એમ? આ બચારાં જનવરોની મૅયતનોંધ મને લાગે એકલી રેલવેમાં જ નોંધાતી ઓહે જો.

આ૦ રે૦ માસ્તરઃ તો વરસની ફાઈલમાંથી નીકળેને, કેટલાં ટોપાં કપાયાં તે?

દયાળજીઃ અરે લાઇ! એ તો આ ડાઈવર વળી મૂરખો, તે તાર આપેહ; નહિતો કંઈક ગાયો એમ કપાઈ ગઈ. અને એ સામે નહિ કોઈ

વિરોધ કે ક્રોધના અપવાસ. અને નહિ તો જરી જેવી વાતમાં આપણું લોકુ હોહા કરી મૂકે. (આ પ્રજા જ મૂરખ તો. ફ્રેન્સિગ નહિ ત્યાં તો રોજનાં ઢોર રેંહાતાં ઓહ્યે. અને રડે બચારા ખેડૂત.)

આ૦ સ્ટે૦ માસ્તરઃ હાં હા, તમે ખેડૂત એટલે જ તો લખોની.

દયાળજીઃ અરે માસ્તર! છતી જમીને આ રેલવેનાં નોકરાં કરવાનો વખત આવ્યો. જમીન તો ધોળો હાથી. કાયા ઘલાઈ જાય ત્યારે સરકારવારો માંડમાંડ ભરી છૂટીએ. ડીક છે. લો મેહો, આ સલૂનની રામણ માંડુની. અરે માસ્તર! આ સાલા સલૂનની વાત તો જુઓ. એક સલૂન, તે પર ચાર નોકરો. એક તો બખરચી; બીજો સલૂન એટેન્ડન્ટ—

આ૦ સ્ટે૦ માસ્તરઃ તે શું કરે?

દયાળજીઃ બધું કરે; ત્રીજો સાલો સિપાઈ, ને ચોથો મિકૅનિક. મારો વાલો સાહેબ એક, તેની પાછળ આ વસ્તાર તો જુઓ. ને કહે કે કાપકૂપ કીધી!

આ૦ સ્ટે૦ માસ્તરઃ પણ તે બધા ચાર જણનું શું કામ?

દયાળજીઃ એજસ્તો! ચાર બાંધીઆ જોઇએ ને, નહિ તો લોથ ઊંચકાય કેમ?

આ૦ સ્ટે૦માસ્તરઃ એસો એસો જરા. અલ્યા સ્ટૉલ પરથી અસારનું છાપું લાવ તો. બીજી કંઈ નવાજૂની? દયાળજી, કહે છે કે પેલાને ડિસમિસ કીધો.

દયાળજીઃ કોને?

આ૦સ્ટે૦ માસ્તરઃ નહિ પેલો ચોરીનો કેસ થએલો? મેઈલમાં સોર્ટિંગ કરનારો—ટપાલ ને રજિસ્ટર કાગળો ચોરતો'તો?

દયાળજીઃ હા હા, એ મેં સાંભળેલું બરૂં.

આ૦ સ્ટે૦ માસ્તરઃ બડો બદમાશ નીકળ્યો. એ તો ટિકિટો બનાવતો પણ નીકળ્યો.

દયાળજીઃ ભાઈ આ રેલવેમાં પકડાયો તે ચોર, બાકી બધા શાહુકાર.

આ૦સ્ટે૦ માસ્તરઃ બસ. બસ.

[છાપું લઇને સ્ટૉલવાળો જતે આવે છે.]

બુકસ્ટૉલ કીપરઃ સાહેબ! હવે આ અમારે તે કરવું શું? સવાર પડે છે, ને આ તમારા સાથબાગ્યો, તો કોઈવાર પેલો/સરકારી અમલદાર આ અહીંઆં ગાડી પર અમસ્થા આવે છે/છાપું ઉપાડે, સીલ તોડે ને વાંચીને પાછું મૂકી ચાલતા થાય. અને ઘરાક એ પછી લેતા નથી! 7

દયાળજીઃ અરે એ મામાઓ ગાડી પર ફરવા શાના આવે? છાપાં વાંચવા જ આવે. આવડા મોટા પગાર મળે, પણ જીવના આટલા.

બુ૦ સ્ટૉ૦ કીપરઃ પણ સાહેબ! મારે કરવું શું?

દયાળજીઃ તારે ગાંડના ગોપીચંદન કરવાના. બીજું સું થાય. ફરિયાદ કીધી છે તો સ્ટૉલ પરથી તારી લાઇનકલીઅર સમંજજે, બચ્ચા.

બુ૦ સ્ટૉ૦ કીપરઃ રોજ મારે બેત્રણ આનાની તો ઊઠે છે એમ.

દયાળજીઃ તે ધર્માદા ખાતે સમજવાના તારે, સમજ્યો ભાઈ!

[ઘંટડીઓ વાગે છે. માસ્તર ફોન પર જાય છે. ટિકિટ-બારી આગળથી લોકોની બૂમ સંભળાય છે.]

એ, અવાજ નહિ કરો.

એક અવાજઃ પણ સાહેબ ગાડીનો વખત થયો ને?

દયાળજીઃ હવે, બબર છે મને, ઊભા રહો. (માસ્તરને) ગાડી નીકળી કે શું?

આ૦સ્ટે૦ માસ્તરઃ હા.

[રામલો આવે છે.]

રામલોઃ છાયેબ! એક દિવસની રજા જોઇતી છે.

આ૦સ્ટે૦ માસ્તરઃ રજા જોઇએ છે, તે કોણ તારો બાપ નોકરી કરશે અહીં? જા જા, કામ કર.

રામલોઃ પણ છાંય! છાળાના નાતરામાં જવાનું છે.

દયાળજીઃ તાડી પીવા! અલ્યા, કેટલી વારનું નાતરૂં કરતો છે એં?

રામલોઃ તીજી વારનું, બે વાર પઇણેાને બૈરી નાસી ગઇલી.

દયાળજીઃ માસ્તર! આ સાલા રામલાની નાત ને આપણા સાહેબડાઓની નાત એક. પેલા સાલા મૅગીની મડમ બે વખત નાસી ગઈ, ને પેલેા વુલ્ફ ત્રણ વાર રંડાયેા ને ત્રણ વાર પંડાયેા. ને એની મડમ પણ ત્રણ વાર રંડાઈ ને ત્રણ વાર પંડાઈ!

આ૦સ્ટે૦ માસ્તરઃ (હસે છે) જાજા હુમણાં; પછી વાત.

દયાળજીઃ લ્યેા ચાલેા, ગાલ્લું આવવાનું હુમણાં; સાહેબજી!

આ૦સ્ટે૦માસ્તરઃ હા, હું યે આ ટિકડીઓ ખેંચી કાઢું; પેલેા બુકિંગ ક્લાર્ક હજી રજા પરથી નથી આવ્યેા તેા.

દયાળજીઃ (જતાંજતાં) મને કહેા તેા હું ખેંચી કાઢું; પણ મને એ હિસાબ કરતાં ન જ આવડે. લ્યેા બેસેા. (જાય છે.)

આ૦સ્ટે૦માસ્તરઃ (બારી ઉઘાડતાં,સ્ટૂલ પર બેસી) લ્યેા આવેા; ચલાવ

[ટિકિટ પર તારીખેા મારીને ટિકિટેા આપે જાય છે, એના ધડાકા સંભળાય છે. બહારથી ન સમજાય એવા અવાજો ચાલુ રહે છે.]

એય!મોટેથી બોલ! શું? બે ભરૂચ? બે ભરૂચ લ્યેા. બે પછી, પણ જોતેા નથી. આના પૈસા પડ્યા છે તે? શું? કેટલી, ચાર. ઉઠાવેા એક, બે, ત્રણ, ચાર, લે. હા હા, પણ પૈસા મૂકશે કે નહિ? કે પહેલાં ટિકિટ!.... આપું છું તે ક્યારે?... કેટલી ટિકિટ? એક? નેાટ છે, દશની? (ફેંકી દે છે) ઉઠાવ, છૂટું નથી? ચાર આનાની ટિકિટ લેવી છે; ને દશની નેાટ લાવ્યેા છે. ચલ મેાડું નહિ કર. બીજાને આવવા દે... પણ છૂટું નથી, તે હું તારે માટે છૂટું લેવા જાઉં? અહીં તે ધંધેા માંડ્યેા છે? સેવમમરાવાળાની દુકાન

સમજે છે? હેં?—ચાલ નિકળી!—..... એ ગોવિંદા .... મંખેડા..... સાડા ત્રણ... કેટલા વરસનું છોકરું છે? પંદર વરસની. આખી ટિકિટ લેવી પડશે.... નહિ જવા દે... ચલ લે; અમદાવાદ કેટલી? એ પ્લૅટ-ફૉર્મ..... એક વડવાણ!.. ચલાવ... શું? પરચુરણ પાછું—કેમ ગળે પડે છે કે, હરામખોર! પાછું આપ્યું તે મું? સાલા ચોટ્ટાઓ! બદમાશી કરે છે? નથી આપ્યું, તો મું હું ખાઈ ગયો? ચલાવ, નીકળ ભામટા! હાથ કાઢ, હાથ કાઢ!... ચપ રે, (ફોનની ઘંટડી વાગે છે.)

[માણેકશા ગાર્ડ દાખલ થાય છે.]

ચલાવ! ચલાવ! હાં, ઑલરાઇટ!

ઓ માણેકશા, જોની ભાઈ; તું જાય છે કે? જો આ ગાડીમાં છોકરાંઓ જવાનાં છે. લઈ જજે; જો કોઈ ખટપટ નહિ કરે!

માણેકશાઃ વારૂ, કેટલાં છે? સેકન્ડમાં ૬૮ બેસાડી દઈશ.

આ૦ સ્ટે૦ માસ્તરઃ હા હા, ચાર જણ છે. ત્યાં પણ ટેશન બહાર કાઢી આપજે, ત્યાં હરામખોર ટિકિટ કલેકટરો એકઠા થયા છે.

માણેકશાઃ વારૂ વારૂ.

[તાર આવે છે; સરકયુલર આવે છે; બહાર ટિકિટ માટે બીજી બૂમો ચાલુ જ છે.]

આ૦ સ્ટે૦ માસ્તરઃ ઊભા રહો! એક અવાજ નહિ કરો!

રૂખીઃ (બહારથી) માસ્તર સાયેબ, મારૂં તો કોઇ હાંભળતું નથી. નારણીઆને કોણે—

આ૦ સ્ટે૦ માસ્તરઃ પાછી ક્યાંથી કૂટી નીકળી? જા, જા!

રૂખીઃ એ મારા બાંધરજી ક્યારે પાછા આવશે?

આ૦સ્ટે૦માસ્તરઃ અરે ઉલ્લુ! એની મને શી ખબર? જા કારખાના-માં ને જો તાં. હાં, જો, કાલે સ્પેશિયલ છે, રાતના; તે તારા નારણીઆનું

નામ નોંધ્યું છે. ચાર આના મળશે. તને કહ્યું કે—

રૂખીઃ અરે ના માસ્તર સાયેબ! મારે આ તાઢમાં નારણીઆને નથી મોકલવો. બળ્યા એ ચાર આના.

આ૦ સ્ટે૦ માસ્તરઃ અરે રાંડ! અક્કલ ગઇ છે કે શું? એનું નામ નોંધ્યું છે ને, નહિ જશે તો કેદમાં જશે, ખબર છે? બધા પંખાવાળાઓને મોકલવાના છે. જો ગાડી નીકળે ને જાય ત્યાં સુધી મશાલ લઇને પાટા આગળ ઊભા રહેવાનું, સમજી?

રૂખીઃ ના બાપજી, ના. મારા નારણીઆને તમે એમ નહિ લઇ જાઓ. માસ્તર સાયેબ, જરા દયા કરો માબાપ!

આ૦ સ્ટે૦ માસ્તરઃ ચાલ જા હવે, માથું ના ખા. રાતના નારણને મોકલજે. સ્પેશિયલ વખતે મશાલ લઇને રસ્તે ઊભો રહેશે. થોડેથોડે છેટે એકેક જણ ઊભો રહેશે; તારો નારણ એકલો નથી, સમજી?

રૂખીઃ ઓ ભગવાન!

આ૦ સ્ટે૦ માસ્તરઃ ભગવાન બગવાન ઊંઘી ગયા. ચલ જા હવે. હા, (ટિકિટ આપતાં) લાવો, ચાર.... ક્યાંની?

રૂખીઃ ના ના, માબાપ, નારણ નહિ આવે.

આ૦ સ્ટે૦ માસ્તરઃ (ત્રાડ નાખી) અરે તારા બાર વગાડી નાખીશ એને નથી મોકલ્યો તો! જા હવે, ડાક્કણ' જમાદારને મોકલું છું, સમણાં. (મુસાફરને બહાર) લે; ત્રણ રૂપિયા પાછા આપ્યા ને બે કહે છે. હરામખોર! તેં પાંચની નોટ આપી, ને બેની ટિકિટ. વાંચની ટિકિટ પર, શું લખેલું છે તે? ને ત્રણ પાછા આપ્યા? હેં, બે આપ્યા? જા જા! જુઠ્ઠા! પેલો બેઠ માથાં બઈ ગયો ને, તું બીજે નીકળ્યો? કેમ, શું ધાર્યું છે શું તમે? જો જો, બાજુએ ઊભો રહી ગણી જો. સાલા ઢોંગીઓ..... કોણ છે એ? યુ? યસ યસ, હાવ ડુ યુ? નો, મિસ્ટર તમે ત્યાં ઊભેલા શું જાણો, એમ અંગ્રેજી બોલી

ડરાવી નહિ શકે..... ઑલરાઇટ ઑલરાઇટ! હું જઉં, મી જઉં... બોલ્યા,..આઇ વિલ મી! લે ચલાઓ. જો ભાઈ ગણી જોજે તારા પૈસા, નહિ તો પાછો તું ગળે ના પડતો!

રૂખીઃ (બહાર) માસ્તર સાયેબ, બાધરજી—

[ફોનની ઘંટડી. બહાર લોકો જતાઆવતા દેખાય છે. એક ઘંટ વાગતો સંભળાય છે. માસ્તર ટોપું નાખી બહાર ધસી જાય છે ને જતાં]

આ૦સ્ટે૦ માસ્તરઃ યસ! અલાવ! હુ થર્ડી? યસ. ઓ ટ્રેન આવી. શું છે તારી મોક્કાણ; હજી ખસતી નથી?

રૂખીઃ બાધરજી—

આ૦ સ્ટે૦ માસ્તરઃ બાધરજી ગયો તારો જહાન્નમમાં, ચલ! બસ, ગાડી આવી.

[ઉતાવળે બહાર જાય છે ને પડદો પડે છે.]

ಕೆಲವು ಸಲ ಅವರು ಮಾತನಾಡುವಾಗ ಅವರ ಮಾತಿನಲ್ಲಿ ಅಡಗಿರುವ ಅರ್ಥವನ್ನು ಗ್ರಹಿಸಲು ಸಾಧ್ಯವಾಗುತ್ತಿರಲಿಲ್ಲ. ಅವರು ಮಾತನಾಡುವಾಗ ಅವರ ಮುಖದಲ್ಲಿ ಮೂಡುವ ಭಾವನೆಗಳು ಅವರ ಮಾತಿಗೆ ಪೂರಕವಾಗಿರುತ್ತಿರಲಿಲ್ಲ. ಅವರ ಮಾತಿಗೂ ಮುಖಭಾವಕ್ಕೂ ಸಂಬಂಧವೇ ಇರುತ್ತಿರಲಿಲ್ಲ. ಅವರು ಮಾತನಾಡುವಾಗ ಅವರ ಮುಖದಲ್ಲಿ ಮೂಡುವ ಭಾವನೆಗಳು ಅವರ ಮಾತಿಗೆ ಪೂರಕವಾಗಿರುತ್ತಿರಲಿಲ್ಲ.

[વારાફરતી મુસાફરો ટિકિટ આપી નીકળતા જાય છે. તેવામાં એકાએક એક ટિકિટ-બાદશાહ બૂમ પાડી ઊઠે છે.]

ટિકિટ કલેક્ટર: એઇ! એઇ! ઊભો રહે, કાં જાયચ? ટિકિટ કાંય?

ઉતારૂ: સાહેબ, હમણાં જ આપી ને?

ટિકિટ કલેક્ટર: ચલ રે જાહુ! ચાલ ઊભો રહે એમ, આય બાજુ; ચલાવ, ચલાવ, એઇ! આ કોણનો સામાન છે?

એક ઉતારૂ: મારો.

ટિકિટ કલેક્ટર: ઊભા રહો બાજુએ, જોખાવવો પડશે.

એક ઉતારૂ: પણ સાહેબ એક ટિકિટમાં—

ટિકિટ કલેક્ટર: કટકટ નહિ; જાસ્તી વાત નહિ. તાવદાન જેવો દાગીનો બાંધી લાયા ચ, તે સું રેલવે મફતની ઊંચકી લાવસે?

ઉતારૂ: અરે પણ સાહેબ, એ કાં ખટપટમાં ઊતરો છો. કંઈ પતતું હોય તો પતાવોની.

ટિકિટ કલેક્ટર: એમ સીધા આવસો તમે. વાર ઊભા રૈઓ.

[ઉતારૂ પાવલી કાઢીને આપે છે.]

ટિકિટ કલેક્ટર: નહિ નહિ, એ કંઈ ચાલસે નહિ. એમાં સું મારો દારો પાકીઓ.

ઉતારૂ: અરે સાહેબ, લ્યો, બસ? ગરીબ માણસ છું, ચાલો રાજી રહો.

[બીજી પાવલી આપે છે ને જાય છે.]

ટિકિટ કલેક્ટર: સાલા મફતમાં મન મનના સામાન લઇ જવા છે? કેમ એઇ! તારો સું વિચાર છે હવે? ટિકિટ લાવ, નહિતો પૈસા ભરી દે.

ઉતારૂ: અરે પણ સાહેબ, હમણાં જ તમને હાથોહાથ ટિકિટ આપી ને!

ટિકિટ કલેક્ટરઃ ચલ ! ચલ ! વગર ટિકિટે આયેાય ને પાછેા....

[એક જણ જાય છે.]

એ મિસ્ટર ! કાં ?

જનારઃ હું તેા એક જણને મૂકવા આવ્યેા હતેા.

ટિકિટ કલેક્ટરઃ હેાસે, પન પ્લૅતફૅાર્મ કાં છ ?

જનારઃ નથી લીધેા.

ટિકિટ કલેક્ટરઃ તેા સું બાવાની રેલવે છે ? આનેા મૂકી દેા.

જનારઃ ઑલ રાઈટ ! આનેા લ્યેા, પણ લાંબી વાત નહિ જોઇએ. લ્યેા, લાવેા રસીદ.

ટિકિટ કલેક્ટરઃ સું, એક આનેા ભરેા ચ, તેની વલી રસીદ જોઇએ ચ. જે કાયદેા બતાવવા આયા ચ તે !

જનારઃ રસીદ આપવી છે કે નહિ, નહિ તેા હું જઉં છું સ્ટેશન-માસ્તર પાસે. (ઉતારૂને) તમે પણ ભાઈ ! પૈસા આપેા તેા રસીદ લેજો, હં !

ટિકિટ કલેક્ટરઃ વારૂ વારૂ, હવે લાલ્ચરી ના કરેા ને ! સમજ્યા એતેા. જાઓ બંને. વલી તમારે વેરે રસીદ કાઢવા બેસું ને કલાક બગાડું—જાઓ બાપા જાઓ. મારે સું ? રેલવે રસે !

[પેલા બે જાય છે.]

સાલી જાતજાતની બેાપરી આવે છ તેા. લે ચાલ, આ વલી આજે પાછી પલટન આવી.

[એક સિપાઈ ટોળેબંધ ભિખારીઓને બહાર કાઢતેા નીકળે છે. એમાં એક ફકીર છે, કાબૂલી મરદ બૈરાં છે, સાધુ છે. કાઠીઆવાડી અંત્યજ સ્ત્રીપુરુષ છે, છોકરાંઓ છે, આંધળેા છે, એક કોઇ દેખીતું સારૂં પણ ગરીબ કુટુંબ છે.]

ટિકિટ કલેક્ટરઃ આયા કે પાછા ચીનના સાવકારો ? સું આખંગ મુ-

સાહેબ છે! બંધા ૯૮ શું કે?

સિપાઈઃ ચલો, સાલાઓ!

ફકીરઃ અમે જતા છે, ગાલી મત દો.

ટિકિટ કલેક્ટરઃ અરે ચલચલ, મવાલી! મફતની મુસાફરી કરવી ય ને લાબરી કરે ય પાછો. જતી વરી જવા દઉંય, નહિ તો હમતાં પોલીસને સોંપસ.

ફકીરઃ અબે દેખા તેરા પોલીસ.

ગરીબઃ બાબાપ! પૈસા હોત તો કટ્ટ ન હોત? પણ દેશમાં દકાળ પડ્યો ને બાપજી....

ટિકિટ કલેક્ટરઃ દકાલ પડીઓ, દકાલ! તેથી શું રેલવે તમારા પર સબાવત કરે? શું વાત લાયા ય! આમ જોતી, આમ? આ સાલો ઢોંગી આંધલો, કંઈ નહિ તો એક મહિનાથી એને જોઉંય. અહીંથી તાં ને તાંથી અહીં. સ્ટેસન આવે ય તારે તો કેવું દીસેય!

સાધુઃ અરે ટિકિટ માસ્તર! કાયકુ બકા હોતે હૈ; જાને દો, બાબા, સાધુલોક હય!

ટિકિટ કલેક્ટરઃ હા, સાધુ! તને સાલો કોન સાધુ કેસે? તગડા જેવો તો છે! સાધુ થકને આયોય. બટ્ટા કરવી ય તો કરની પગે ચાલીને! આમ રેલવેમાં સાનો થરી મરે ય?

સાધુઃ અરે માસ્તર! સારા હિંદુસ્તાન ફિરા. મગર તુમ્હારા જૈસા નહિ મિલા.

ફકીરઃ હાં સચ હે, હમ ભોર ભે દોનોં સબ દેશ ઘૂમે, મગર ઐસા નહિ મિલા.

ટિકિટ કલેક્ટરઃ તો બચ્ચા આજ તો મલીઓ ને? બાય સિકલ થી જરા દયાનમાં લઈ લેજે, દીકરા! મારી બી તુને ઓક બટ્ટા જ થઇય.

ચાલો, ચથંગાઓ !

કાબૂલી: કયા, જાઓ જાઓ? યે તો રાસ્તા હૈ! તુમારા બાપકા હૈ?

ફકીર: અબે ચલો બે ધરમસાલામેં, ઓ પટ્ટેકુ ટકટકને દો.

ટિકિટ કલેક્ટર: ફ્રેમ, એઇ ફાસ જાયચ ફ્રે—એ? ફકીર!

એક બીજો: અબે અગૂંઠી વાલે નહિ દેખા તો. એઇ માસ્તર! સુન! સારે હિંદોસ્તાન ફિરા, મગર અભી તક એક પાઈકી ટિકિટ નહિ નિકાલા.

ટિકિટ કલેક્ટર: તો બચ્ચા! આ તારો બાપાવો તારી સુધ ઠેકાને લાવસે. જોઉંચ ની કઇ ટ્રેનમાં ફ્રેમ જાય ચ તે. ચલો, જાઓ.

સાધુ: હમ તો યહીં બયઠે. તેરેમેં તાકાત હો તો ઊઠા.

[એક વિદ્યાર્થી આવે છે.]

વિદ્યાર્થી: ફ્રેમ પેસ્તન! આ બધી શાની જન એકઠી કરી છે?

ટિકિટ કલેક્ટર: અરે જોની, સાલા! આ રેલવેને રરાવવા નીકલ્યા ચતે? ને પેલો વલી સાધુ તો સામ્બે દમ ભરાવેચ—પેલો અલમસ, જોયો કે?

સાધુ: એઇ, અમ સાધુલોક કુ ગાલી મત દો.

ટિકિટ કલેક્ટર: લે સમજ, વલી આ મોટો માત્મા તેને ગાલી મત દો. અરે સાલા બદમાશો, મફત ....

ફકીર: (જોરથી) ચુપ રહો.

કાઠીઆવાડી: અરે બાપજી! અમે તો પગે પડીએ સીએ, તઈણ દિ'થી ખાધું નથી ને પેટ તો ભડકે બળે સે.

ટિકિટ કલેક્ટર: તે સું મારે ઘર ધરમસાલા બોલું?

વિદ્યાર્થી: તે પેસ્તન! આ બધાને ઉતાર્યો, તે હવે નહિ જવાના એમ? એ તો રાતની ગાડીએ જશે.

ટિકિટ કલેક્ટર: અરે બાવાના તબેલામાં જસે? આ જો હમનાં વૉચ ઍન્ડ વૉર્ડ વાળાના માનસોને ફેરા ઊભા રાખુંચ! સાલાઓ ભાઈ-

બાપાથી નહિ પણ હવે તો દાદાગીરીથી વાત કરેય!

વિદ્યાર્થી: પેસ્તન દીકરા! મારું કહ્યું માને તો બધાને જવા દે.

ટિકિટ કલેક્ટર: કાંય—તું પન અસલ હિન્દુ નીકલીઓ કે? દાન સુધારવત કરવી તુંને આય રેલવેમાં જ સુજેય—કોનના બાવાની દીવાલી!

વિદ્યાર્થી: હવે બેસને,—તું મોટો પાછો રેલવેનો મેરબાન જોયો નહિ તો? હું બરું કહું છું, જવા દે.

ટિકિટ કલેક્ટર: ટિકિટ કોન તું કરાવસે?

વિદ્યાર્થી: અરે દીકરા, પેસ્તન, આ પોઠ ગાભને ભારી છે, હં! તું તો તદ્દન અક્કલ વગરનો છે.

ટિકિટ કલેક્ટર: તું બી મને બોણાવેય સું?

વિદ્યાર્થી: જો પેસ્તન! આ શાહુકારો કંઈ આડીં મહેનતમજૂરી કરવાના નથી. જિંદગીમાં કરી નથી અને કરશે પણ નહિ.

સાધુ: અરે બાબા! હમ તો સાધુલોક હે

વિદ્યાર્થી: જો સમજ!...ઓ તો બધા 'સાધુ' લોક છે!

ટિકિટ કલેક્ટર: પન તેમાં આડીં કોનના બાપને—

વિદ્યાર્થી: અરે મૂરખ! સાંભળ તો ખરો. આવા ભિખારીઓ તો થોકડે થોકડા દેશમાં પડ્યા છે. એ તો તમારી કોડીઆ જેટલી આટલી આમથી કોમ તે બધાને પંચાયતમાંથી ધાનસાક આપે. આ તો, બાપા, અનેકોની ખોટી કમાઈનું પરિણામ છે.

ટિકિટ કલેક્ટર: એ તું સું આડીં નિશાળ ચલાવવા આયોય કે ભાસન લગાવેય?

વિદ્યાર્થી: દીકરા ગાવા! બરી વાત કહું—આ બધાને ભીખ માગતાં કોઇ પૂરો રોટલો દેવાનું નથી; એટલે ગામમાં ચોરીઓ કરશે.

ટિકિટ કલેક્ટર: તે હું તે જ કહું'યની, સાલા એક તો મફત મુસાફરી

કરેય, પૅસેન્જરોને હૅરાન કરેય, ને રાતના ઝીંગોમારના ધંધા કરેય. કંઇકના બીસાં કાતરસે. નહિ તો...

વિદ્યાર્થીઃ નહિ તો રાતના ઘર ફાડશે. આ જ્યે તમારા છુટાછવાયા રેલવેના ક્વાર્ટર—પહેલા જ એમને સપાટે ચઢશે. ને બચ્યા! તું બી ત્યાં જ રહે છે એ ભૂલતો નહિ.

ટિકિટ કલેક્ટરઃ કાન પકરવાની વાત. દીકરા મારા, તું બી એક ભેજ્જું છે તો. સાલો પેલો ફકીર ડોસો પન જે મારી સામ્મે જ કકડાવતો છે તો.—સીધો મારે ઘર જ હુમલો લાવસે કે સું?

ફકીરઃ એઈ! ગાલી મત દો. હમ કબી ચોરી નહિ કરતા.

ટિકિટ કલેક્ટરઃ નહિરે બાપાત્મા મારા, તું તો સાવકાર! ચોરી સાનો કરે? તું તો બાલી હાથચાલાકીના ખેલ જ કરે. જ્યેની દીકરા! તને બબર નહિ, આમ એક બાજુથી તું ગંભીર ચેતવની આપેય, ને બીજી ગમથી અમલદારો કકરાવેય! ને વળી કોઈ ભણેલો ભેજાંગેપ પૅસેન્જર માથું કારેય તે જુદું.

વિદ્યાર્થીઃ એ બધાને એક કંપાર્ટમાં એકઠા કરી ધક્કેલી મૂક. નહિ તો આજ રાતે રેાન કરતાં પણ બેચાર ઘર બતમ થઈ જશે; ને તું લાઇનિ પર ગયેા તેા તારાં તેા તળીચાં સાફ જ સમજજે.

ટિકિટ કલેક્ટરઃ ઓ બેાદા મારા! એમને ધૂમ પાર, બેાલાવ પાછા, બેાલાવ પાછા! એ સાહુકારેા! ઓ સેઠીઆઓ, ઓ બાવાઓ, પધારેા—પધારેા પાછા—એ ફકીર સાબ! આ પહેલી ટ્રેને જ રવાના કરંય. રેલવે સું કારીને આપી દેવાની ઉતી!

વિદ્યાર્થીઃ તે આ તમારૂં વૅાચ ઍન્ડ વૉર્ડ ડિપાર્ટમેન્ટ તે શું ઉંઘેછ—બેાલાવની ક્રોધને?

ટિકિટ કલેક્ટરઃ એ તેા તું બેાલ જ ના. સાલા આખી રાત દેાચકા

છોલેય. કોઈવાર રેલવેના ડબ્બામાંથી કોઇનું છતરું સોંપી લાવસે,—તો કોઈ કોઇ વાર બૈરાની આટલી બધથી બાલી બૅગ લઇ આવસે. કોઈ વલી બિંદુનું લેાટેા પવાલું. વરસની સારા તન છતરીની ધરબમ સેાધબેાલ માટે આ ગંજાવર બાતું બાલેય. બા બેાલાવવા દે પેલાબેાને—બેા સાંબુ લેાકેા!

વિદ્યાર્થી: તેા પેસ્તન! તમે બેક છત્રીબેા જ શેાધેા ને પેટી, બૅગ કે કિંમતી વસ્તુબેા ગુલ કરેા, તેા આ ભિખારૂબેા શું બેાટા? આ તેા ચેાર થઇને ચેારીનેા ધંધેા કરે છે; તમે સાવકાર થઇને કરેા છેા!

ટિકિટ કલેક્ટર: હવે તારી લાયરી રાખની, મેાટેા ફિલ્સુફ બાયેાય તે? જેની પેલેા તેા મારા ક્વાર્ટર તરફ જ જાયચ—બેઈ! ઈધર આબેા, સબ ઇધર આબેા!

[બેક વૉચ બૅન્ડ વૉર્ડનેા સિપાઈ આવે છે.]

બેઈ, બેા સબકુ બેાલાબેા પીછા. બેાર આરામસે ણિહાબેા. દીકરા! રાતના જ બે બંધાને હું રસ્તેા બતાવી દઉંય. બેમ નહિ તેા ઉધરાનું કરીને પણ પારસલ કરીશું.

વિદ્યાર્થી: લે ચાલ સાહેબજી!—જરા લાંબી બુદ્ધિ રાખંતેા જા, નહિતેા ટિકિટ કલેક્ટરમાં જ પડી રહેશે.

ટિકિટ કલેક્ટર: અરે બુદ્ધી કરતાં બહીં તેા બનબનીબાનું જેર વધારે ચાલે, સમજેય? લે ચલ, જાયચ કાં? બા પીને જજે.

[ભિખારૂબેા પાછા બેસવા થઈ રહે છે.]

વિદ્યાર્થી: લે ચાલ! તારે કાં પૈસા બાપવા પડવાના છે?

ટિકિટ કલેક્ટર: નહિ રે, સ્ટૉલવાળેા મારેા સગેા લાગેય શું?

[બંને જાય છે.]

ફકીરઃ (ગાતો ગાતો આવે છે)

યહી દુનીઆમેં દો રોજ રહેના
બડા મુસાફિરખાના હૈ;
ઇધર પડા કયા, ઉધર ગિરા કયા,
સબકુ એક દિન જાના હૈ.

[પડદો]



અંક ૨ . . . પ્રવેશ ૩

પાત્રો

રામચરણ મૈયો, ડેપ્યુટી સ્ટેશન માસ્તર,
મૈયાજી, સોની, પારસી, બ્હેરો, વૈદ્યરાજ,
મારવાડી, ખારવો, અનાવલો, વિદ્યાર્થી, મજૂર.

રાતનો સમય. પ્લૅટફૉર્મ.

34052



[રામચરણની રાતપાળી છે. પહેલા પ્રવેશ-
વાળા રેપ્યુટી સ્ટેશન માસ્તર પ્રવેશે છે.]

ડે૦ સ્ટે૦ માસ્તરઃ (અંદરનાં બારણાંમાંથી બહાર આવતાં બંને દિશા તરફ જોઇને બૂમો પાડતા) એઇ ભૈયા! ઓ ! એઈ એ એઈ રામચરણ ! (અંદર ઘંટડીનો અવાજ થાય છે તે સાંભળી અંદર જાય છે. પાછો બહાર આવી) એ કૅબિનવાલે ! અરે ઓ કૅબિનવાલા ! (દૂરથી હોકારો આવે છે.) ઓ મેઈન લાઈન ક્લીઅર કરો, શંટિંગ એન્જિન લેનેકા હૈ ?—બરાબર (અવાજ આવે છે 'બરાબર') ઓર લૂપ લાઈન સમાલો. ઓ...ઓ. (કંઇકવાર રહી ભૈયો આવે છે) કયોં ભૈયા ડ્રીધર ગયા થા.

રામચરણઃ ડ્રીધર ભી નહિ, સાહબ. કૅબિનમેંસે દેખા—વો ડિસ્ટન્ટ સીંગલકા લાઇટ બરાબર નહિ ચલતા થા, વો બરાબર કરનેકો ગયા થા.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ કરી બરાબર ?

રામચરણઃ હાં સાહબ! યે દેખો અભી સફેત દિખે બરાબર! પહલે તો બીલકુલ અંધેરા થા. વો દિવસપાલી વાલેકુ બોલો નહિ તો રપોટ લગાઓ. દફેદફે વો કહીં નહિ તો કહીં બત્તી નહિ જલતી. જાકર દેખા તો ઉધિર બત્તીમેં ગ્યાસતેલ ભી કમ.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ અરે ભાઇ ! તું જાણતો નથી. અરધું ઘાસતેલ ક્વાર્ટર પર જતું હશે.

ભૈયોઃ હાં તો, યહી તો મૈં કહતા હું. સાલે ચોરી કરતા ઘાસ-તેલકી, ઔર ટેશીનમાસ્તર ઔર ઇસ્ટાફકી ઐસી હી ગલતી. ઔર ગુન્હા અપના નામ પર ચડેગા.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ શું કરીએ આપણે? કર્યાંકર્યાં પહોંચાએ? એમનાં કરમ એ ભોગવશે.

ભૈયોઃ વો તો ઠીક હૈ, સાહબ! મગર ટ્રેનકા ભી એ કરમ દેખને જૈસા કર દેંગે. સાલે મરનેવાલે મરેંગે, વો લોકકો કુચ હૈ?

ડે૦ સ્ટે૦ માસ્તરઃ વાડ, હવે જાઓ. કૅબિન પર મેઈન લાઇન ક્લીઅર રાખો, શંટિંગ એંજિન; લૂપ લાઇન પર લો. (અંદર જાય છે.)

ભૈયોઃ હાં સાહેબ! યહાં સે હી કહતાં હું (મોટેથી) એ કૅબિન પર ગોવિંદરામ હૈના? હો...હો...મેઈન લાઇન ક્લીઅર કરો. ઓ...ઓ; સંટીંગકા અંજિન લૂપમેં લેઓ...ઓ...(જવાબ બરાબર આવે છે) બરાબર! ઑલરેટ! જે રામજીકી! જે રામજીકી. અભી આતા હું. (જાય છે.)

ડે૦ સ્ટે૦ માસ્તરઃ (પાછો હાથમાં કંઈ કાગળ લઈને આવે છે) અરે ભૈયા દેખો સબ ગાડી દો ઘંટા લેટ હૈ.

ભૈયોઃ સબ ગાડી? સબ અંજિનકો સરદી લગ ગઈ કયા? કે કુછ તૂટા ફૂટા? રેલવઈ હય. સાલી રોજકી બીમાર!

ડે૦ સ્ટે૦ માસ્તરઃ નહિ રે, પેલી સ્પેશીઅલ માટે પાઇલોટ દોડે છે ને, તેથી. એટલે એ બધી ગાડીઓ સાઇડિંગમાં અટકાતી હશે; તે હવે લાઇનસર ચાલશે.

ભૈયોઃ અરે હાં; વો ઇસપીસલ, ઔર ઉસ્કા બડા પાઇલોટ ભી. યે ભી તો બડી બીમારી હૈ ન? અબ કહાં તક વો બલા ચલને વાલી હૈ?

ડે૦ સ્ટે૦ માસ્તરઃ કોણ જાણે, એક સ્પેશીઅલની કેટલી ધમાલ છે? હજી તો જશે, ને વળી પાછી ફરશે.

ભૈયોઃ ઓર પીછી ભી લેટને વાલી ? ક્યા એક હી રોજમેં લાટસાબકા કામ ખતમ હોગા ? અચ્છા ભાઇ ! ઠીક હય. સબ ગાડી લેટ ! ચલો નીંદ નિકાલેંગે. આજ ડબલ ડ્યુટી ભી હય.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ અરે નીંદ ક્યા નિકાલેંગે ! હમણા કન્ટ્રોલ ચાલશે, ને ધમાધમ કૉલ ચાલશે. હા ભાઈ, તારે યે ડબલ ડ્યુટી તો છે; પણ હું તો સવારે દસ વાગ્યે છુટીશ.

ભૈયોઃ હાં સાહબ ! ઔર હમ તો દેખેંગે કલ ફી સામ ચૌબીસ ઘંટે ફી ડ્યુટી ! માસ્તર સાહબ એ તો બડા ઝુલ્મ હય. (અંદર ઘંટડી વાગતાં માસ્તર જાય છે) હાં સાહબ તુમ કરા કરો પરેડ. યહાંસે ઉધર ઔર ઉધરસે યહાં. દો ઘંટા તક ગાડી હી નહિ ! (નાનો બાંકડો બહાર લાવી બેસે છે) સાલા યે બંકડા ભી બુદ્ધા હો ગયા; સબ હડ્ડી ઢીલી હો ગઈ. રેલવાઈ હય, ચલતા હય.

[બેસે છે ગણગણાટથી ગાવા માંડે છે]

રઘુબીર કહે ઓ સુન મેરે ભાઈ..ઈ..ઈ...
તુમ ચલો ઝટપટ ઓર ઢૂંઢો સીતા માઇ..ઇ..ઇ...
હનુમંત કુ લાઓ...

[માસ્તર બહાર આવે છે]

ડે૦ સ્ટે૦ માસ્તરઃ અરે ભૈયા ! આખા ઓરડામાં કંઇ તાપ લાગે છે, તાપ ? ને મચ્છરાં તો હજી નથી જતાં. અહીં ખુરશી મૂક.

ભૈયોઃ હાં તો સાહબ ! વો તો ઇંજીનરી ફી બોલબાલા હય. સબ ઈસ્ટેસન જેલકા કમરા. યે લો સા'બ, બયઠો. ઉધરતો મચ્છર સારી રાત ગુનગુનતે હય.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ હવે ચલાવ ભાઇ. તારૂં ગાવાનું ભજન બજન ગા કંઇક; નહિ તો ઊંઘ આવશે.

ભૈયોઃ હાં તો; અભી યહી ઉતરનેકા રહા.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ જા, તારી પેટીબેટી લાવ; નહિ તો ઢોલક.

ભૈયોઃ ઢોલક તો સાહબ, ઐસા થા; વો દિન તૂટ ગયા વો (ઔર દુસરા એક તૂટા હુઆ ટૅબિન પર પડા હુંય) ગોવિંદરામ! ઓ ગોવિંદરામ! વો પેટી ભેજો તો. (પેટી આવે છે અને ભૈયો ગાય છે.)

(બિહાગમાં ઠીક ગવાશે)

કાલ ઘંટા બજાવે, મહા કાલ ઘંટા બજાવે.
સાધુ હો કે સૈયાં હો સબ, કોઈ જાવે કોઈ આવે;
કોઈ સમેટત બિસ્તર તો ફિર, કોઈ રોવે કોઈ ગાવે—કાલ ઘંટા૦

પુન્ય પાપકી ગઠરી લે કર, જીવ મુસાફર જાવે,
રામ નામકી ટિકટ કઢા લે, ફિર અવસર નહિ આવે—કાલ ઘંટા૦

ટનનન, ટનનન, ટનનન, ટનનન, આખર ઘંટ બજાવે,
રામ નામસે સુન લો ભૈયા, સોહં ધ્યાન લગાવે—કાલ ઘંટા૦

[બહારથી અવાજ અને ઘોંઘાટ આવતો સંભળાય છે.]

ડે૦ સ્ટે૦ માસ્તરઃ શાબાશ ભૈયા, શાબાશ! જોને, ત્યાં શી ગરબડ છે?

[ભૈયાજી જાય છે, દરમ્યાન માસ્તર પેટી સાથે કંઈ વગાડવાની કોશિશ કરે છે.]

રામચરણઃ (આવીને) પાસિન્જર લોક. કૂલી મચાઈ હૈ. ટ્રેન લેટ હુય તો વો અંદર આને નહિ દેતા. ઇસ લિયે ગરબડ મચાતે હુય.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ અરે આવવા દે આવવા દે. જા, કહે છો આવે; બીચારા ત્યાં ક્યાં બેસે? (ભૈયો જાય છે)

[મુસાફરોનું ટોળું એકદમ આવે છે. બેત્રણ જણ વેઈટિંગ રૂમ તરફ જાય છે, પણ અંદર જગ્યા ન જોતાં બબડતા પાછા આવે છે.

બેચાર જણ ઉપરાઉપરી માસ્તરને પૂછે છે કે ગાડી કેટલી મોડી છે. માસ્તર જવાબ આપે છેઃ બે કલાક આશરે. સૌ બબડતા બેસવા માંડે છે, કોઈ આગળ જાય છે ને પાછા આવે છે. મુસાફરોમાં બધા પચરંગી છે. કોઈ પારસી છે, કોઈ સુરતી છે, કોઈ અમદાવાદી છે, કોઈ પેટલાદી છે, કોઈ હોરો છે, કોઈ દક્ષિણી છે, કોઈ પંજાબી છે, કોઈ કાઠીઆવાડી જોપી છે, વૈદ્ય છે, વિદ્યાર્થીઓ છે બેચાર બૈરાં પણ છે. પણ એ પાછળના ભાગમાં ચાલ્યાં જાય છે. સૌસૌની પાસે પૂરતો સામાન છે. કેટલાક હાથે ઊંચકીને લાવે છે, તો કેટલાક મજૂરો પાસે ઉંચકાવી લાવે છે.]

સોનીઃ કે..એ...મ માસ્તર સાહેબ! ચાલવા દોની. બે કલાક કેમ જશે નહિ તો? થવા દો, ભૈયાજી!

ડે૦ સ્ટે૦ માસ્તરઃ હા, ભાઈ! જરા ભજન ગાતા હતા.

સોનીઃ હાસ્તો, સું ખોટું છે એમાં? અમે બી સ્વરગમાં જઇસું.

પારસીઃ ગાએોની, ગાએોની; એમ સું કરોય? સાલો ટાઇમ કેમ જસે નહિ તો? માસ્તર, સું આય તમારી પંચ્યુઆલીટી કે? જરા ગઝલ કવાલી થવા દેએોની!

ડે૦ સ્ટે૦ માસ્તરઃ અરે ભાઇ! આ તો સ્પેશીઅલની બોલબાલા છે.

પારસીઃ સ્પેશીઅલ? કોણની? વાઇસરૉયની કે ગવર્નરની?—કે કોઈ સ્તેતના રાજરાની જવાના છ? પન તેમાં અમુને સાની સજ?

વહોરોઃ અરે તે સુ? ગવંદરની ઈસપીસલ ચાલે તો પછી અપના લોકની તરેન કાંસી ચાલે? એ ટો બે કલાકનો તેબ્લો. મેં આતલી મુસાકરી કીદ્ધી, પન એટલું અંદ્ધેર જોયું છે નથી.

પારસીઃ મલ્લાંજી! કાં કાં ફિરાય?

વહોરોઃ કાં કાં સું ફિરાય? એ આપની ગારી દેખીને ટો મને

ગમગીની ઉપજ્વેય. આખો જર્મન ફિરો, ઇટાલી ફિરો, ઇસ્વીઝરલેન્ડ ફિરો; ને ટેની ટ્રેન સું? ઇસ્પીડ સું? ઇસ્ટેસન સું? સગવર સું?

સોનીઃ ઓ..હો તો તમે, મલ્લાજી! કંઇ દેસદેસના પાણી પીધાં છે ને? વેપાર હસે.

વ્હોરોઃ હાસ્ટો! અપનો લોખંડનો. શ્રી ટેમ જર્મની જઇ આવોછ– હાં!, પન અપને અંગ્રેજી નથી સીખો,! પન ટો મને મુસીબત બી ન પરી—હિંદુસ્ટાનમેં ન સીખો તે સું વેલાત મેં સીખવાનો હુટો?—

દક્ષિણીઃ તો તો તું સેકન્ડ કલાસમાં જવાની હસે?

વ્હોરોઃ અરે સેકીનકલાસ બેકીનકલાસ બધા હવાઇ ગીયા; ઢંઢા રોજગારમાં ટાલકી સાફ થઇ ગઈ, એટલે આ અપના બઢ્ઢા કલાસમાં મજા છે.

પારસીઃ બઢ્ઢા કલાસ કે ગદ્ધા કલાસ!

કાઠીઆવાડીઃ અરે ગદ્ધા કલાસ છે, ભાઇશાબ! ગદ્ધા કલાસે હારો, ઈ અમારે બાપુની ગાડીમાં તો, ભાઇશાબ, માથું ને પગ ઑમના આડા લંબાવ્યા કે નીકળે બંને બારીની બાર. ઇ યાં તો ઘેડકલાસ પણ હાલેસે બાપુ! ઘેડકલાસ. એ ઇમને માટે આખો ડબ્બો નોંખો. આંહીં તો હરકાર માબાપનું રાજ છે, તે કંઇકે ભલીવાર સે.

વૈદ્યરાજઃ અરે અમારી બાપુની ગાડીની તો વાત જ ના પૂછો. કંઈ બેસવાની સગવડનાં જ એકલાં દુઃખ નહિ. એ તો ઉપડે એની મુન્સરીએ. ઊભી રહે એની મુન્સરીએ; અને રસ્તા વચ્ચે અટકી યે પડે એની મુન્સરીએ. એ એમાં ટિકિટવાળાના જુલમ, ટિકિટ કોચવાવાળાના જુલમ, માલ તપાસવાવાળાના જુલમ, લાઈનદોરી પર દાણ લેવાવાળાના જુલમ. વળી આ શિયાળે તો ઠીક છે; પણ જો ઉનાળો ધગતો હોય તો ગળું ભીંજવવા ટીપું પાણી પણ નૉ મળે.

મારવાડીઃ અરે થારો મરધો ભરે તે જુદો.

પારસી: એ શું કેય?—મરઘો સાનો?

સોની: એ તો, સાવકસા, એમ કે એક એક ડબ્બામાં જણે મરઘા ભરેછ, કેરી પાકમાં નાખી હોય એમ—

બ્હોરો: અરે કેરી શું—કે યે જગા હોય તો કે—પન સાલા માનસને બલીક હૉલની મિસાલ પૂરેછ. બેવકુફો પાકીકું કીંચારેય કે કમ માનસ બેસે. પન બીજીના કમમ, ગીનો જો કમથી બોછા કાંબી નીકલે તો.

બારવો: ઓ હો હો? કોન રે તૈયબગલી? યાદ આવતું કે? આપણે ફર્સ્ટીમર પર મળેલા?

બ્હોરો: કોન—કાંસે—કું—ઓ કોન મમીરો? અરે હાં હાં! કાં કૈસર પર મીલેલો ને? હાં, હાં યાદ આવું. તું કાંસી?

બારવો: કમણાં જ બે રોજથી ફર્સ્ટીમર આઇવો! આકી જગા કમવાનો ને પાછો પોર્ટમથ જવાનો.

પારસી: કાં મલ્લાજી કૈસર સાથે પન સેકેન કરી આયાય શું?

બ્હોરો: અરે બાવાજી મસ્કરી કાં કરો? કૈસરકિંદ ફર્સ્ટીમર પર આપની સાથે એનો મીલાપ થયેલો. એ કૈસર પર કરુ હતો. હજુ પન ટાં જ છે કે મમીરા?

બારવો: હોવે. કૈસર પર લંડનના વીસ કેરા કીધેલા, અને કીકરાનો કરિયો તો કંઈ ખૂંદેલો. કમણાં રજા પર શું.

બ્હોરો: સાલા શુ કિસ્મત છે? આખો પીકેનનો મેલ આપના આકીંસી બારવા લોક ચલાવે છ; ને કુનીઆ જાને કે ગોરાની થા'કુરી.

એક જણ: (ટ્રંકીઓ ટોપીમાં) સ્ટેશન માસ્તર! નો કમ ધેન વેઇટિંગ કમ? જલ્દ મી.

માસ્તર: યસ—(કહી કિબો થઈ જાય છે.)

બ્હોરો: બિચારો કસ્ટેશન માસ્તર શું કરે? ગોરપીટ કીધો એટલે

વેઇટીંગ રૂમ. તાં જગા નહિ મિલશે એટલે બ્હેન્હે એનો ઇસ્ટીમ ફાટે તે.

દક્ષિણીઃ કોઈ રેલવેની જ આદમી છે.

બ્હોરોઃ ટો ટો કોપરણરાસ!

દક્ષિણીઃ એટલે?

બ્હોરોઃ ખુદાણખસ. લે વલી આ સિપાઇ બધુક ઊંચકી લાવો છ; કોઈ અસલ સિકારી લાગે છ, (ભાસ્તર આવે છે) ક્રેમ ભાસ્તર સાહેબ! સુવાડો ક્રે એને? સમાલજ્જે ભાઈ, કોઈ સાબૂત સિકારી છે.

ડે૦ સ્ટે૦ ભાસ્તરઃ અરે શિકારી શેનો? આ અલીંયાં પાસેના તળાવમાં બતક મારી જાય છે. તેમાં તો બેચાર ઑફિસરો એકઠા થઇને જાય;—શું યે જાણે વાઘ મારવાના હોય તેમ. અને હજી તો કંઈકંઈ ધાંધલ કરશે.

બ્હોરોઃ મેં ટો સમજ્જે ક્રે કોઇ સું મોટો લશ્કરિયો હોસે. સીક્કલ તો બાકુલાદુન છે; બંદુક તો ઉચકી નહિ સકતો. હી....હી.

[પારસી ગએલો પાછો આવે છે.]

કાં કાવસજી? કાં જઇ આવા? ચાનો કૉપ ચરાવો ક્રે સું?

પારસીઃ અરે નહિ રે, જરા ટાઇમ ગોહવી આયો.

બનાવલોઃ અરે હવે ટાઇમમાં હું ગોહવવાનું છે? એ તો આવવાનો તીઆરે આવવાનો. કંઇ આપણી મરજીએ ગાડી લાવવાનો હતો? આ તો હહરીની આગગાડી. કોઈ માંહું હાજુ હોઇવાનું તીઆરે તો જરૂર એ મોકું જ કરવાનો.

પારીદારભાઈઃ તો અહીં ચ્યાં રસ્તા વચ્ચો પડ્યા છીએ. મારે બેટે ટ્રુટ્ર આલી સે તે હવે લોંગણુ ભૂંકયે સુટ્રો સે?

પારસીઃ અરે ટમે બદા આય આમ રેલવે પર કાંય ગુસ્સો કરોય? એમ ક્રેએની ક્રે આય આટલી બધી છે, ટો બધ લાગેય.

[ત્રણ વિદ્યાર્થી જેવા દેખાતા તદ્દન બાલ્ય પર બેઠાબેઠા

સાંભળતા હતા તેમાંથી એક જણ દરવાજો ઘસડાવે છે.]

વિદ્યાર્થી: શું ધૂળની બહુ લાગે છે? અને બહુ લાગતી હોય તો કંઈ ઉપકાર થોડો જ કરે છે? પૈસા લે છે—રાંધ્યા લૂટે છે. આપણો દેશ સદંતર અભણ, એટલે લાંક સુલેમાન ગાંડલી જેવો વેપાર ચાલે છે. અને થડ પાયા વિનાની વાતો ભણીએ એટલે આજકાલ મુંબી રેલવેના કાયદા જ જોખ્યા કર્યા છે. કોઈ નિશાળિયાને પૂછો તો પોપટ માફક પટપટ કહી જશે: પૂલ બંધાવ્યા, મુસાફરીની સગવડ વધારી, તારનાં દોરડાં નાખ્યાં, વેપારને લાભ થયો—

બ્હેરો: કોના બાપનો વેપાર? અરે મેં કહ્યું એ તો—

વિદ્યાર્થી: જરા સબુર, બે મિનિટ સબુર મહેરબાન!

બ્હેરો: હાં, હાં, બોલો.

વિદ્યાર્થી: બધા સાડીસત્તર લાભ ગણાવશે. પણ જુઓ, તમે હિંદુસ્તાન બાબામાં ફરો; મોટાભાગનાં શહેરો સ્ટેશનથી દૂર—કોઈ બે માઈલ, કોઈ દસ માઈલ. વાહ, વેપાર જુઓ તો નૂરનો અંદાજ જ નહિ. પરદેશથી મુંબાઈ માલ આવે તે સસ્તો—દિલ્હીથી મુંબાઈ માલ જાય તે મોંઘો પડે.

બ્હેરો: મોરીસની બ્રાન મુંબાઈના બારામાં મારા ભાઈને સોંઘી પડે છે, અને નીનીતાલની મોંઘી પડે છે—માફ કરજો વહાલા.

વિદ્યાર્થી: ભાઈ, કુટુંબમાં જુઓ તો તાર, ટપાલ, રેલવે બ્રજાને કામનાં કે બ્રજાની સગવડનાં છે જ નહિ; એ તો કમાણી કરવા પૂરતાં. બાકી લાભ તો કોના સબબાય છે એ તો સૌકોઈ જાણે છે. વાત શું કરો છો? આ પૂલો બાંધ્યા તેમાં શી બહાદુરી મારી? બસલ મોગલોએ કલકત્તાથી દિલ્હી સુધી ભલભલા લાંબા રસ્તા બાંધ્યા હતા, તે વચ્ચે નદી આવતી કે નહિ? આ તો નાળાંગરનાળાં જેવાં કુદરતી બાંધવામાં આવ્યા છે કે કોઈ જનની અગમ બુદ્ધિ નહિ, વરસાદના પાણીને રસ્તો મળે નહિ;

પાડાપાળોચિયાં ભરેલાં રહે અને આખા દેશમાં મચ્છરો લોકનું લોહી ચૂસ્યા કરે ને મૅલેરિયા વધ્યા કરે.

વૈદ્યઃ અરે મલેરિયા તે કેવો વધે બાપુ! એવો જેરી, એવો જેરી, જે અમારા વૈદકને પણ લંકાવે; પછી બકરું કાઢવા ઊંટ પેસાડે, ને મલેરીઆના મોટામોટા ડાક્ટરો આવે, ને આ ઈમ મચ્છરાં તપાસે ને તીમ તપાસે, ને પછી ભર કનીનુન, ભર કનીનુન—એ લાવ્યું આ કોરથી બોલી કોર. લીંબડો, કરીઆતું, તુળશી, આ બેનાં ઝાડવાં પણ જાય રેંસાતાં; દેખે ત્યાંથી કાપે. મલેરીઆ તો શું પણ બેના કાકા મામા બીજા તાવડા પણ બડ ઘાલતા લાલ્યા.

વહોરોઃ એ આપનાવાલો હુસેનીભાઈ મુન્સફ્ા હડ્રીગ પણ એમ જ બૂમો મારતો'તો.

વિદ્યાર્થીઃ તે જ. હવે આ પૂલ નાખ્યા. શું મોઝાણ નાખી? એ તો એમ સમજો કે એક સો ટકાના વ્યાજે મૂડી રોકી. એક ચોમાસું જાય ને પછી જુઓ કે કેટલા પાટા ધોવાઈ જાય છે, કેટલા પૂલ તૂટી જાય છે! આ તમે આજે જ ટ્રેનમાંથી જોજો. પૂલ આવશે કે ત્યાં સમારકામ ચાલુ. લમણાં વળી કૉંક્રેટનું ધતીંગ ચાલ્યું છે તે સીમેન્ટના ઢગલા. વળી નવો ઈજનેર આવશે કે નવું તૂત. બારે મહિના કંઈનું કંઈ કામ તો ચાલવાનું જ. કાં તો પાટા નંખાતા હોય. સ્ટેશનની બાંધણી જુઓની; એક નવું સ્ટેશન બાંધ્યું કે એક ચોમાસે એની ભીંતમાં ચીરા. ઘાટઘુટમાં તો તબેલા જ. જ્યાંત્યાંથી કંટ્રાક્ટરો પોતપોતાનાં બિસ્સાં ભરે ને કામ ચાલુ રાખે. અને એમાં પંદર જણનું સહીઆરૂ. એમાં પણ બીચારા મજૂરોનો મરો થાય તે જુદો. આ બાલાસની માટી ભરવાની મુદલી ગાડીઓમાં મજૂરીઆને ભરી દોડાવે આમથી તેમ. નહાય ધુએ તો શું, પણ બચારાને એક વખતની પાકી રસોઇ બનાવવાનો પણ વખત ન મળે. આખું બાંધકામ

તકલાદી, બાતું ચોરાટિયું! અને બરચ જુઓ તો લાખે લેખાં, અને પછી ભાંગફોડનો માલ આ આવ્યે જાય પરદેશથી. ઓ પેલું ઘડિયાળ જુઓ; ચાર ગણી કિંમતે બરીદાયું હશે. આ માસ્તર સાહેબની ટોપી, સીસોટી ને બત્તી જુઓ; ઍન્જિનીઅરિંગ, મૅડિકલ, લોકો, ટ્રાફિક, પરમૅનન્ટ વે, કૅરેજ, ઇલેક્ટ્રિક, રાલિંગસ્ટૉક, કોઇપણ ડિપાર્ટમેન્ટ જુઓ; દસ ગણી કિંમતનો માલ; અને ટકવામાં તકલાદી. પછી ટિકિટો આપણી મોંઘી હોય એમાં નવાઈ છે? સગવડ વધારે મળે જ ક્યાંથી? અને ઉપર મોટા પગારનાં અમલદારો!

ડે૦ સ્ટે૦ માસ્તરઃ અરે ભાઇ! હુમણાં તો કાપકૂપને નામે ત્રણ નોકરો, ને ઉપર તેર અમલદારો એવો હિસાબ છે. દસદસના પાંચ નોકરો ઘટાડે, ને પાંચસોના પાંચ અમલદારો વધારે; તે યે વીસવીસ વરસના છોકરા; કોઇ જાતનો અનુભવ નહિ—

વહોરોઃ સીધા ટાંથી જ પારસલ કરેલા, ટકુંન ટાન્યે માલ!

વિદ્યાર્થીઃ પણ એ તો એમ જ થાયને? ડાયરેક્ટરના સગાવહાલા, મામા માસીના—ત્યાં નહિ સંઘરાય તે ક્યરો અહીં ધકેલે. અરે સાહેબ! માસ્તરને પૂછો; એક મેલ ટ્રેન બાલી દોડાવશે, પછી બાલ્ય તો એમાં પેસેંજર બે અક્કો ને અલી; પાછળ વીસ ભહિયારાનું રસોડું દોડે અને શુમાર વગરનો સ્ટાફ; મુંબાઇથી પેશાવર ને પેશાવરથી કલકત્તા, ને ત્યાંથી મદ્રાસ, ને મદ્રાસથી મુંબાઈ. પંજાબ મેઇલ ને અફઘાન મેઇલ ને ફ્રન્ટીઅર મેઇલ, મોટાંમોટાં નામો; ફર્સ્ટ કલાસ, ને સેકન્ડ કલાસ. દરેક ગાંડી બોટમાં દોડે; આ એ બધો બંગ આપણી આ લાલ ટિકિટ પર. નાણાંશાસ્ત્રની રીતે વેપારમાં શી અગવડો છે એ તમને હુમણાં ક્યાં સમજાવું.?

વહોરોઃ અરે! નાનાંસાસ્ટર બાનાંસાસ્ટરની સું વાટ કરોય? વેપારની મોકાન ટો મે જાનુંછ ની? મિસ્ટર! ટમે લૅક્ચર સારો કીઢો; પન

એમાં દારૂ સું વસે?

કાઠીઆવાડીઃ ભાઈ! સણ્યા સે તો આટલું સમઝે સે; કોક દિ યે એમાંથી કાંઈક ફાયદો થાહે.

વ્હોરોઃ કાંય કાવસજી! થંડી વધારે લાગી ગઇ કે સું? જરા ચાનો કૅાપ ચરાવો.

પારસીઃ અરે આય પંચાત સુમણાં કાં ઉકેલો? એ મિસ્ટરમાં પન તાજે કૅાલેજનો પવન ભર્યો હોસે બા, તે આમ બખાળેય; અથવા તો કોઈ ટિકિટ કલેક્ટરે એવરે ભારે સતાવિયા હોસે. બોતું ના લગારતા; બાવા; બોલો તમે બી ચા પીસોને? મલ્લાંજી તમે પન? બીજા કોનકોન પીસે? બોલો, ચલો!

વ્હોરોઃ હો, હો; કાં? એકદમ સખાવત કરી નાખોય? બઢા જ પીસે વલી.

પારસીઃ થવા દેઓ, થવા દેઓ તો, લ્યો હું કેટલા કોપ—પાંચ, દસ—

ડે૦ સ્ટે૦ માસ્તરઃ તમે બેસો, હું નોકરને બોલાવું છું. બોય, કોણ, ભૈયાજી! સ્ટૉલવાલાને ચાનું કહોને.

વ્હોરોઃએ ભૈયાજી! ટો જો, એ અપની તરફથી બારી બિસ્કીટ, બકાની.

પારસીઃ તમે પન કાંઇ ઉસ્કેરાઇ ગીઆ?

વ્હોરોઃ ટો ટેમાં સું થયું? બધી મજલિસ બેઠી છે, ને જાકટ. કોઈ કાં જાસે, કોઇ કાં જાસે; ફરી મિલા તો ખુદા અલ્લા નહિ ટો ટાં.

[હાથે આંગળી બતાવી રહે છે.]

પારસીઃ માસ્તર સાહેબ! બરી મિજલસ છે; તો ભૈયાજીને કહોની કે જરા ચાલવા દે; આય પેટી, બાવાજી, અમુને તો પેંપું કરતાં આવરે નહિ; નહિ તો હમનાં લગાવી દઇએ.

સોનીઃ આટલામાંથી કોઈ હોય તો લલકારોની, થંડે પહોરે ધીમે

રહીને થવા દો.

વહોરોઃ કાં ટમે સું એક ઊંધ નિકાલી ?

સોનીઃ ના રે જરા એક ઝોકું ખાધું; પણ હવે મકું ચાલવા દો.

જરા સ્ફૂર્તિ આવે.

[એકાએક ખૂણામાંથી કાઠીઆવાડી]

કાઠીઆવાડીઃ એ એ એ ....

સોનીઃ વાહવા, હં.

કાઠીઆવાડીઃ એ એ ...

લાડી, વાડી, ને ગાડી; જર વિણ જરવે નહિ;

(પણ) એ કડવી મીઠી માડી, જર વિણ જળવતી સદા.

એક જણઃ શાબાશ ! શાબાશ !

વૈદ્યઃ (એકાએક)

એ ... બાંડી, જાડી ને ગાંડી, વૈદ્ય વિણ હાલે કદી;

પણ ચિકરે જો ઈ નાડી; વૈદ્ય વિણ હાલે નહિ.

એક જણઃ વાહ વૈદ્યરાજ ! વાહ ! કાં દરબાર ? આવવા દો હવે.

કાઠીઆવાડીઃ

એ ... કણેા ખટકે નેણ, કંકર ખટકે પાનીએ;

હૈડે ખટકે વેણ, વિયેાગ ખટકે સૌ થકી.

વૈદ્યઃ એ ... વેહ્યો જાય વિયેાગ, ગ્રહયેાગ વસમેા એ થકી;

પણ પૂરા લાગે ભેાગ, જો વૈદ્ય ચિકર્યો હાથથી.

એક જણઃ વાહ વાહ ! વાહ વૈદ્યરાજ ! કાં મલ્લાજી ?

વહોરોઃ એમાં અપના હિસાબ નહિ ભાઇ ! એ વૈડ ચિકરવાનું સમજો હું ટો. ટંટોકિસાદ ના કરટા ભાઈ. કાં કાવસજી ! ટમે કંઈ આવવા ડો હવે.

પારસીઃ અરે હું વલી કોણના બાવાનો ઉસ્તાદ—

વહોરોઃ કાં, તમે તમારા બાવાજીના ઉસ્તાદ! ચાલવા દો.

એક જણઃ હા ભાઈ; વખત કાઢવાનો છે, એમ.

પારસીઃ લ્યો તારે, આય એક સુરીઆની રાગની સુનાઉંય. આય એમાં તાલ તંબૂરાનો, ને થાય થુમરીનો.

(ભજન)

એ..એ...એ....

સુખદુખ મનમાં નહી આનીએ રે ઘત સાથે રે ઘડીઆં,
તાલ્યાં તે કોઈનાં નવ તલે, રઘુનાથનાં જરીઆં.—સુખદુખ૦

[બધા સાથે 'સુખદુઃખ' ઊપાડી લે છે.]

એ, હરિસચન્દર સરીખો રાજીઓ, જેની મંડોડ્રી રાની,
બાર વરસ વનવન ભતક્રી, નઈ મલે અંન ને પાની.—સુખદુખ૦

એ, રામચન્દર જેવો રાજીઓ, જેની દમયંતી સ્યાની,
અરધે વસ્તર વનવન ભમી, રામજી રૂએ રે સાદ તાની,—સુખદુખ૦

એ, નલરાજા સરખો રાજીઓ, જેની તારામતી પતરાની,
એના છપ્પન પર ભોગલ વાજીઆ, ને થયું બહુ ધુલધાની,—સુખદુખ૦

સાહેબો! અમુને તો આવું આવડેય. તાનપલતાની વાત તો વરી ન્યારી જ છે.

વહોરોઃ અરે વાહ, ફસકલાસ ગાયું. હરફે હરફ મેં સમજ્યો. તમે બી બાવાજી થીક સીખાય. ચાલો હવે બીજો કોઈ ઘરાક નીકલેછ કે?

[ઘંટડી વાગે છે ને બારસ્તર જાય છે.]

સોનીઃ કોઇને ચાનો ગરમાવો પણ લાગ્યો નથી શું?

[બારસ્તર પાછા આવે છે.]

પારસી: કેમ, સાહેબ? કંઈ ચેન આવે એવું લાગેય કે આજે રૂમ પાલવાની ય?

કે૦ સ્ટે૦ માસ્તર: આવશે, આવશે; ધીરજ રાખો. કાં ટંગલમાં બેઠા છો? હવે બહુ વાર નથી.

ઓઢ જણ: એ દરબાર! હાલો.

કાઠિયાવાડી: એ કંકુના રંગમાં દરબાર કે દિ'ના હવાઈ ગિયા. દરબારના કાંઈ હાલતા ત્યારે તો, બાપુ, ગિરિકન્દરો 'બમ બમ' ના પડકાર ઝીલતી; ને સમદરની છેળ જેવા તો દરબારનાં દળકટક ઉતરતાં ને પવનવેગી સાંઢણીયું મલક મલકના કોટ કૂદી વળતી, ને લોકના ચોક શિરદ ગાતાં ગાતાં ગગનને ઢંઢોળતા; ત્યારે રૈયતને બેતરેબેતર તો મનમા જેવડા અટબટલા ઊંચા તરંગોલ ભાવોભાર ઝૂલતા, બાપજી! એ દા'ડાની વાતું, નોખી ને હવે તો—

(ગાયન)

અગનગાડી આંગણ આવી...
કે, કૂવે કાલ્યા મલકની માંય, અગનગાડી આંગણ આવી,
એ, લીલાલીલા સીમાડાની છાંય, ઉપજની માંગણ આવી.
—અગનગાડી૦
કે, કુંજન વન ને નાથેરની સોડ, કાગમુખી વાઘણ આવી,
કે, નીલા પમરે વાયરાથી કોડ, તેમાં કે ગંધારણ આવી.
—અગનગાડી૦

[કે૦ સ્ટેશનમાસ્તર અંદર જાય છે.]

એ, આવ્યા આવ્યા દેશ પરદેશ, એના કૂવા સાંધણ લાવી;
કે, કૂવા કીધ કાણુંકીના વેશ, એને માટે લાંધણ લાવી.
—અગનગાડી૦

એ, ભોળા ભોળા ભારતને ભાગ્ય, પરદેશી કામણ લાવી;
મલક ફરતા ઝેરી ફૂંફાટ, ડંખીલી નાગણ આવી.

—અગનગાડી૦

એત્રણ જણ: એ વાહ જી વાહ ! શાહબાશ; અગનગાડી આંગણ આવી. વાહ વાહ, રંગ છે.

[સ્ટેશનમાસ્તર આવીને]

ડે૦ સ્ટે૦ માસ્તર: એ નીકળી ગાડી, હ્યેા.

બ્હોરેા: હેા હેા, પૈસા વસુલ થસે બરા !

પારસી: એા બેાદા ! હેએા, આય તમેાએ ગાયું તે બેાદાયજીએ અરજી સાંભલી ને આય ગાડી ડિસ્પૅચ કીધી. ચાલેા બને તેા બધા સાથે જ બેસજો કે રાત સીધી નીકળી જાય.

એક જણ: કાંય બાવાજી ! કંઇ સૂવા દેવા છે કે નહિ ?

[બધા બિસ્તરા વગેરે તપાસવા મંડી પડે છે, ઊભા થઇ જાય છે, નમસ્કાર કરે છે, ગુસપુસ વાતેા કરવા મંડી પડે છે.]

એક જણ: એ ભાઈ, બેાલ્યુંચાલ્યું માફ કરજો.

બીજો: એમાં બેાલ્યું શું ને ચાલ્યું શું? હવે તેા ગાડી જ બેાલશે ને ગાડી જ ચાલશે.

એક: (દૂર જેતેા) આવી બરી. આ ચળકતેા દીવેા તે એનેા જ કની ?

બીજો: અરે, એ તેા નાગણનેા મણિ.

એક: અરે મણિ તેા નાગને હેાય;

બીજો: તેા નાગ પાસેથી ચેારી લાવી હશે; રાતના રસ્તેા નહિ દેખાયને, એટલે.

ડે૦ સ્ટે૦ માસ્તર: (હાથમાં તાર લઈ ઉતાવળે, દેાડધામમાં) બૈયા ! એ બૈયા !

રામચરણઃ હાં સાહબ!

[પાછી ઘંટડી વાગતાં માસ્તર એકદમ ફોન પર દોડે છે.]

એક જણઃ એકદમ કંઈ ધાંધલ થઈ લાગે છે.

રામચરણઃ ક્યા નસીબયત હૈ સાહબ!

ડે૦ સ્ટે૦ માસ્તરઃ ભૈયાજી! આજે જે નહિ થાય એ ઓછું. કુચ સમજાતા નહિ. એક તાર છે. હેબો હસ્પીસલકા લાઈટ એન્જિન તૈયાર રખે, ટૅમ્બિન દો બોલો.

[પાછી ઘંટડી—જાય છે.]

રામચરણઃ એ ટૅમ્બિનવાલા... આ... એ... એ...

ડે૦ સ્ટે૦ માસ્તરઃ (એકદમ ઉતાવળે આવીને) ભૈયા! વન કાઉ રન ઓવર!

રામચરણઃ ક્યા સાહબ?

ડે૦ સ્ટે૦ માસ્તરઃ એક ગાય કટા ગઇ; ડ્રાઈવર રિપોર્ટ કરે છે. નાહકનું કામ વધારતા ફરે છે તો.

રામચરણઃ સાહબ! ગાડી આ રહી.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ અરે હાં, એક ઘંટા લગાઓ.

[એક બાજુથી નીકળી તખ્તાની કુટલાઇટ સરખો હાથ ઊંચો કરી પૅસેન્જરોને આવા બેસવાની સૂચના કરતો ચાલતો પોર્ટર બીજી બાજુ ચાલ્યો જાય છે. બધા પૅસેન્જરો હારબંધ ગાડી આવવાની દિશા તરફ જોતા પ્રેક્ષક તરફ ઊભા રહી જાય છે; તરત એક ઘંટો વાગે છે.]

મજૂરઃ બા...આ...આ...જુ...

[નિ પડદો પડે છે.]

અંક ૩ . . . પ્રવેશ ૧

પાત્રો

સાહેબો, ઉજલસિંગ, નારણીઓ

પાછલી રાતનું અંધારું. પાટા પર એક ટ્રૉલી પડી છે, ને પછી તુરત એક નાળાના પૂલની એક બાજુના પથરાનો કરો દેખાતો હોય એમ લાગે છે. પેટ્રૉમૅક્સ બળે છે.



[બેત્રણ સાહેબો વાતો કરતા ઊભા છે. એમાં એક પંજાબી પણ છે એમ તેના શીખ ફેંટા પરથી સમજાય છે. એક્સ.ઈ.એન., પી.ડબ્લ્યુ.આઈ., ટ્રી.આઇ., બી.આઈ.; (ઇજનેર, રસ્તામુકાદમ, ટેલિગ્રાફ ઈન્સ્પેક્ટર, અને પૂલમુકાદમ તે સરદાર ઉજ્જલસિંગ).

એક સાહેબઃ અબી કોઈ નહિ આયા?

ઉજ્જલસિંગઃ યસ સર! અભી આતા હોગા. પાંચસે ચલના ઔર હિકાને હિકાને પર આદમી ખડા રખના હમસે દેરી હુઈ હોગી.

બીજો સાહેબઃ ખ્રિજ બરાબર હય?

ઉજ્જલસિંગઃ હાં સાબ! અભી દેખા.

ત્રીજો સાહેબઃ સબ ઍાલરાઇટ, ઉજ્જલસિંગ? આદમી લોકકુ સબ સમજાયા હય—કૈસા ખડા રહેના, કયા કરના, કહાં તક—સબ?

ઉજ્જલસિંગઃ હાં સાબ! સબ લોકકુ બોલા હય—વો મશાલ હાથમેં રખના, ઐસી પીઠ કરકે ખડા રહના, ઔર લંબા નજર રખના, ઈસીપીસલ

ચલી જાવે ફિર ભી પંદરા મિનિટ તક ખડા રહના. સબ બરાબર સમજાયા હય.

એક સાહેબઃ ધિસ ઇલડી ક્રેલ્ડ !

ઉજલસિંગઃ હાં સાબ થંડી તો બહોત હય. મગર યે મશાલકી ગરમીમેં ઠીક રહેગા.

બીજે સાહેબઃ ઉજલસિંગ! ઉસકો બોલા હય કિ ટ્રેન ચલે ગયે બાદ દોડના નહિ?

ઉજલસિંગઃ હાં સાબ, બરાબર કહા હય. હમકો યાદ હય એક બખતકા નતીજા. અખબારમેં પઢા થા. એક બખત કોઇ નૅટિવ સ્ટેટકી હૉસપીસલ ચલી જા રહી, ઔર જંગલી મશાલચી ગાડીકે પીછે મશાલ લેકર ભાગા. વો સમઝા સરકાર બાપ કી ગાડી કે પીછે ભાગના હી ચાહીએ. મીટર ગેજ ઔર ઇસ્પીડ કમ હોગી, તો સાબ! બૉડીગાર્ડને દેખા; ઔર એકદમ બંદુક લેકર ગોલી છોડા ઔર શટ કીયા. હી હી હી હી! એસા હો જાતા હે કભી કભી. સબ જંગલી લોક, બીલકુલ સમઝે હી નહિ.

એક સાહેબઃ યેસ . . . પૂઅર મૅન!

ઉજલસિંગઃ હાં સાબ, દુસરા ક્યા હો સકે? મશાલ લે કર હી ભાગા. વો તો સમઝા કે મેં ડ્યૂટી કરતા હું; મગર શટ હી હો ગયા.

બીજો સાહેબઃ નાલે કી વો બાજુ એક, ઔર યે બાજુ ભી એક રખેગા?

એસા—ઇધર એક લેબરર કો રખના.

ઉજલસિંગઃ અચ્છા સાબ. ઐસાહી હે લિસ્ટમે ભી. યે આ રહા—એક.

એક સાહેબઃ ઇધર તક અપના ડિસ્ટ્રિક્ટ હે—યે નાલા અપને ડિસ્ટ્રિક્ટમેં આતા હય ના?

ઉજલસિંગઃ હાં સાબ! યહાં તક હી અપના. વો છેલ્લા એકહી મશાલવાલા ઇધર રહેગા.

[બીજા બે ત્રણ ઑફિસર સાથે
નારણ મશાલ લઇને આવી રહે છે.]

(નારણને) દેખો! ઈધિર ખડા રહના; પૂલ કી યે બાજુ. ઈસિપીસલ જાવે પીછે ભી પંદરા મિનિટ તક યહાં હી રહના; પીછે લૌટ આના. સમઝા?

એક સાહેબ: હી ઈઝ અ બૅાય!

ઉજલસિંગ: હાં સાબ, લડકા હી હૈ—ઈતના લેબરર ભી સબ મુશ્કિલ સે મિલા. યે યંડમેં કોઇ આતા નહિ; ઔર પૈસે કમ પડતે.

બીજો સાહેબ: ઑલરાઇટ, સબ જાયેંગે તો? ટેલિગ્રાફ ઑલરાઇટ, લાઇન ઑલરાઇટ. બ્રિજ ઑલરાઇટ?

ઉજલસિંગ: હાં સાબ ઑલરાઇટ—સબ! (નારણને) અચ્છા! દેખો—કયા નામ તુમારા?

નારણ: નારણીઓ!

ઉજલસિંગ: નારણીઓ! અચ્છા નારણીઆ! અભી ઈધિરસે હટના નહિ. સાહબ દેખેંગે તો મારેંગે. ઈધર હી ખડા રહના. સમઝા?

નારણીઓ: હાં સાબ!

એક સાહેબ: પૂઅર બૅાય! અચ્છા ચલો.

ઉજલસિંગ: ટ્રૉલીમૅન! એઈ ટ્રૉલીમૅન—કિધર ગયા?

એક સાહેબ: કયા ટાઇમ હુઆ?

ઉજલસિંગ: એક, પંદરા. અભી તો દો ઘંટેકી દેરી હય સાબ: અચ્છા! નારણીઆ! ઈધર ખડા રહના. હે. . . એઈ ટ્રૉલીવાલા. . . . . .

[ટ્રૉલીવાળા આવે છે, ને બધા ટ્રૉલી પર કૂદીને બેસે છે. ટ્રૉલી ધક્કેલાવા માંડેછે ને પડદો પડે છે.]

ચાંદ ઉ . . . પ્રમેયુ ?

પાત્રો

પોઈરૂ, ઈંગ્લિશવાળો, ડેપ્યુટી કંટ્રોલર બાઈલર,

ગ્રામચરણ, ગુલામમહમદ, કૅપ્ટનબૅગ

મૂળજી બોઘા બળદેવાળો



[પ્લેટફૉર્મનો એક છેડો. પાસે ફૅબ્રિન. સાધારણ અંધારું. પાછળ પડદો કાળો.]

પોર્ટર: (બત્તી હલાવતો ધૂમ પાડતો) ફૅબ્રિનવાલા . . . હે એ. . . . શંટિંગ ઇંજનકુ લુપલાઇનમેં જાને દોગ્એ ગ્એા . . . .

ફૅબ્રિનવાળો: (ફૅબ્રિનની બારીમાંથી) કબસે ઘંટેલ દીગ્આ—અબ ક્યા ચિલ્લાતા હુય. અરે પોર્ટર, માસ્તરસાહબ કિધર હુય—અભી તક નહિ આયે ?

પોર્ટર: ગ્એ આવે સાઈડીંગમેંથી. સાલી તાઢ બૅાત પડતી. એઈ! ભૈયા મેનલેન ક્લીઅર કરો . . .

ફૅબ્રિનવાળો: અરે યે ક્યા ટિકટિક લગાયા હે ? અભી વીસલ તો દિયા ભી નહિ. તુમ તો દોઢ દિન કિસીકુ પટક દેગા !

[ડેપ્યુટી સ્ટેશન માસ્તર આવે છે.]

પોર્ટર: જોજો, માસ્તરસા'બ! ઑણી કોરે તાર છે, ને સલેપાટ આડું પડ્યું છે.

ડે૦ સ્ટે૦ માસ્તર: હા ભાઈ! ભેરવાયા તો લાંબા જ. અરે ભૈયાજી!

ઓ ભૈયાજી!

રામચરણ: આયે માસ્તર સાહબ? બહોત દેર લગી? અભી ક્યા ઝગડા હુય?

ડે૦ સ્ટે૦ માસ્તર: અરે ઝગડો તો ભારી છે. આ સ્પેશ્યલે તો થંડા કરી નાખ્યા, ભાઇ. હજી અહીં કોણ જાણે ક્યાં સુધી થથરવું પડશે. અરે પોર્ટર, જોની ઑફિસમાં મોટા માસ્તર જાગે છે કે ઊંઘી ગયા? કોન બોન આવશે ને ઊંઘતા હશે તો વળી મુસીબતનાં પોટલાં!

[પોર્ટર જાય છે.]

રામચરણ: બડે માસ્તરકી આપ કયોં ઇતની ફિકર કરે સાહબ? વો તો લપેટ ગયે હોંગે.

ડે૦ સ્ટે૦ માસ્તર: અરે ભાઇ! એ પણ આપણો ભાઈ છે ને? નાહકનો નોકરી ગુમાવે તેમાં શો ફાયદો?

રામચરણ: હહરો સાહબ! મૈં ઇસ્ટ્રુલ ભેજ્તા નીચે.

ડે૦ સ્ટે૦ માસ્તર: અરે ના રે ભાઇ ના; આ તો બડા પગની નોકરી. વળી કોઇ ચાડીઆ નીકળશે તો અદેખાઇનાં જાળાં ઊભાં થશે. હવે લગભગ સવાર તો થવા આવ્યું. કેટલા વાગ્યા?

રામચરણ: ચાર પચાસ. ઇસપીસલ તો નિકલ ગઈ હોગી; અબ, વો ગુડસ લેનેકી રહી. અબી કુચ લાઇન ક્લીઅર નહિ આયા?

ડે૦ સ્ટે૦ માસ્તર: આવશે; હજી વાર. રામભૈયા! સ્પેશ્યલનો ફ્રાઅ ઘણો ભારી હતો—જો!

રામચરણ: હાં સાહબ! સુપરહીટર ઇંજિન, ઔર પંદરા રોજ સે ઘિસઘિસકે ચમકતા બનાયા; ઔર બોગી ભી અચ્છીથી.

ડે૦ સ્ટે૦ માસ્તર: ઊભી તે અને સ્ટાર્ટ પણ સરસ લીધો. પણ રામભૈયા, એ તું હોય નહિ ને એ ચાલે નહિ—જો.

રામચરણ: હાં સાહબ, ટ્રેબિન તો ઉસકા, સમજે ન, કે કલેજા હુય.

ડે૦ સ્ટે૦ માસ્તર: હા, આ પાટાકાટા તો ઠીક; અને લાલ લીલી બત્તી પણ ઠીક; ખરો તો તારા આ બે સાંધા પર એનો આધાર છે.

રામચરણ: રામજી કા આધાર, સાહબ!

ડે૦ સ્ટે૦ માસ્તર: એ સાંધા જે કટક્યા તો બતમ.... અરે યે શંટિંગ એન્જિનકો લો—મેઈન લાઈન પે—એ એ.... એ બરાબર! ભૈયા જાને દો.. ઓ.. ઓ. ...

રામચરણ: યે કૌન હે આજ? છટ્ટુભિયાં કયા?

આ૦ સ્ટે૦ માસ્તર: હા, છટ્ટુ જ હુશે; જબરો ધાંધલીઓ! રામ-ભૈયા! આટલું અમસ્થું માણસ, આગવાળો ને ડ્રાઈવર! ને શો ધબકો ને રૂઆબ! ને આ રાક્ષસી ગાડી? ધડધડાટ કરતી ચાલી! છે કાંઇ એને ચિંતા? સપાટાબંધ! ન એન્જિનને ફિકર. એ બે પાટા ને ધમધમાટ ચાલ્યા જ જવાનું. ન કોઈ સામે આડો કે ટેકરો, નદી કે નાળું; બધું બરાબર એને.

રામચરણ: સાહબ! આગગાડી હુય. ચલી વહાં તક ચલી. મગર આગકી સાથ રમત હુય સાબ.

ડે૦ સ્ટે૦ માસ્તર: એ તો બરાબર. સહેજ ભૂલ કે રામ બોલો ભાઈ રામ. એ તો અગ્નિ, કોપ્યો તો સત્યાનાશ.

રામચરણ: અરે સાહબ! ઉસકા બેર દેખો ઔર ઉસકી નૌકરી દેખો. કયસા કામમેં રહતા હુય વો? મગર આપને આદમીસે; આપ કમજોર ઔર ગુસ્સા કિતના કરતે હુય.

[પોર્ટર આવે છે.]

પોર્ટર: સાહેબ! આ તાર છે: અને પ્લાટ પર દાગીનાનો દગલો પડ્યો છે, તે શેમાં જશે?

ડે૦ સ્ટે૦ માસ્તર: લાવ, બત્તી ધર જોઉં. (વાંચે છે) ભૈયા! ભૈયાજી!

કારખાને મેં પૂછો ફોન સે, કયા હુય ?

રામચરણઃ કયા હુય સાહુબ ?

ડે૦ સ્ટે૦ માસ્તરઃ અરે તુમ પૂછોઃ વન ટવેન્ટી ડુ કા એન્જિન પર બાધર આયા–કુછ હોનારત હુય !

રામચરણઃ (મોટેથી) અલાવ—રનિંગશેડઃ યે કોન હૈ ? સ્ટોરવાલે—સાલા કોઇ જવાબ નહિ દેતા–કહાં મર ગયે ? એઈ–અલાવ . . . એઈ . . . કૌન હૈ તુમ, કહાં મરાથા ?—અચ્છા કયા કુછ અકસિડંટ હુઆ—બાધરકુ ? —હાં—હાં—હાં . . . . પિછે ? . . . . હાં . . . . હો . . . બાધરજી ?. . . માસ્તર સાહુબ ! સુનો, કહતા હુય કે બાધરજી એંજિન પરસે ગિર પડા, ઔર હાલત ગંભીર હુય. અભી વો ગુડસ આયા–કહાં ક્રિધર ગિર ગયા વો કુછ કહેતા નહિ. અભી તક કારખાનેમેં હુય ઔર ડાકટર કે લિયે ભેજા હુય.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ મને થતું જ હતું. આ તાર પણ ઠેકાણા વગરનો છે. પૂછો ભૈયાજી, કારખાનામાં રાખે છે કે ઘેર લઈ જાય છે ?

ડે૦ સ્ટે૦ માસ્તરઃ પોર્ટર ! જા તો; મોટા ડાકટરને મારા તરફથી કહે કે ત્યાં બાધરની ક્રોટડીએ આવે.

રામચરણઃ (ટેલિફોન સાંભળીને) સાહુબ ! બોલતા હુય કે અભી ક્રોટડી પે લે જાતા હુય. સાહુબ! બોલો કયા કરના—સાલી નોકરી હુય યા ગુલામી ?

ડે૦ સ્ટે૦ માસ્તરઃ રામભૈયા ! ઉપર છે ક્રોઇ બીજું ? તેને બેસાડ ને તું ચાલ.

રામચરણઃ અયસા આ સકતા હું સાહુબ ?

ડે૦ સ્ટે૦ માસ્તરઃ હા, હા, ચાલ; રેલવેને માટે માણસનો જાન જાય તો તેને રેલવેનો નોકર એટલી પણ મદદ નહિ કરી શકે ? ડયુટીનો અર્થ હું જાણું છું, સમજું છું, પણ ક્યાં ? (દરમ્યાન ભૈયો નીચે આવવા ઊતરે

છે.) અહીં—આઠ કલાકની—ચૌદ ચૌદ કલાકની નોકરી હોય—નોકરીમાં કોઇપણ જાતની કદર ન હોય—પ્રામાણિકતાનું નામ ન હોય—આખું તંત્ર સડેલું હોય ત્યાં ફરજનો આદર્શ રાખી . . . .

[રામચરણ આવીને]

રામચરણઃ ચલો સાહબ! હમકો ભી સબ ગોટાળા માલૂમ હોતા હય. વો સાલા જેન્સ બડા દાદાગીરી કરતા—

ડે૦ સ્ટે૦ માસ્તરઃ ભૈયા! આપણે કારખાનામાં શા સારૂ જવાનું? એ લાકો એને કોટડીએ લઇ જતા હશે તો તો અહીંથી જ લઇ જશે, આ જ રસ્તો.

રામચરણઃ હાં સાહબ! યે ભી ઠીક હૈ. અભી આતે હોંગે.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ હા; અને હું ધારું છું કે આ પેલા એ જ આવે.

રામચરણઃ સાહબ! ડાકટર કયા આજ આવેગા—યે દીવાલી ચલતી હય તો રાતકુ સોતા ભી નહિ હોગા. વો પકડા ઉઠનેવાલા હી નહિ.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ એઇ! કોણ છો ભાઇ!

એક જણઃ એ કલીમેનો સાહેબ! બાધરૂમને લઇ જવાએ કીએ.

[ચાર કલીમેનો બાધરૂમને એક ભાંગેલી ખુરશી પર ઉચકી લઈ જતા આવી રહે છે ને એને લઈ ચાલ્યા જાય છે. પાછળ ગુલામમહમદ છે, તે જરા ઊભો રહે છે.]

ડે૦ સ્ટે૦ માસ્તરઃ કોણ, ગુલામમહમદ? કેમ છે?

ગુલામમહમદઃ ઠીક છે સાહેબ! ખુદા રહેમ કરે ને જીવે. . .

ડે૦ સ્ટે૦ માસ્તરઃ કેમ, ગંભીર છે?

ગુલામમહમદઃ એ તો હવે કોણ જાણે; પણ માસ્તર સાહેબ! સોહી ઉકળી આવે છે.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ પણ વાત તો કર.

ગુલામમહમ્મદઃ સાહેબ વિચાર તો કરો, આજ દિન સુધી કંઈ આગવાળાઓ એંજિન પર ચઢ્યા ને ઊતર્યા, ને બાધરજી જ પડી ગયા? અને તે બી કબૂલ; પણ એંજિન પરથી પડે તો ગાલ પણ સૂઝી જાય? દરાવરલોક કેટલો ચઢાવીને ગાડીઓ જાય છે એ તો બબર છે ને?—

રામચરણઃ સાહબ મૈં નહિ કહેતા થા?—વો સાલા જેન્સ હે હી શયતાનકી ઑલાદકા.

ગુલામમહમદઃ અરે શું બૈયા! એ શયતાન બરો, બાકી શયતાનની ઓલાદનો તો નહિ.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ એટલે?

ગુલામમહમદઃ અરે સાહેબ! તમે તો મોટા માણસ કહેવાઓ, તે શું સમજો આ બટપટ? તમને નહિ બબર હોય—કે બાધરજી ને જેન્સ એક જ ઓલાદના;—એક સોનું ને બીજો મટ્ટી.

રામચરણઃ કહા કહત હો બૈયા!

ગુલામમહમદઃ કહા કહત કયા?—તુમ તો આયે પરદેસી—હમણું આવીને રહ્યા—અમે તો નાનપણથી ઓળખીએ. અગારે ડોસો વાત કરે તે જાણીએ. જેન્સને ઓછો નહિ સમજતા, સાહેબ! દૂરથી જુઓ તો એક લોહી. જેન્સનો બાપ નાનપણમાં વટલી ગએલો—આજથી પચાસેક વર્ષની વાત પર; અને બાધરજીના બાપ પાસે ટુકડો જમીન; ને એ બે પિતરાઈ થાય સાહેબ; એને વેરઝેર—

ડે૦ સ્ટે૦ માસ્તરઃ તું શું કહે છે ગુલામમહમદ?

ગુલામમહમદઃ ના માનતા હો તો પૂછો મારા નુરા ડોસાને. એ બધા એક જમાનાના, સાહેબ. એ ટુકડા જમીન માટે બાધર પર વેર; ઈમાન વટલ્યો ને બદલાયો, પણ બવીસ કંઈ બદલાય છે સાહેબ! ખુદાને ત્યાં ન્યાય એનો ઈન્સાફ થશે.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ તે એ વટલ્યા કેમ?

ગુલામમહમદઃ અરે બસ સાહેબ! લાંબી વાતમાં શો ફાયદો? વટલ્યા. હલકી જાત, ગરીબી, પૈસો મળે નહિ. હિંદુઓ કોઇ સંધરે નહિ, સામું ન જુએ; તે આ મિસનવાળાએ પાંખમાં લીધા. બાબરજીનો બાપ ઈમાનદાર—તે બચી ગયો; ને આ જોન્સનો બાપ ક્રિશ્ચિતાન થયો—પછી જરા ભણ્યો ગણ્યો એટલે સાહેબ!

ડે૦ સ્ટે૦ માસ્તરઃ ચાલ ભાઈ ચાલ; એ લોકો ત્યાં પહોંચી પણ ગયા હશે; અને ડાક્ટર પણ આવી પહોંચશે હવે.

ગુલામમહમદઃ સાહેબ ડાક્ટર આવી રહ્યો. જોન્સ સાહેબ ચૂકે એવો ના સમજતા. વાત સમજ્યો; એ સ્ટેશન આગળ જ પડી ગયો ને બેભાન થયો, ગાડીની બરેકમાં મૂકી લઈ આવ્યા, એમ રપોટ કીધો. બીજા આગવાળાની તે પર સહી. તેને ચાંપી મૂકેલો. એને પણ નોકરી કરવી છે, એટલે એની પણ આ જુબાની. જોન્સ આવીને કારખાનામાં ઊભો નથી રહ્યો. એ ડાક્ટર પાસે પહોંચ્યો હશે ને નોટ ચાલુ થઇ ગઈ હશે. કંઇ વાત છે? આ આખા કારખાનામાં એક જ ભગવાનનો માણસ હતો. બાબર તે બાબર! એ ભલો એટલે એના પર વધારે સિતમ.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ મેં હમણાં જ પોર્ટરને મોકલ્યો છે, મારા નામથી કહેવા. આ હમણાં જ જેવો તાર આવ્યો ને મેં મોકલ્યો.

ગુલામમહમદઃ તે હમણાં જ તાર આવ્યો સાહેબ? લો જુઓ, આ ચાતને તો કલાક થઇ ગયા. ગાડી અહીં આવી ગઇ અને તાર પછાડી આવે છે! સાહેબ! સ્ટેશન માસ્તરને પણ, ક્યાંક ફેંકી મૂકેલો. બૂબ પૈસા બાંધ્યા છે, તે સામટા ઓછી નાખવાનો—યા અલ્લા!

રામચરણઃ રામ રામ! સાલાં મિલે તો ઉસકી લહૂ પી જાઉં!

ગુલામમહમદઃ લૈયાળી! મારું લોહી ઓછું ગરમ નહિ સમજતા.

આ રેલવે, આ નોકરી, આ જુલમ, અને આવો ગેરઇન્સાફ! આખરૂ તો અહીં કોઇની છે જ નહિ. પેટગુજારો તો સાહેબ રોજની બાર કલાકની ગુલામી પછી રેલવે જાણે મહેરબાની દાખલ આપે છે! પૂછો જ નહિ સાહેબ. આ આપણાં હાડકાંનાં લાકડાં બળે છે એના ધુમાડાથી, અને લોહી બળે છે એની વરાળથી આ આગગાડી ચાલે છે. કુટુંબ ભેગા પાટા ઉપર સૂઈ જઇએ ને ઉપરથી ગાડી ચાલી જાય એટલે બસ. હવે છેવટનો તો એ એક રસ્તો છે. ઇન્સાફ, સચ્ચાઈ, ઇમાન, વફાદારી સબ જૂઠ! આ કાળાં લૂગડાં એથી યે કાળાં દિલ છે સાહેબ રેલવેમાં—

રામચરણઃ અરે કહીં તો દિલ ભી નહિ હય.

ગુલામમહમદઃ તો એ દિલ વગરના જ એ કાળાં દિલને ખરીદ કરી રાખે છે ને, ભાઈ!

ડે૦ સ્ટે૦ માસ્તરઃ (આંખમાં આવેલું એક આંસુ રૂમાલથી લૂછતાં) ચાલો ભાઈ ચાલો, સવાર પણ પડી ગઈ. ને ત્યાં પહોચતાં મોડું થશે—ડાકટર આવી જશે.

ગુલામમહમદઃ તમે તો સાહેબ, બુદ્ધના માણસ છો—આ થંડીમાં કલીમેનો માટે ડાકટર ઊઠીને આવશે? ગજવું ભરાયું હશે એના ભારથી એનાથી ઊઠાશે જ નહિ ને—લો ચાલો, બહુ મોટી થયા.

[એકદમ અંધારું: ડૂબિનની બાજુ પરની છાપરી ને સીડી અંદર ખેંચી લઈ જવી: પાછળનો કાળો પડદો હોય તેમ જ રહે. પછી બીજી બાજુથી હાથમાં બત્તીઓ લઇને ધીમે ધીમે ગુલામમહમદ, માસ્તર અને રામચરણ આવે, ને—]

ડે૦ સ્ટે૦ માસ્તરઃ જો જો, ભાઇ; અહીં સંભાલજો, તાર છે—આ રસ્તો કોઈ દિવસ સુધરવાનો ખરો કે?

ગુલામમહમદઃ હા, સાહેબ; સાહેબો અહીંથી જવાના હોય તો

પચ્ચાસ બત્તી ને તદ્દન નવો રસ્તો થઇ જાય—

ડે૦ સ્ટે૦ માસ્તરઃ એ બીચારા તો પરદેશથી આવે એટલે અહીંના રસ્તાની બબર નહિ ને? એટલે એમને બધું નવું જ જોઇએ!

રામચરણઃ યે તો સાલા રસ્તા હુય—

[બરાબર વચ્ચે આવતાં સામેથી બત્તીનો પ્રકાશ પડે છે, ને એકજણ આવે છે.]

ગુલામમહમદઃ અલ્યા કોણ છે?

કૉલબૅાયઃ એ . . . કૉલબૅાય કારખાનાનો.

ગુલામમહમદઃ કાં ગયો તો?—

કૉલબૅાયઃ રામચરણની કોટડીએ—આ તાર આપવા.

રામચરણઃ ક્યા ટંટા લાયા હુય ફિર હમેરે લિયે?—

ડે૦ સ્ટે૦ માસ્તરઃ જા જા, ભાઈ જા, મને બબર છે, લાવ તાર—ચલો ભૈયાજી, કંઈ નથી.

[તાર લે છે ને કૉલબૅાય જાય છે.]

રામચરણઃ કાહેકા મૅાતકા પયગામ હુય ઔર ભી?

ડે૦ સ્ટે૦ માસ્તરઃ અરે ભાઈ! કલાક પહેલાંની મને બબર છે. આ મૂરખાને ધીરજ નહિ રહી તે ત્યાં કહી આવ્યો હશે. ભૈયાની ગાય રન ઓવરનો તાર છે.

ગુલામમહમદઃ શું ગાય કપાઈ ગઈ?—કઇ ગાડીથી?

ડે૦ સ્ટે૦ માસ્તરઃ સ્પેસ્યલથી જ તો!

રામચરણઃ અરે! વો તો બાંધરાકી ગૌગા થી!

ગુલામમહમદઃ અરે આટલી એક પર તો રહમ કરવી હતી?—યા અલ્લા! એ ગાડીના બચાજમાં મુદ્દા સાંભળી પણ નહિ શકતો હોય?

રામચરણઃ અરે રામ! કયા હોગા રહા હુય યે સબ?

ડે૦ સ્ટે૦ માસ્તરઃ (નિસાસો મૂકી) ચાલો ભાઈ ચાલો, હજી કાંઈ વધારે નવાજૂની નહિ અને તો સારૂ.

[બધા જાય છે ને કાળો પડદો ઊપડી જાય છે. અથવા બહારનો પડદો નાખીને પાછો તરત ઉપાડી પણ શકાય. પરંતુ એને બદલે ત્રીજો પ્રવેશ એક આ આખા દૃશ્ય સાથે સળંગ જ રખાય—એટલેકે પાછળનો કાળો પડદો ઊપાડી, પાછળ ગોઠવેલું છેલ્લું દૃશ્ય રજુ કરી નાટકનો પ્રવાહ વહેતો રખાય તા એ નાટકની દૃષ્ટિએ સારૂં છે.]



ઉપહાર ... ઉપાલંભ

પાત્રો

કેપ્ટન મહેબૂબ ખાન સિંધવ, મુહમ્મદ મહંમદ, રામચરણ, કૅપ્ટન

ઑથ, કૂપર, કૅપ્ટનો ઉમરવ, બાઘર, કોક વગેરે

ઝાંખું પડી ગઈ છે તેના અજવાળામાં કૂવો, ઓટો, કોટડી વગેરે દેખાય છે.



[ચારપાંચ કલીનરો બારણાના બારણા પાસે ઉભા છે, ને ગુલામમહમદ વગેરે દાખલ થાય છે. સૌ આવીને પોત-પોતાની બત્તીઓ કલાપાસે મૂકે છે.]

ડે૦ સ્ટે૦ માસ્તરઃ કેમ ભાઈ! કેમ છે? ડાક્ટર નથી આવ્યો?

એક જણઃ એ તો નથી આવ્યો—પણ કમ્પાઉન્ડર હમણાં આવે છે.

ગુલામમહમદઃ પણ મોટા ડાક્ટરને કહ્યું'તું બહુ કે નહિ?

એક જણઃ કેમ કરીને કે'? જગાડી જ નહિ હઇકાને! બહાર એ કૂતરા, ને એક પઠાણ. જાગવાનો હતો તો કૂતરાના ભસવાટથી નીં જાગે હું?—એ તો ચલાવીને ઊંઘતો એલે.

ગુલામમહમદઃ સાહેબ, એ ડાક્ટર માંદાને માટે નથી, સાજાને માંદા પાડવા માટે છે. એ નોટ સરકારી કે સિક સરટિફિકેટ તૈયાર. બાકી મરતાંને બચાવવા માટે એ નથી.

[દુખી બારણા પાસે માથે હાથ દઈ રડતી બેઠી છે.]

ડે૦ સ્ટે૦ માસ્તરઃ બારણો અંદર નથી જાય એમ?

રામચરણઃ યે બાટ કોટરીમેં નહિ રહ સકતી સાહેબ.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ દુખીબાઈ! હિંમત રાખ, બેન! નારણીઓ નથી?

રામચરણઃ અરે સાબ ઓ ડીપોટીકો દુસરા કોઈ મિલા નહિ તો નારણીઆ કો વો બસાલ લેકે ભેજા.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ અરે ! એને પણ એ શું સૂઝયું ? આટલા છોકરાને તે એ કામ પર મૂકાય ? સાહેબોને ખુશ કરવા કીધું હશે—પણ સ્પેશ્યલ ગયાને તો ચાર કલાક થઈ ગયા ! હજી કેમ નહિ આવ્યો ?

ગુલામમહમદઃ આ કમ્પાઉન્ડર તો આવ્યો.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ હું હોત તો નારણીઆને જવા જ ન દેત; અરે રામ!

ગુલામમહમદઃ ખુદા હાફિઝ!

[કૉમ્પાઉન્ડર આવે છે.]

ડે૦ સ્ટે૦ માસ્તરઃ કેમ ડાકટર નથી આવવાના ?

કૉમ્પાઉન્ડરઃ ડાકટર સાહેબ છે ! મન હોવે તો આવે, ન તો ન પણ આવે.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ ઠીક ભાઇ ! તમે તો તપાસો.

[કૉમ્પાઉન્ડર તપાસવા જાય છે.]

ગુલામમહમદઃ કેમ વળી આ શું છે ?

[કૉલઍાય બત્તી સાથે આવતો જણાય છે.]

કૉલઍાય, પાછો કેમ આવ્યો ?

કૉલઍાયઃ એ આ રપોટ પર બાંધરજની સહી કે અંગૂઠો લેવાનો છે; મુકાદમે મોકલ્યો.

રામચરણઃ અરે હેવાનકા બચ્ચા ! તેરા રપોટ ચોર મુકાદમ જાએ જહન્નમ કે બડેમેં—યે કયા નફરત લગાઈ હય ?

[હડફેરાઇને મારવા દોડે છે.]

કૉલઍાયઃ અરે બૈયાજી !

રામચરણઃ અરે હરામકા બચ્ચા ! જાતા હય યા નહિ ? જાન લેતા હૈ—

[કૉલઍાય નાસી જાય છે; નાસતાં બત્તીનો દીવો હોલવાઈ જાય છે.]

રૂખીઃ ઓયરે હું ના કહેતી'તી એ કૉલગૅાયને—કે એ નહિ આવે? એને આજે નો લઈ જ્યો રે... નેડ્યુટી પર ઘસડી ગયા, ઓ ભૈયાજી! ઓ ભાઈ!

રામચરણઃ શાંત હો ભાઈ! રામજીકા નામ લો.

રૂખીઃ રામનું જ નામ લેવાનું હવે બાકી છે, ભાઈ. એ મૂઆ જેન્સનું સત્યાનાશ જજો; એણે જ બાધરજીના આ હાલ કર્યા.

ડે૦ સ્ટે૦ માસ્તરઃ તમે શાંત થાઓ બેન. હમણાં દવાથી સારૂં થઈ જશે.

રૂખીઃ અરે માહતર સા'બ! તમે એક આટલી ઓથ છોઃ મારૂં જીવતર આજે બાળી મેલ્યું આ આગગાડીએ. ઓ ભગવાન! મારો નારણીઓ પણ હજી નથી આયો—

[કૉમ્પાઉન્ડર બાધરને તપાસવામાં પડે છે. દરમ્યાન ગુલામમહમદ અને ડેપ્યુટી સ્ટેશન માસ્તર બાજુ પર જઈ વાતો કરે છે.]

ડે૦ સ્ટે૦ માસ્તરઃ ગુલામમહમદ! મને શંકા છે. આ કોપ અસલ્ય છે.

ગુલામમહમદઃ સાહેબ! આનો કંઈ ઉપાય જ નથી, એમ? આ આગવાળાઓ ઉપર શો સિતમ?

ડે૦ સ્ટે૦ માસ્તરઃ ના, ભાઈ ના. આ બાર બાર કલાકની નોકરી જ્યાં સુધી ઓછા કલાકની નહિ થાય અને વધારે માણસો આટલા બધા કામ માટે રાખવામાં નહિ આવે ત્યાં સુધી આપણો દા'ડો નહિ વળે.

ગુલામમહમદઃ એ તો બરૂં સાહેબ, પણ માથે આ ચમલદારો આપણા લોહીના નહિ હોય ત્યાં સુધી આ જુલમ ઓછો નહિ થાય. એમને તો, સાહેબ, પૈસા કમાવા છે, બસ, આપણું લોહી ચૂસીને. મારે માથે તમે ઉપરી હો, તો સાહેબ આવો સિતમ નહિ જ કરો ને?

ડે૦ સ્ટે૦ માસ્તરઃ હા, ભાઇ હા, પણ હિંદીઓ ને ઉપલી નોકરીમાં લે છે જ કોણ? અને જે બેચાર જણને લેવામાં આવે છે તે પૂરેપૂરા ગામના ઉતાર.

[કૉમ્પાઉન્ડર આગળ આવી માસ્તર સાથે વાત કરે છે. ગુલામમહમદ બાધર તરફ જાય છે.]

બાધરઃ (ધીમેથી) રૂખી!

ગુલામમહમદઃ એ રૂખીબાઈ અહીં જ છે, ભાઇ, તમારી પાસે.

[રૂખી એનું માથું ખોળામાં લઇને બેસે છે.]

બાધરઃ ના.. ૨.. ણી.. એ.

રામચરણઃ અભી આતા હૂય. ભાઈ, અભી આતા હોગા.

ગુલામમહમદઃ (એક બાજુ જઇને) અરે, આ શું લાવે છે વળી? (બધા તે તરફ જુએ છે.)

ડે૦ સ્ટે૦ માસ્તરઃ લૈયા! આમ આવ, (ધીમેથી) લે આ રૂપીઆ. બાધર પાસે પુણ્ય કરાવી લે. બાધર હવે ઘડી બે ઘડી—

[બોલતાં આંખમાંનું એક આંસુ લૂછે છે.]

(કૉમ્પાઉન્ડરને) કંઈ જ નહિ થાય, હવે?

કૉમ્પાઉન્ડરઃ તરત ટ્રીટમેન્ટ થઈ હોત તો કદાચ બચત. પણ હવે તો...નહિ જ.

[થોડીવાર રહી ચાર જણ—બે વાવટીવાળા અને બે સડક સાફ કરનારા મન્જૂરો ઝોળી ઊચકીને આવે છે ને ત્યાં નજીકમાં ઉતારે છે.]

એક વાવટીવાળોઃ રાતના સરપ કરડ્યો લાગે છે. પાટા પાહે મુડદું પડેલું. એ તો હું એને ઓળખું, એટલે અહીંઆ લઈ આઈવા.

રૂખીઃ (મોટેથી) ઓ મારા નારણીઆ રે!—ના કહ્યું કે નારણીઆને ના લઇ જાઓ—બાધરજીને ના લઇ જાઓ—જબરજસ્તીથી ઘહડી ગયા બંનેને. ઓ ભગવાન રે—(તૂટી પડે છે).

ડે૦ સ્ટે૦ માસ્તરઃ (કૉમ્પાઉન્ડરને) જુઓને, નારણને કેમ છે?

[કૉમ્પાઉન્ડર એને તપાસે છે.]

ગુલામમહમદઃ માસ્તર સાહેબ! મરજી ઉપરાંત આ પ્રમાણે નોકરી

દશ દિવસ સુધી રહેવામાં આવશે! આ સોના નાણાંઓને તો જુલમ કરીને જ મેળવી લીધા હતા. આનો બદલો કોણ?

કૈ૦ સેવ૦ માનવઃ બદલો આપવો જરૂર, પણ. એમ તો બાવકાઓને પણ મેળવી જ લીધા હતા ને? અને આ એનું જોર કેમ ચાલ્યું એ જોવું જ રહેશે! જો પ્રભુ!

કૈ૦ સેવ૦ માનવઃ બોલવું નકામું છે. કેમ જોવું જોઈએ. (નમે છે)

[માનવ, કૈલાસમહેલને જે જોવો ચૂરચૂર થઈ ગયા છે. કિલ્લાની બહાર જોર થઈ છે અને સોલંકીએ માનવને કેદ કર્યો છે, અને ચમકીને—]

કૈ૦ સેવ૦ માનવઃ એ શું લાવો છો દરજી? એ તો ઘોબ જે નથી જણાતો; અહીં સિવાય બીજે ક્યાંક કે કામ કરવાનું જ નથી ગમતું?

રામચરણઃ જે તો જેને બોલાવ્યા જ ગોળા. કૈલાસીયાઓને કહો કેમ જોવો રાખ!

ચૂરચૂરમહેમદઃ એલા ખુદા! આટલી બધી લાંબી દાઢી તે બધું જ કાપી નાખી?

[નિરાશો નાખી બેસી જાય છે.]

[પડદો]

34052